॥ संस्कारेणपूर्णं भूषते ॥

॥ ॐ नमः सिध्धेभ्यः ॥

श्री संस्कार विधान।

(જૈન લગ્ન વિધી સહિત.)

જૈન બાળકોને, ગર્ભાધાન યજ્ઞોપવિત
લગ્ન આદિ સંસ્કારો કેવી રીતે આપવા
તે બતાવનાર ગ્રંથ

સંપાદક—

श्री कार्णाला मीज मंडली।

પ્રકાશક—

મોહનલાલ મથુરાદાસ જૈન.

કાવીઠા (ખંભાત)

પ્રથમ પ્રયાસ પ્રત ૫૦૦. નિર્વાણ સંવત ૨૪૪૪.

મુલ્ય ૦-૮-૦.

વર્તમાન સમયમાં જૈન ગુરૂ (ભટ્ટારક)ને સુધારવા જોઈએ.

અને તેઓ જે ૨૦૫ શ્રાવકો પાસે લે છે. તેના અર્થમાં પ્રચાર કરવા: પંચોએ ધ્યાન આપવું.

[illegible]

પ્રકાશક—
મોહનલાલ મથુરદાસ જૈન.
કાણીસા (ખંભાત)

છાપનાર—
મૂળચંદ કિસનદાસ કાપડિયા
-જૈન વિજય' પ્રી. પ્રેસ-ખપાટિયા ચકલા સુરત.

॥ ॐ ॥

॥ श्री परमात्मने नमः ॥

श्री जैन संस्कार विधान।

(પ્રથમ ખંડ)

(યજ્ઞોપવિત તથા લગ્ન વિધિ સહિત)

પ્રયોજક—

श्रीमत् गुरुवर्य आचार्य श्री रत्नकीर्ति स्वामी
तरूत मलखेड.

પ્રકાશક—
શ્રી કાણીસા મિત્ર મંડળ તરફથી—
મોહનલાલ મથુરદાસ જૈન.
કાણીસા (ખંભાત)

ગીતી.

જૈન બંધુ હીતકારી, પુસ્તક જૈન શાસ્ત્ર અનુસારી,
સંસ્કારો વર્ણવ્યા જે, ગર્ભજ યજ્ઞોપવિત ભાગી;
વિવાહ વિધી લખી છે, વર્ણન શુદ્ધ સંસ્કારનું સારૂં,
ક્રિયા કરો એ રીતે, સાફલ્ય થાય કૃતાર્થ તો મારૂં.

પ્રથમાવૃત્તી.

વીર સંવત ૨૪૪૪. સને ૧૯૧૮.

મુલ્ય ફક્ત ૦-૮-૦.

ગુજરાતી જૈન સાહિત્ય.

"જૈન બંધુઓને ખુશ ખબર"

સર્વે જૈન બંધુઓને જણાવવાનું કે-હમારા તરફથી નીચેનાં પુસ્તકો થોડાજ વખતમાં બહાર પડનાર છે. જે વદન લાગતની કીમતે જૈન સાહિત્ય બહાર પાડવાના ઉદ્દેશથીજ આપવામાં આવશે. તે કારણે જે બંધુ અગાઉથી ગ્રાહક થશે તેમને તે દરેક ગ્રંથો પોણી કીંમતે આપવામાં આવશે. વળી જે માણસ વાર્ષિક રૂ. ૦-૮-૦ આપી આ સંસ્થાના મેમ્બર થશે તેમને આ સંસ્થા તરફથી બહાર પડનાર દરેક ગ્રંથો અડધી કીમતે આપવામાં આવશે. તેમજ તેમને એક રંગીન નીયમ ફોર્મ-કે જેમાં શ્રાવકને લેવાના નિયમ સ્પષ્ટ લખેલા છે તે ભેટ આપવામાં આવશે માટે આવા અમુલ્ય સમયનો લાભ લેવા દરેક જૈન બંધુને વિનંતી છે.

આ સંસ્થા તરફથી ક્રમવાર પ્રગટ થનારે પુસ્તકો.

૧. શ્રી જૈન સંસ્કાર વિધાન (પ્રથમ ખંડ) જૈન લગ્ન વિધી સહિત મુલ્ય રૂા. ૦ાા.
૨. શ્રી જૈન સંધ્યા પ્રકાશ (ત્રીકાળ સંધ્યા)
૩. શ્રી જીનેંદ્ર મહા પૂજન વિધાન (પુજાનાં સકલીકરણાદિ અંગો સહિત)
૪. મોહન કાવ્યમાળા (પ્રકાશકનાં બનાવેલાં ઉત્તમોત્તમ કાવ્ય)
૫. શ્રી જૈન સંસ્કાર વિધાન (દ્વિતીય ખંડ, વૃદ્ધાવસ્થા, ધર્મ, સુતકનિર્ણય વીગેરે)
૬. શ્રી દશ લાક્ષણીક વ્રત ઉદ્યાપન પૂજન (અર્થ સહિત)

ઉપરનાં પુસ્તકો હાલમાં પ્રગટ થશે, બાકીનાં પુસ્તકનાં નામ હવે પછી જણાવવામાં આવશે. માટે જે બંધુને ગ્રાહક થવા ઇચ્છા હોય તેમણે નીચેને ઠેકાણે લખવું.

મોહનલાલ મથુરદાસ જૈન મંત્રી.
શ્રી કાણીસા મીત્ર મંડળી. કાણીસા (ખંભાત)

श्री महा सरस्वती प्रसन्नोस्तु: ।

श्री केवल ज्ञान लक्ष्मी देव्यै नम: ॥

अर्पण पत्रिका ।

દોહરો

જેમાં જેનું ચિત્ત છે. તે શોભે તસ પાસ.
એ નિતી અવધારીને મુકું શુભેચ્છક પાસ.
પ્રેમ થકી સ્વીકારશો છે આશા મનમાંય.
મોહનલાલ નમે વળી ગ્રંથ મુકીને ત્યાંય,

સુજ્ઞ વિદ્યાવીલાસી તીર્થ સ્વરૂપ પીતાજી.

શાહ મથુરદાસ કીલાભાઇ જૈન

નિવાસ સ્થાન કાણીસા.

વિ૦ વિ૦ જે—આપશ્રીએ શ્રાવક કુળમાં જન્મ લઇ જૈનધર્મના અનેક ગ્રંથોનું અવલોકન કરી જૈન કોમને સુધારાપર લાવવા અનેક ભગીરથ પ્રયત્નો કરેલા છે. પરંતુ આધુનીક સમયમાં પ્રાશ્ચાત્ય વિદ્યાથી ધર્મભ્રષ્ટ થયેલા ઘણાક યુવાનો તેનો લાભ લઇ શક્યા નથી. જેથી આપનાજ પ્રયાસને સફળ કરવા માટે આપે મને હુરર્થી અનેક ગ્રંથોનું અવલોકન કરવા દીધું. જેની પ્રસાદીરૂપે જૈન ધર્મનાં પવિત્ર આગમમાં વર્ણવેલા સંસ્કારોની વીધીનો ગ્રંથ કે જે દરેક જૈનીને અનુસરવા યોગ્ય છે તે તૈયાર કરી આપશ્રીના જૈન સજીવનતા વૃદ્ધિ કરવામાં ઉત્સુકતા અને સ્વધર્મ પ્રત્યે અપૂર્વ પ્રીતી વીગેરે સદ્ગુણોથી આકર્ષાઇ આ લઘુ ગ્રંથ આપ શુભેચ્છકનેજ નમ્રતાપૂર્વક અર્પણ કરૂં છું તો આપ મારા પ્રત્યેના પ્રેમને યાદ કરી સહર્ષ સ્વીકારશોજી.

કાણીસા. } લી. હું છું. આપનો ચરણાનુરજ પુત્ર
મોહન.

મેવાડા (ભટેવરા) નાં ગોત્ર દેવી સહિત.

નંબર	ગોત્ર	દેવી	નંબર	ગોત્ર	દેવી
૧	શ્રીવત્સ	શીતિકા દેવી	૧૭	પારાશર	કાળીકા દેવી
૨	જમદગ્નિ	જાજણી દેવી	૧૮	કૃપાચાર્ય	અંબીકા દેવી
૩	કૌશીક	માતૃકા દેવી	૧૯	બલીગર્ગ	ગૌરી દેવી
૪	વશીષ્ટ	વાસુ દેવી	૨૦	વિજ્યમાન	સારીણી દેવી
૫	ગૌતમ	વિજાસણી દેવી	૨૧	પરકીર્ત્તિ	અમીવા દેવી
૬	હોણુપ	જયા દેવી	૨૨	વિભવ	ગંધારી દેવી
૭	ગર્ગ	મૌરીણી દેવી	૨૩	સોમપા	માવરી દેવી
૮	સોસથા	લખીયા દેવી	૨૪	માંડલ	સુરાશ્રી દેવી
૯	ભૃગુ	મવમીસા દેવી	૨૫	આત્રેય (અત્રી)	પદ્માવતી દેવી
૧૦	ભારગવ	ચક્રેશ્વરી (હટકેશ્વરી)	૨૬	નારાયણ	જાર (જાર) દેવી
૧૧	બીડલ	માસેરી દેવી	૨૭	ગાસવરય	નારાયણી દેવી
૧૨	લવ	વાગેશ્વરી દેવી	૨૮	ઐદત્મોગ	નાયણી દેવી
૧૩	સુવત્સ	માધવી (માથવી) દેવી	૨૯	નાંનાજન	નારીંદ્રા દેવી
૧૪	કાસ્યપ	મહામનસી દેવી	૩૦	મત્સ્યેન્દ્ર	સોમા દેવી
૧૫	કુલરતત્ર	જશ જંગા દેવી	૩૧	હરિસ	માર્ય દેવી
૧૬	જામાતૃ	મોરીણી દેવી	૩૨	કૃકપાણ	લક્ષ્મી દેવી

ઉપર પ્રમાણે ગોત્ર પ્રાચીન શાસ્ત્ર ઉપરથી માલમ પડે છે. તે રૂવાં ભાષા ફેરને લીધે કંઇ ભુલ માલમ પડે તો મને લખી જણાવવા વિનંતી છે. પોતપોતાનું ગોત્ર ઓળખવાના બે રસ્તા છે. એક તો દેવી ઉપરથી અને બીજા વડીલ વર્ગ મારફત. તો તે પ્રમાણે શોધી લેવું. જેનું ગોત્ર માલુમ ન હોય અને ધર્મક્રિયા સંસ્કારાદિ કરાવવાનું હોય તો ગૌતમ ગોત્ર ગણી લેવા ગૃહસ્થાચાર્યને છુટ છે.

પ્રકાશક.

નૃસિંહપુરાનાં ગોત્ર દેવી સહિત.

નંબર	ગોત્ર	દેવી	નંબર	ગોત્ર	દેવી
૧	ખડતર	વારશા (નારણુ)	૧૨	સાપડીયા	પદમાવતી
૨	ફુલ પગાર	પાવઇ (માહેશ્વરી)	૧૩	તેલીયા	કાંતેશ્વરી
૩	બીલણુ હોડા	અંબાઇ (અંબીકા)	૧૪	વસોગા	અંબા (સુખાણી
૪	રયણ પારખ	રયણી (કુંભેશ્વરી)	૧૫	ખેલન	કંટેશ્વરી
૫	અભથીયા	રોહીણી	૧૬	ખાંભી	વરવાસની (અંબાઇ)
૬	ભદ્રપશાર (ભુપસરા)	ભવાની (અંબેશ્વરી)	૧૭	હરસોલ	ચક્રેશ્વરી (યક્ષણી)
૭	ચીમડીયા	દર (ઘંટાવતી)	૧૮	નાગર(નાગોરી)	નાગેશ્વરી
૮	પ્રબલમથા (પ્રગલમથા)	પાવઇ (નારણુ સુ. મંગલા)	૧૯	જશોહર	જોજણી (શીવાણી)
૯	પદમદ (પદમથા)	પ્રલવી (સુજાણી)	૨૦	જડપડા	પસાઇ (પાંપણી)
૧૦	સુમનોહર (મનોહર)	સોહીણી (માનેશ્વરી)	૨૧	ગેરોડ	પીપલી (સીહુંશ્વરી)
૧૧	કલશધર	મોરીણુ	૨૨	કંદાટીયા (કછોટીયા)	કંકાલી (વીરણુ)

નંબર	ગોત્ર	દેવી	નંબર	ગોત્ર	દેવી
૨૩	કંકુલોર	ચક્રેશ્વરી	૨૫	પંચલોલ	મોરીણુ (નાગેશ્વરી).
૨૪	ઓરઠ	બાહુરૂપણી	૨૬	મોકલવાડ (મોકલવાડા)	મોરીણુ. (પાશણી)
			૨૭	સુરા (સુરાણા,	સંખેશ્વરી (સીકાણી)

રા. રા. શ્રીયુત શેઠ હરજીવન રાયચંદ શાહ (આમોદ) કૃત જૈન ધર્મની માહિતી ઉપરથી ઉધૃત   પ્રકાશક.



श्री महावीर स्वामिने नमः

પ્રકાશકની પ્રસ્તાવના.

વહાલા જૈન બંધુઓ ! આવા ધર્મરસિક પુસ્તકને પ્રસ્તાવનાની કંઇ જરૂર નથી. પણ હું બે શબ્દો લખીશ તો તે અસ્થાને ગણાશે નહિ.

ચાલુ સમયમાં સર્વોત્કૃષ્ટ જૈનોને ગર્ભાધાનાદિ સંસ્કારો અપાતા બંધ થયા છે. જે દેખી દીલગીર થવા જેવું છે. કારણ કે–સંસ્કારો આપ્યા સિવાય આપણાં બાળકો સુધરી શકતાં નથી. તેમજ ધર્માદિક કાર્યોમાં તેમનું ચિત્ત ચોટતું નથી. કારણ કે–સંસ્કારિક પુત્રના ઉપર અમુક તરેહના ફરજ મુકેલી હોય છે. જેમકે–ઉપવીત ધારણ કરેલાએ સામાયક સ્વાધ્યાય હમેશ કરવું, શ્રાવકનાં વ્રત પાળવામાં દ્રઢ થવું વિગેરે. એ ધાર્મીક ફરજને લીધે બાળકો બંધનમાં રહી શકે છે. અનર્થો કરતાં ડરે છે. ધર્મમાં ચીત્ત પરોવે છે. અને છેવટે તે ધર્મના પ્રભાવથી મોક્ષ સુખનો સ્વાદ પણ લઇ શકે છે. અને તેટલાજ માટે કહ્યું છે કે—

वैदिकैः कर्मभिः पुण्यै र्निषेकादिर्द्विजन्मनाम् ।

कार्यः शरीरसंस्कारः पावनः प्रेत्य चेह च ॥

ભાવાર્થ—દ્વિજ વર્ણને એટલે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય (જૈન)ને શાસ્ત્રોમા કહેલી પવિત્ર વિધી વડે ગર્ભાધાનાદિ શરીર સંસ્કારો આપવા. કારણ કે–તે આ લોક તેમજ પરલોકમાં પવિત્ર કરનારા છે. અને તે સંસ્કારો આપવાથીજ શાસ્ત્રાધ્યન–પૂજન વિગેરેનો અધિકાર પ્રાપ્ત થાય છે. અને પરલોકમાં સુખ મળે છે. આ જગ્યાએ પ્રશ્ન ઉઠશે

કે–સંસ્કારો આપવાનું પ્રયોજન શું ? તેનું સમાધાન એ છે કે–પ્રત્યેક માણસના શરીરની ઉત્પત્તિ પીતાનું વીર્ય અને માતાના રજથી છે. તો આવાં અપવિત્ર રજ તથા વીર્યથી બનેલું શરીર મુળથીજ સ્વભાવિક રીતે અપવિત્ર છે. તો જ્યારે તેને ગર્ભાધાનથી માંડીને દરેક સંસ્કાર અપાય ત્યારેજ તે શુદ્ધ બને છે. અને ત્યારેજ તેનાથી ધાર્મીક કાર્યો કરી શકાય છે. વળી જેમ–એક વસ્તુ મલિન પદાર્થોથી ખરડાયેલાં છે જેથી તે કંઇ ઉપયોગમાં આવતી નથી. પણ જ્યારે તેને જળ તથા માટીથી ધુવે છે, અને સાફ કરે છે ત્યારે તે દરેક કામમાં આવી શકે છે. તેવીજ રીતે સંસ્કારનું પણ જાણવું. ફેર માત્ર એટલોજ કે–જળ તથા માટીની ક્રીયા આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. અને સંસ્કારો મંત્રો દ્વારા અપાતા હોવાથી તે આપણે જોઇ શકતા નથી. વળી ઘી જેમ દેખીતું શુદ્ધ છે. જેથી આપણે ભોજનાદિ કાર્યોમાં વાપરીયે છીએ. પણ મંત્રથી શુદ્ધ કર્યા સિવાય હોમમાં વાપરી શકાતું નથી. તેવીજ રીતે શરીર બાહ્ય રીતે ગમે તેવું સુંદર અને સાફ છે. પણ તે ઉપરોક્ત ક્રિયાની માફક સંસ્કારો પામે છે ત્યારેજ પવિત્ર બને છે. અને ત્યારેજ પૂજનાદિ કાર્યો કરવાને લાયક બને છે.

હવે બાળક જ્યારે ગર્ભમાં આવે છે. તે વખતે તે એક પીંડની અંદર રહે છે અને તે પીંડ માતાનું રૂધીર અને પીતાના વીર્યથી બને છે. એટલે તે પીંડનો સંબંધ થવો તેજ ગર્ભ ધારણ કહેવાય છે. એટલે પહેલો સંસ્કાર ગર્ભાધાન તે વખતેજ અપાય છે. તે સંસ્કારની ક્રીયાના પૂજનાદિક કાર્યથી માતપીતા દ્વારા બાળકની ઉપર શુદ્ધ અસર પડે છે. જેમ કે જો માતા તે વખતે મીથ્યાત્વી લોભી કુશીલ ઉદાસ વીગેરે ગુણોવાળી હોય તો બાળક ઉપર પણ તેવીજ અસર પડે છે.

પણ જો માતપીતા શુદ્ધ અને સમ્યક્ત્વી હોય તો તેમનાં સંતાનો પણ તેમનાજ જેવાં થાય છે. તેવીજ રીતે આ સંસ્કારના યોગે કરી બાળક શુદ્ધ થાય છે. અને તેને પછીના પ્રીતી સુપ્રીતી આદિ સંસ્કારોથી પુષ્ટી મળે છે

વળી જ્યારે બાળકનો જન્મ થાય ત્યારે તેને જાત કર્મ કરી શુદ્ધ બનાવવો એટલે તે સંસ્કારના યોગે કરીને તેના મનના ઉત્તમોત્તમ ગુણોને પુષ્ટી મળે ત્યાર પછીના બીજા સંસ્કારોથી પણ તેનામાં ધાર્મીક ગુણો પ્રકાશવા માંડે છે. વળી તેને ચૌલકર્મ વિદ્યાભ્યાસ વીગેરે સંસ્કારો આપીયે છીએ. ત્યારે તે સંસ્કારની ક્રીયા જોઇને પણ તેનામાં ધર્મ તરફ પ્રીતી અને પુજ્યભાવ ઉત્પન્ન થાય છે. અને તે ભાવ " છોટી વયે પડેલી છાપ મોટી વયે પણ નવ જાય " એ કહેવત અનુસાર કદાપી ભુલાતો નથી. અને જેમ જેમ તે બાળક મોટું થાય છે. તેમ તેમ તેનું વલણ ધર્મ તરફ વધતુંજ જાય છે. અને યજ્ઞોપવિતના સંસ્કાર પછી તે પરમ પવિત્ર બને છે અને પૂર્વ પુરૂષોની માફક બ્રહ્મચર્ય ધારણ કરે છે. અને બ્રહ્મચારીની ક્રીયામાં દૃઢ થાય છે. અને તેના યોગે કરી તે અથાગ બળ અને કાન્તી પ્રાપ્ત કરે છે. અને તે બળ દ્વારા જો ગૃહસ્થ થાય તો પોતાનો ગૃહસ્થાશ્રમ સુખ પુર્વક પસાર કરે છે તેમજ બળવાન પ્રજા ઉત્પન્ન કરે છે. ને કદાપિ જો સંસારથી વીરક્ત થાય તો તે બ્રહ્મચર્યના પ્રતાપે કરી ઐલક ક્ષુલ્લક થઇ છેવટે દિગંબર મુનીની પદ્વી પણ ધારણ કરે છે. અને અનેક ભવ્યોને ધર્મામૃતનો સ્વાદ ચખાડી છેવટે પરમનિર્વાણ પદને પ્રાપ્ત થાય છે. માટે સંસ્કારો અવશ્ય આપવા, તેમાં પણ યજ્ઞોપવિત (જનોઇ) તો દરેક શ્રાવકને પહેરવુંજ જોઇએ કહ્યું છે કે विशिखो व्युपवितश्च यत्करोति न तत्कृतम् ॥ ભાવાર્થઃચોટલી તથા

જનોઇ સિવાયનો જે પુરૂષ જે કંઇ ધર્મકાર્ય કરે છે તો તે નિષ્ફળ જાય છે. એટલે તે કર્યું ના કર્યું બરાબર છે ને તેને કંઇ ફળ મળતું નથી. માટે યજ્ઞોપવિત પહેરવુંજ જોઇએ. હવે કોઇ કહેશે કે અમોથી મોટી ઉમરે જનોઇ કેવી રીતે પહેરી શકાય ? તો તેમને જણાવું છું કે તેઓએ કોઇ વિદ્વાન પાસે પ્રાયશ્ચીત પાઠ કરાવી આ પુસ્તક પ્રમાણે જનોઇ ધારણ કરવી અને શ્રાવકનાં વ્રત પાળ-વામાં દ્રઢ થવું.

પ્રાચીન સમયમાં આપણને યજ્ઞોપવિતાદિ સંસ્કારો મળતા ત્યારે આપણે જગતમાં સર્વોપરી ગણાતા, ત્યારે અત્યારની અસંસ્કારિત સ્થીતિ જોતાં માલમ પડે છે કે આપણે વહુન શુદ્ર જેવા થઇ ગયા છીએ. દાખલા તરીકે ગામડાઓમાં ભવૈયાઓ નામની જાચક વર્ણ તમાશા કરે છે. તે વર્ણ તેમના બધા તમાશા વાણીયાના વેશથીજ ભજવે છે, જે આપણી અત્યારની અસંસ્કારિત સ્થીતીનો ચિતાર આપે છે. જે દેખી કયા વણીક પુત્રનું મન દુઃખાશે નહિ? વળી જે ભાટ લોકો કે આપણા ભટ્ટારકની ગાદીના નિમીત્તથી આપણી પાછળ વળગેલા છે. તે પણ આપણાજ સંતાનોને આપણી ચાલુ સ્થીતીનીજ વાતો કહી એટલે કે—આપણાજ નીંદા રૂપી હાસ્યાસ્પદ વાતો કહી આપણાંજ સંતાનોને ખુશી કરે છે જે વહુન મૂર્ખતા ભરેલુ છે માટે તે બંધ થવાની જરૂર છે. અને તેને માટેજ આપણાં સંતાનોને સંસ્કારો આપી બ્રહ્મચર્ય પળાવી ધર્માભ્યાસ કરાવી સુધારવાની જરૂર છે. વળી આપણી લગ્ન ક્રીયા જોતાં પણ ઘણું શરમાવા જેવું છે. કારણ કે આજના લગ્નમાં નથી જોતા વર કન્યાની ઉમર, નથી જોતા તેમનો સ્વભાવ, નથી જોતા તેમનું રૂપ કે નથી જોતા તેમના ગુણ, નથી લેતા તેમની સલાહ કે આ સંબંધમાં બંનેની સંમતી છે કે નહિ

પણ પૈસાવાળાને જોઇનેજ કેટલાક સ્વાર્થી બંધુઓ પોતાની કન્યાને કજોડા રૂપી કુવામાં નાખી આંધળે માંકડું વળગાડી આપવા જેવું કરે છે. દાખલા તરીકે જો વરની ઉંમર ૧૨ વર્ષની હોય તો કન્યા ૧૬ વર્ષની પરણાવે છે. તેમ કન્યા ૧૫ વર્ષની હોય તો વર ૫૦ વર્ષનો શોધે છે જેથી જ્ઞાતિમાં અનેક વિધવાઓ ઉત્પન્ન થઈ જ્ઞાતીની વૃદ્ધિને અટકાવે છે તેમજ કેટલાક દુષ્ટ માબાપો પોતાની કન્યાને ગાયની માફક વિક્રય કરવા લાગ્યા છે. અને જેને ઘેર પાણી પણ પીવા મનાઇ છે. તેની પાસેથી રૂપીઆ હોઇયાં કરવા લાગ્યા છે જે દેખી કયો જૈન જુવાન દિલગીર થશે નહિ! માટે એવા કઢંગા રિવાજો સત્વર નાબુદ કરી સુધારો દાખલ કરવાની જરૂર છે.

હવે આપણા સંતાનોના પાણી ગ્રહણ તરફ વળીએ કે જેમાં ગોર લોકો જે ક્રિયા કરાવે છે તે તદ્દન શુદ્રને કરવાની હોય છે. ઓવરે આશીર્વાદ શુદ્ધાં શુદ્રને આપવાનો આપે છે તવો ચાલ દાખલ થવાનું કારણ ફક્ત એજ માલમ પડે છે કે શુદ્રની માફક આપણે સંસ્કાર વિનાના થઇ ગયા છીએ એટલે આપણે આપણી મેળેજ પગમાં કુહાડી મારી છે. એટલે તદ્દન તેમનો વાંક કાઢી શકાય નહિ પણ આપણે આપણાં સંતાનોને સંસ્કાર આપી પવિત્ર કરવાં જોઇએ અને પછીજ ગોરને કહેવાનું છે વળી આપણા જ્ઞાતિમાં ગોર ગણ્યાં ગાંઠ્યા હોવાથી ઘણી વખતે તેમને એક મૂહુર્તે પાંચ સાત લગ્ન કરાવવાનાં હોય છે જેથી તે અનેક પ્રકારની ઉતાવળ કરી મંત્ર વિના નાતરાની માફક લગ્ન ક્રિયા કરાવે છે એટલે એક તો શુદ્રની ક્રીયા અને વળી ઉતાવળથી મંત્ર વગરની ક્રિયા એમ બે પ્રકારથી આપણાં સંતાનોને અલાભ વેઠવો પડે છે. તેમાં વળી કેટલાક વર

કન્યાના માતપિતા પણ ઘણી વખત ઉતાવળીયા હોય છે. એટલે પછી બીજા મૂહૂર્ત્તે લગ્ન એમ ત્રણ તરફ આપણે આપણાં સંતાનોને અલાભ આપીએ છીએ. એટલે દીવો લઇ કુવામાં પડવા જેવું કરીએ છીએ. પણ તેમ નહિ. આપણાં સંતાનોનાં લગ્ન સમૂહુર્ત્તમાં કરાવો. અને ગોરને પણ શુદ્ધ વિધી કરાવવાની ના પાડો. અને આપણાં શાસ્ત્રોમાં કહેલી જૈન ધર્મીઓને હીતકારી એવી વિધી વડે લગ્ન ક્રિયા કરાવવાની ફરજ પાડો. તોજ આપણાં સંતાનોનો ગૃહસ્થાશ્રમ સુખી નીવડશે. અને પતી પત્ની એક મેકથી જોડાએલાં રહેશે. બંને પોતાના ધર્મ સમજશે તોજ આપણી ઉન્નતી થશે, તેમજ આપણામાંથી વિધવાઓની કમી થશે. અને ધર્મનો ઉદ્યોત થશે. કજોડાંવાળી કન્યાઓના શ્રાપથી પણ તેમનાં માતાપીતા ઉગરશે. માટે શાસ્ત્રોક્ત વિધી વડે લગ્ન કરાવવાની દરેક જૈનને સુચના કરવામાં આવે છે. અને તે દરેક જૈનબંધુ અમલમાં લેશે એમ સંપૂર્ણ આશા છે. આ ઉદ્દેશોને લઇનેજ આ પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે. તો તેનો લાભ દરેક જૈનબંધુ લેશે. તોજ હું કૃતાર્થ સમજીશ. આ પુસ્તકમાં ગર્ભાધાનથી ગૃહસ્થ ધર્મ પ્રવેશ સુધીના સંસ્કારો આપવામાં આવ્યા છે. અને તે સાધારણ ગૃહસ્થ અને અન્યમતી બ્રાહ્મણ પણ કરાવી શકે એવા ક્રમથી દાખલ કર્યા છે. ઘણા જણને જનોઇ લીધી તથા લગ્ન વિધી વગર મુસ્કેલી પડતી તે અડચણ આ ગ્રંથથી પૂર્ણ થશે એમ સંપૂર્ણ આશા છે.

આ પુસ્તક દિગંબર જૈન શાસ્ત્ર, સાર્વજનિક શાસ્ત્ર ત્રિવર્ણાચાર, જૈન સંસ્કાર પદ્ધતિ, ગૃહસ્થ ધર્મ, વીગેરે પુસ્તકના આજદીન સુધીના સ્વાધ્યાયનીજ પ્રસાદી છે. માટે તે તે ગ્રંથોના પ્રકાશકનો હું અત્યંત આભાર માનું છું.

પુસ્તક બહાર પાડવાનો તથા ગદ્ય પદ્ય લેખો લખવાનો શોખ મને વિદ્યાર્થી અવસ્થામાંથીજ હતો. અને ઘણાંક કાવ્યો લખેલાં પણ સહાયક વગર તે શોખ પડી ભાંગતો. પણ આ સાલે શ્રી જૈનાચાર્ય રત્નકીર્ત્તી સ્વામી અત્રે ચોમાસું રહ્યા. અને અમને અનેક સુચનાઓ આપી મારામાં લેખન શક્તી ઉત્પન્ન કરી આ પ્રયાસ પરિપૂર્ણ કરાવ્યો છે. જેથી તે ગુરૂવર્યનો હું અત્યંત આભાર માનું છું. વળી આ પુસ્તક લખવામાં મારા સ્નેહી શા. કેશવલાલ ત્રીભોવનદાસ (વડોદરા) પા. છોટાલાલ કસનદાસ (અધ્યક્ષ કાણીસા મિત્ર મંડળ) શ્રીમત્ જ્યોતિર્વિદ પંડીત જેષ્ટારામ લલ્લુરામ (કાણીસા) મગનભાઇ લલ્લુભાઇ પટેલ (કાણીસા) વિગેરે સદ્મીત્રોએ મને અનેક સુચનાઓ આપી મને જે સહાય કરી છે. તે માટે તેમનો અત્યંત આભાર માનું છું. અને આ ગ્રંથ તે મિત્રોની સુચનાથીજ બહાર પાડવાનો સમય પ્રાપ્ત થયો છે.

આ પુસ્તકમાં મેં મારા તરફથી કંઇજ ઉમેર્યું નથી. એ અતિશયોક્તી નહીંજ ગણાય? વળી આ પુસ્તક રા॰ છોટાલાલ ઘેલાભાઇ ગાંધીએ શુદ્ધ કરી આપ્યું છે. જેથી તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. છેવટે વિદ્વાનોને વિનંતી છે કે-विषादप्यमृतं ग्राह्य बालादपि सुभाषितम् । आमित्रादपि सद्वृत्त प्रमोद्यादपि काञ्चनम् ॥

ભાવાર્થ: ઝેરમાંથી પણ અમૃતને ગ્રહણ કરવું, બાળક શુદ્ધ અને સારૂ બોલતો હોય તો તેની પાસેથી પણ સારૂં બોલતાં શીખવું, શત્રુ સદાચારી હોય તો તેની પાસેથી પણ સદાચાર શીખવો અને સુવર્ણ અપવિત્ર જગ્યાએ હોય તો પણ ગ્રહણ કરવું એ કહેવત અનુસાર આ ગ્રંથ ભુલ ભરેલો હશે, તોપણ ‘હંસપયપાન’ એ અનુસાર સાર સાર ગ્રહણ કરી ભુલને છોડી

દેવા વિનંતી છે અને ભુલો મને એક પોસ્ટકાર્ડદ્વારા લખી મોકલશો તો ઉપકાર માનીશ. આ ગ્રંથ લખવાનો ઉદ્દેશ જૈનબંધુઓમાં સંસ્કારિત પુરૂષો ઉત્પન્ન થઇ જૈનધર્મનો ઉદ્યોત કરવાનો છે. આ ગ્રંથના સાર રૂપે દરેક બંધુ પોતાના પુત્રોને સંસ્કારો આપશે અને યજ્ઞોપવિત પહેરાવશે તેમ લગ્ન પણ આ પુસ્તક અનુસાર કરાવશે તોજ હું મારો પ્રયાસ સફળ થયો માનીશ.

જાણીને કે અજાણતાં. ભુલ રહી જે હોય
દેવ ગુરૂની સહાયથી તે સવિ પુરન હોય.

એ સિદ્ધાંત અનુસાર ફરીથી વીરમું છું ઇત્યલમ્

વીર સં. ૨૪૪૪
કાણીસા

જૈન સમાજ સેવક
મોહનલાલ મથુરદાસ જૈન
કાણીસા (ખંભાત)

અનુક્રમણિકા.

॥ शुद्धि पत्रक ॥

અશુદ્ધ.	શુદ્ધ.	પૃષ્ઠ.	લીટી.
સમાગમ કરે	સમાગમ ના કરે	૫	૧૮
कल्या	कल्याण	७	११
દહીં, ભાત,	દહીંભાત,	૭	૧૮
કરવી	કરવી,	૮	૧૩
કાણીઆની	કાણીસાની	૧૧	૨૪
યંત્રથી	મંત્રથી	૧૨	૧૭
વગાડાવવા	વગડાવવાં	૧૨	૧૭
ગધોક	ગંધોદક	૧૩	૪
स्वाहा:	स्वाहा	१४	८
સંસ્કાર	આ સંસ્કાર	૧૫	૨૧
अमुक	३अमुक	१६	५
લેવાને	લેવો, અને	૧૮	૮
खाता	खातां	२०	६
मुक्ति	भुक्ति	२१	१
स्तुति	स्तुष्टि	२१	२
वीं	क्ष्वीं	२१	३
कंवर	कुंवर	२१	११
વર્ષે	વર્ષે	૨૪	૧૬
પહેરાવવી	પહેરવી	૨૪	૨૬

અશુદ્ધ.	શુદ્ધ.	પુષ્ટ.	લીટી.
વખત	વખતે	૨૫	૧૪
गौतम	गौतमो	२६	२
क्रुंद कुंदाद्यो	कुंदकुंदाद्या:	२६	३
अवध्यत्व:	अवध्यत्व	३३	६
સ્વરૂવાન	સ્વરૂપવાન	૩૪	૧૪
આયવું	આપવું	૩૬	૨૦
કરવાં	કરવો	૩૮	૧
गणराजा	गणराज	४१	४
સ્થાપન	સ્થાપના	૪૨	૭
इत्लेवं	इत्येवं	४२	२२
समाहुतीम	समाहुतीम्	४३	३
कुंद कुंदाद्यो	कुंद कुंदाद्या:	४३	२०
ભગવાનના	ભગવાનનાં	૪૪	૧૪
(મોટા ઘડો)	(નાનો ઘડો)	૪૫	૬
બાંધવા	બાંધવાં	૪૫	૧૦
कुंद कुंदाद्यो	कुंद कुंदाद्या:	४८	७
मत्रश्री	मंत्रथी	४८	१८
प्रजाताय	प्रजातां	५३	१८
प्रजाता	प्रजातां	५४	३
व्रणोऽहम्	वणेऽहम्	५४	६

ॐ श्रूत धुपाय नमः પછી ॐ अभिष्ट फलदाय नमः॥
એ મંત્ર જોઇએ ૫૮ ૮

અશુદ્ધ.	શુદ્ધ.	પુષ્ટ.	લીટી.
सहाप्तो	समाप्तो	६०	३
समावर्त्ततान्ते	समावर्तनान्ते	६०	३
गार्हप्रत्या	गार्हपत्यां	६१	१
ॐ अचलायनम:	ॐ अचलाय नम: ॥	६२	११
ॐ अक्षयाय नम: ॥	ॐ अक्षताय नम: ॥	६२	११
ॐ अप्रेमाय नम: ॥	ॐ अप्रमेयाय नम: ॥	६२	१७
ॐ अंत:कृ	ॐ अंत्कृ	६३	२
परं पराभ्यो	परंपरा सिद्धेभ्यो	६३	४
ઘીની આહુતી	ઘીની ૩ આહુતી	६३	८
त्रिविधर्द्धये	त्रिविध वर्द्धये	६४	१७
र्जाताय	र्जातय	६५	८
હું લાજને	હું લાજાને	६८	३
લાજને	લાજાને	७८	८
हां हीं ह हौं ह:	हां हीं हूं हौं ह:	६८	१५
त्रिभ्जते	त्रिभ्ज्यंते	७०	१३
બંન્ને	બંન્નેનાં	७१	१९
परमेश्वर	परमेश्वर	७३	७
देवाव:	देवाश्चव:	७४	१२
क्ष्वेडजल्ल	क्ष्वेडजल्ल	७४	१६
तपश्च	तपसश्च	७५	३
ध्यायंति यं	ध्यायंति मे	७८	५
અર્થ	અર્ઘ	७९	९

અશુદ્ધ.	શુદ્ધ.	પુષ્ટ.	લીટી.
प्रमे	नमे	૭૯	૧૨
મંત્રનું	યંત્રનું	૮૧	૪
જપાદિ	જયાદિ	૮૩	૪

સુચના:—ઉપર મુજબ શુદ્ધ કરીને પછીજ વિધી કરવા બેસવું. વળી પહેલીજ વાર ક્રિયા કરાવવાની હોય ત્યારે ગૃહસ્થાચાર્યે પુસ્તકને એક વખત વિચાર પૂર્વક વાંચી જઇ સામગ્રી તૈયાર કરાવી પછીજ વિધી કરવા બેસવું. એજ વિનંતી.

લી. મોહનલાલ એમ. જૈન

કાણીસા.

ॐ

श्रीवीतरागाय नमः ।

श्री जैन संस्कार विधान.

(ગુજરાતી ભાવાર્થ સહિત)

મંગલાચરણ.

આદિ પ્રભુ આદિશ જિન, આદિ સુવિધિ કરનાર;
સંકટ હરણ દયાળ નમું, નમું આદી અવતાર. ૧.
વિઘ્ન હરણ મંગલ કરણ, ગણનાયક જિનરાજ;
કહું શુદ્ધ સંસ્કારને, જે વર્ણ્યાં જગરાજ. ૨.
આવે જે જે ભૂલ તે, માફ કરો મહારાજ;
કરૂં ગ્રંથ પ્રારંભ તો, હોયે મંગલ આજ. ૩.

मंगलं भगवान् वीरो, मंगलं गौतमो गणिः ।
मंगलं कुंदकुंदाद्यो: जैनधर्मोस्तु मंगलम् ॥ ४

શ્રી વીતરાગ દેવ, જૈન શાસ્ત્ર અને આ ભવસાગરમાં તારે એવા નિર્ગ્રંથ ગુરૂને નમસ્કાર કરીને હું જૈનોના પવિત્ર ગ્રંથોમાં વર્ણવેલા શ્રી

જૈન સંસ્કારોનું વર્ણન કરું છું કે જે દરેક જૈન ધર્મીઓને આચરવા યોગ્ય છે.

जैन क्रिया वर्णन ।

आधानं प्रीतिः सुप्रीतिर्धृतिर्मोदः प्रियोद्भवः ।
नामकर्मः वहिर्यानं निषद्याः प्राशनं तथा ॥ १ ॥
व्युष्टिश्च केशवायश्च लिपिसंख्यानसंग्रहः ।
उपनीतिर्व्रतं चर्या व्रतावतरणं तथा ॥ २ ॥
विवाहो वर्णलाभश्च कुलचर्या गृहीशिता ।
प्रशान्तिश्च गृहत्यागो दीक्षाद्यं जिनरूपता ॥ ३ ॥
मृतकस्य च संस्कारो निर्वाणं पिंडदानकम् ।
श्राद्धं च सूतकद्वैतं प्रायश्चित्तं तथैव च ॥ ४ ॥
तीर्थयात्रेति कथिता द्वात्रिंशत्संख्यया क्रियाः ।
त्रयस्त्रिंशश्च धर्मस्य देशनाख्या विशेषतः ॥ ५ ॥

(त्रिवर्णाचार)

ભાવાર્થ—૧. ગર્ભાધાન, ૨. પ્રીતિ, ૩. સુપ્રીતિ, ૪, ધૃતિ, ૫. મોદ, ૬. પ્રિયોદ્દભવ, ૭. નામકર્મ, ૮. બહિર્યાન, ૯. નિષદ્યા, ૧૦. અન્નપ્રાશન, ૧૧. વ્યુષ્ટિ, ૧૨. કેશવાય, ૧૩. લિપિસંગ્રહ, ૧૪. ઉપનયન, ૧૫. વ્રતચર્યા, ૧૬. વ્રતાવતરણ, ૧૭. વિવાહ, ૧૮, વર્ણલાભ, ૧૯. કુલચર્યા, ૨૦.ગૃહીશિતા, ૨૧. પ્રશાંતિ, ૨૨. ગૃહત્યાગ, ૨૩. દીક્ષા,

૨૪. જિનરૂપતા, ૨૫. મૃતસંસ્કાર, ૨૬. નિર્વાણ, ૨૭. પિંડદાન. ૨૮. શ્રાદ્ધ, ૨૯. જનના શૌચ, ૩૦. મૃતા શૌચ, ૩૧. પ્રાયશ્ચિત્ત, ૩૨. તીર્થયાત્રા એવી રીતે **૩૨ ક્રિયા** અને ધર્મદેશના મળી ૩૩ થાય છે. જેમાંથી **પહેલેથી ૧૮** કે જે **સંસ્કારો*** કહેવાય છે, તેનું વર્ણન હું ભટ્ટારક શ્રી સોમસેનાચાર્ય કૃત ત્રિવર્ણાચારને આધારે યથાયોગ્ય કરું છું.

ગર્ભાધાન-સંસ્કાર-૧.

જ્યારે સ્ત્રી પ્રથમવાર રજસ્વલા થાય, ત્યારે તેણે ચાર દિવસ સુધી એકાંતમાં રહેવું, અને કોઇને પોતાનું મુખ બતાવવું નહિ તેમજ શણગાર ધારણ કરવા નહિ, સાદો ખોરાક અને તે પણ નિયમથી ખાવો. તેણે પાંચમે અથવા છઠ્ઠે દિવસે ન્હાઇ શુદ્ધ વસ્ત્ર પહેરી મંદિરમાં જવું અને ત્યાં પોતાના કુટુંબીઓને પણ બોલવવા અને પંચપરમેષ્ટિનું પૂજન કરવું અને લઘુ અભિષેક કરવો અને લગ્ન વિધિમાંનો હોમ કરવો. ત્યાર પછી પુણ્યાહવાચનથી પતિપત્નિને ગૃહસ્થાચાર્યે આશીર્વાદ આપવો. પછી નીચેના ખાસ મંત્રોથી ગૃહસ્થાચાર્યે પતિપત્નિ પર પુષ્પ નાખવાં, તેમજ હોમદ્રવ્યથી અગ્નિને આહુતી આપવી.

---

* આ સંબંધી વિશેષ જણાવવાનું કે આદિનાથપુરાણમાં, ૫૩ સંસ્કારો બતાવ્યા છે, પણ તે આજના તુચ્છ બુદ્ધિના મનુષ્યોથી થઇ શકે નહિં, જેથી ત્રિવર્ણાચારના આધારથી અહીં ૧૮ સંસ્કારો દાખલ કર્યા છે. પ્રકાશક.

ॐ सज्जातिभागी भव ।
ॐ सद्गृहि भागी भव ॥
ॐ मुनींद्र भागी भव ।
ॐ सुरेंद्रभागी भव ॥
ॐ परमराज्यभागी भव ।
ॐ आर्हत्य भागी भव ॥
ॐ परमनिर्वाणभागी भव ।

એ પછી વિસર્જન કરવું અને સૌભાગ્યવંતી સ્ત્રીઓએ આશીર્વાદ આપવો કે તમારા બંન્નેના યોગથી હમારા કુળની વૃદ્ધિ થાઓ. પછી ઘેર આવવું અને યથાયોગ્ય દાન આપવું અને દિવસ આનંદમાં વીતાડવો અને રાત્રે પત્નીએ સર્વે શણગારો ધારણ કરી પતિ સાથે ગમન કરવું. વળી વિષયાનુરાગ વિના પ્રેમથી પુત્ર પ્રાપ્તિને માટે સહવાસ કરવો, આ સંસ્કારના સંયોગથી જે ગર્ભ રહેશે અને તેની જે સંતતિ થશે તે શુદ્ધ પરીણામી થશે.

(સ્ત્રી સહવાસ સંબંધી કાંઈક.)

પુત્રની ઇચ્છાવાળા ગૃહસ્થે સ્ત્રી રજસ્વલા થાય ત્યારથી ૧૬ દિવસ સુધી સમાગમ કરવો, એટલે કે પ્રથમના ચાર દિવસ જવાં બાર દિવસજ સમાગમ કરવો, કારણકે સમાગમ પુત્ર પ્રાપ્તિ માટેજ કરવાનો છે. અને ગર્ભ રહેવાનો હોય તો તે દિવસોમાંજ રહે છે, જેથી ૧૬ દિવસ પછી સમાગમ કરવો નિષેધ કહ્યો છે. વળી રજસ્વલાના ચાર દિવસમાં પણ સ્ત્રી સમાગમ કરવો નહિ. તે દિવસોમાં સમાગમ કરનાર

ઘોર નર્કમાં પડે છે. શયન મંદિરમાં લાકડી, પાણીનું વાસણ, પાનનો સામાન ગૃહસ્થે રાખી મૂકવો, વળી કેશર, કાજળ, પીળાં રંગેલાં વસ્ત્ર ને પાન એટલી ચીજો તે વખતની મંગળકારક છે

સ્ત્રીસમાગમ કરતા પહેલાં પુરૂષે નાચેના **મંત્રો** બોલવાઃ-

ॐ ह्रीं क्लीं ब्लूँ योनिस्थदेवते मम सत्पुत्रं जनयस्व अ सि आ उ सा स्वाहा ॥

ॐ ह्रीं श्री जिनप्रसादात् मम सत्पुत्रो भवतु स्वाहा ।

ॐ ह्रीं शरीरस्थायिनो देवनाभ्यां बलं ददतु स्वाहा ॥

આ ત્રણ મંત્રા બોલ્યા પછી સમાગમ કરવો. એ સમાગમથી જે ગર્ભ રહે છે અને તેનાથી જે પ્રજા ઉત્પન્ન થાય છે. તે સુંદર અને સારા ગુણવાળી અને ધર્મિષ્ટ થાય છે.[1]

---

(૧) ऋतुस्नातां तु यो भार्यां सन्निधौ नोपयच्छति । घोरायां भ्रूणहत्यायां पितृभिः सह मज्जति ॥ अ० ८ श्लोक ४९.

અર્થ-રતુસ્નાન કરેલી સ્ત્રીની સાથે જે પુરૂષ સમાગમ કરતો નથી, તે પોતાના પિતૃઓ સહિત બાળહત્યા નામના પાપમાં પડે છે.

ऋतुस्नातां नु या नारी पतिं नैवोपविन्दति । शुनि वृकी शृंगाली स्याच्छुकरी गर्दभीं च सा ॥ अ० ८–१०.

અર્થ--રતુસ્નાન કરેલી સ્ત્રી પોતાના પતિની સાથે સમાગમ કરે તો તે સ્ત્રી કૂતરી, શિયાલણી, બિલાડી, ડુકરી, ગધેડી વગેરેની યોનીને પ્રાપ્ત થાય છે.

प्रीतिक्रिया—संस्कार—२.

સ્ત્રીને ગર્ભ રહે ત્યારથી ત્રીજે મહીને જે ક્રિયા કરે છે તેને પ્રીતિ નામનો સંસ્કાર કહે છે. પહેલે તથા બીજે મહીને ગર્ભપાત થયો નહિ, જેથી ગર્ભને પુષ્ટિ આપવાને આ ક્રિયા કરવાની છે. તેમજ આ ક્રિયાની અસર ગર્ભમાંના બાલક ઉપર પણ પડે છે.

પતિએ સુગંધિત દ્રવ્યથી સ્નાન કરી શુદ્ધ અષ્ટદ્રવ્ય લઇ જિન મંદિરમાં જવું. ત્યાં અભિષેક કરી પંચપરમેષ્ઠિનું પૂજન કરવું, યક્ષ યક્ષિણીને અર્ઘ આપવા, પછી ઘેર આવી અભિષેક કરી જિનેંદ્રનું પૂજન કરવું અને ગ્રહસ્થાચાર્યે લગ્નવિધિમાંના મંગલાષ્ટકનો ઉચ્ચાર કરી આશીર્વાદ આપવો અને બંન્નેના ઉપર પુષ્પ નાંખવા. પછી નીચેના મંત્રથી સ્ત્રીના ઉપર પુષ્પ નાંખવા.

त्रैलोक्यनाथो भव । त्रैकाल्यज्ञानी भव ।
त्रिरत्नस्वामी भव ।

પછી વિસર્જન કરવું. આ દિવસથી મકાનના દરવાજાપર તોરણ બાંધવા અને દાન કરવું. આ ક્રિયામાં પણ વધુ શક્તિવાળાએ હોમ કરવો. આ ક્રિયા ધાર્મિક પ્રીતિ પેદા કરવાના અભિપ્રાયવાળી છે.

ऋतु नोपैति यो भार्यामनृतौ चोपगच्छति तुल्यमाहुस्तयोदोषम् ॥ (मनु०)

અર્થ—જે પુરૂષ ઋતુસ્નાન કરેલી નિજ સ્ત્રી સાથે સહવાસ કરતો નથી, તેમજ જે પુરૂષ ઋતુ ન હોય ત્યારે સહવાસ કરે છે, તે બન્નેને સમાન દોષ લાગે છે.

सुप्रीति क्रिया—संस्कार--३.

ગર્ભથી પાંચમે મહીને ગર્ભના પોષણને માટે આ ક્રિયા કરવી. પતિ પત્નીએ સુગંધિત જળથી સ્નાન કરી પવિત્ર થઇ અષ્ટદ્રવ્યથી પોતાના ઘર આગળ જિનેંદ્રની પૂજા કરવી. પછી ગર્ભિણીને વૃદ્ધ સૌભાગ્યવંતી સ્ત્રીઓએ વસ્ત્રાલંકાર પહેરાવીને લાલ વસ્ત્ર પાથરેલા પાટલા પર બેસાડવી (તેણે કપાળે ચાંલ્લો તથા આંખમાં અંજન કર્યા સિવાય આવવુંજ નહિ.) ગૃહસ્થાચાર્યે મંગલાષ્ટક ભણી પુણ્યાહવાચનથી તેમના ઉપર જળ છાંટવું અને નીચેનો આશીર્વાદ આવવો.

अवतार कल्याणभागी भव । मन्दरेन्द्राभिषेक कल्याणभागी भव । निष्क्रांति कल्याणभागी भव । आर्हत्यकल्याणभागी भव । परमनिर्वाण कल्याभागी भव ।

પછી સ્ત્રીના પતિએ પુષ્પ, પુષ્પના વૃક્ષના પાન, જવ, દાભ વીગેરે ચીજોની માળા નીચેના મંત્રથી સ્ત્રીને પેહરાવવી.

ॐ झं वं ध्वीं क्ष्वीं हंसः कान्तागले यवमालां क्षिपामि झौं झौं स्वाहा ॥

પછી વિસર્જન કરવું અને પુત્ર યા પુત્રી થશે તેની પરીક્ષા કરવા માટે સ્ત્રીની પાસે નીચેના મંત્રથી દુધ, દહીં, ભાત, હળદરનું પાણી એમ ત્રણ ચીજો ભરેલા ત્રણ કળશ મુકવા અને એક કુમારિકાને બોલાવી તેને ત્રણમાંથી એકમાં આંગળી મુકવા કહેવું.

ॐ झं वं ह्वः यः अ सि आ उ सा कान्तापुरतः

पायसदध्योदनहरिद्राम्बुकलशान् स्थाप्य बालिका-करेण स्पर्शयेत् ।

જો દુધના કલશને અડકે તો પુત્રલાભ થાય, દહીંભાતના કળશને અડકે તો પુત્રી લાભ અને હળદરના પાણીને અડકે તો નપુંસક પ્રાપ્ત થાય અગર મરેલું બાળક થાય અથવા ઉત્પન્ન થઇ મરણ પામે, એ નક્કી જાણવું. તે દિવસે યથાશક્તિ દાન કરી ઉત્સવ પાળવો. આ ક્રિયામાં પણ હોમ થઇ શકે. આ ક્રિયા અદ્ભુત પ્રેમને ઉત્પન્ન કરે છે.

धृति क्रिया–संस्कार--४. (सीमंतविधि).

ગર્ભથી સાતમે મહીને શુભ દિવસે આ સંસ્કાર કરવો પતિ પત્નિએ સુગંધિત જળથી સ્નાન કરી ઘર આગળ અષ્ટ દ્રવ્યથી પંચપરમેષ્ટીનું પૂજન કરવું અને અભિષેક કરવો. પછી શક્તિ હોય તો ચોવીસ જિન પૂજા કરવી નહીં તો લઘુ હોમ કરવો એટલે કે સત્તાવીશ આહુતિનો હોમ કરવો. ત્યાર પછી જ્ઞાતિની વૃદ્ધ સૌભાગ્યવંતી સ્ત્રીઓએ ગર્ભિણીના માથામાં મધ્ય ભાગે ત્રણ દાભ એકઠા કરી શ્રી કરવી: અને તે શ્રીની નીચે એટલે કપાળ તરફ તેલમાં કાલવેલો હીંગળોક લગાવવો અને તે સ્ત્રીના પતિએ તે શ્રી ઉપર અથવા જઠરે નીચેના મંત્રથી પાંચ ઉદુંબર ફલમાંથી ગમે તે એકનું ચુર્ણ નાંખવું.

ॐ ह्रीं श्रीं क्लीं क्लौं अ सि आ उ सा उदुम्बरकृत चूर्ण समस्ते जठरे चेयं क्ष्वीं क्ष्वीं स्वाहा ॥

પછી ઉદંબર ફળની માળા પણ તેના પતિએ પહેરાવવી તેનો મંત્ર.

ॐ नमोऽर्हते भगवते उदुंबरफलाभरणेन बहुपुत्रा भवितुमर्हा स्वाहा ।

પછી ગૃહસ્થાચાર્યે પુણ્યાહવાચનથી પતિ પત્નીપર જલ છાંટવું,

એ પછી શાન્તિ પાઠ કરી વિસર્જન કરવું, યથાશક્તિ દાન કરવું અને સજ્જનોનો ભોજન આદિથી સત્કાર કરવો. આ ક્રિયાથી ગર્ભિણીને ધૈર્ય ઉત્પન્ન થાય છે, તેમજ પૂજન અને દાનનો પ્રભાવ બાળકના મનપર અસર કરે છે. (૧)

गर्भिणी स्त्री कर्तव्य।

પાંચ મહિના પછી ગર્ભિણી સ્ત્રીએ ઉંચી જમીન ઉપર ચઢવું તથા ઉતરવું નહિ, નદી તરવી નહિ, ગાડાંમાં બેસવું નહિ, સખત ઔષધ ખાવું નહિ, ઘણું ખારૂં ખાવું નહિ, સહવાસ કરવો નહિ, ભાર ઉંચકવો નહિ તેમજ કંકાસ કરવો નહિ, પરંતુ મન પ્રફુલ્લિત રાખવું અને ઇશ્વર ચિંતવનમાં દિવસો ગુજારવા. (ત્રિવર્ણાચાર.)

---

(૧) ઉપરનો સંસ્કાર બતાવેલી ક્રિયાથી આપવો એવી શાસ્ત્રોની આજ્ઞા છે, છતાં આજના અંધ શ્રધાળુ જૈનો ગાડરીયા પ્રવાહે ચાલી બીજાનું ડોળ ચલાવે છે. એકંદરે જોતાં તે લોકોએ પોતાની ક્રિયામાંથી ફક્ત ધાર્મિક ક્રિયાઓજ નષ્ટ કરી નાંખેલી છે અને તે પણ વર્તમાન સમયના જ્ઞાનહીન વિપ્રો (બ્રાહ્મણો)ને લીધેજ નાશ પામી છે. અને તે બંધ થવાનું કારણ ફક્ત ધર્મભેદજ છે. કારણકે આપણી ક્રિયામાં શ્રી જિનેંદ્રભગવાનનું પૂજન કરવું પડે છે, તથા હોમ પણ

ગર્ભિણીના પતિનું કર્ત્તવ્ય ।

દેશાંતર જવું નહિ, નવા ઘરનો આરંભ કરવો નહિ, પર્વતપર ચઢવું નહિ, તેમજ પાંચમા માસથી સમાગમ કરવો નહિ, તેમજ પુત્ર લગ્ન, મુંડન, ઉપનયન વગેરે સંસ્કારો કરવા નહિ. જો ગર્ભિણી

કરવો પડે છે, તેમજ ગર્ભિણી સ્ત્રીને શ્રી જિનેંદ્ર દેવના મંદિરે દર્શન કરવા લઇ જવામાં આવે છે, તેમજ ઉદંબર ફળના માળા ગર્ભિણીને તેના પતિ મારફત પહેરાવવામાં આવે છે તેમજ મિત્રોનો ભોજનાદિથી સત્કાર કરવામાં આવે છે, વળી દાન પણ કરવામાં આવે છે, ત્યારે વિપ્રોએ આપણા મંદિરો ગામેગામ નહીં હોવાથી મંદિરમાં જવાનું બંધ કરાવ્યું અને પછી મંદિર નહીં એટલે શ્રી જિનેંદ્રભગવાનની પૂજાનો મ્હાવરો નહીં, જેથી **એ** સમયનો લાભ લઇ તે લોકોએ **જૈન** પૂજા બંધ કરી તેમના ગજમુખી લંબોદર (ગણપતિ) ની પૂજા તેમજ અનંત પરિગ્રહી દેવતાની પૂજા કરવાની ઘુસાડી દીધી. વળી ઉદંબર ફળની **માળા** બનાવવામાં મહેનત પડતી, તેમજ તે પહેરવામાં યુવાન પુરૂષો શરમાતા, જેથી તેનો લાભ લઇ માળા પહેરાવવાની બંધ કરી ખોળામાં **ઉદંબર ફળ** ભરાવે છે. **ભોજન** વરાના રૂપમાં ફરી ગયું તે પણ જીહ્વા લંપટ ગોરનાજ પ્રતાપે. દાનનો પ્રકાર બંધ થઇ સગાં સ્નેહીને આપવાનો ચાલ પડી ગયો છે. એકંદરે જોતાં ચાલ બધા સરખા છે, પણ સમજફેરને લીધે કે હમારા ઘરડાએ કર્યું તે હમોથી કેમ છોડાય, એ પ્રકારનું સૂત્ર રૂપી પૂંછડું ઝાલી જૈનો મિથ્યાત્વી કુચાલને છોડતા નથી. બધી ક્રિયા કરતાં ફક્ત ગર્ભિણી સ્ત્રીને **વરઘોડારૂપે** ફેરવવાની ક્રિયા બહુજ **હાસ્યાસ્પદ** થઇ ગઇ છે કે–ચાલુ સમયમાં ગર્ભિણીને ત્યાં તેનાં માતા સગાંસ્નેહી સહિત આવે છે, તેમ ગર્ભિણીના

સ્ત્રી બીજી વખતની હોય અને આગલી સ્ત્રીના સંસ્કારો કરવાના હોય તો હરકત નહિ (ત્રિવર્ણાચાર)

પતિ તરફનાં સગાં પણ આવે છે. બેત્રણ દિવસ ભોજનવાર થાય છે. વળી ખોળા ભરવાના તેમ માથું ગુંથવાના (જૈન ક્રિયામાંના માથામાં શ્રી કરી હીંગળોક લગાવવાના ચાલને બદલે પડેલો ચાલ) બહાનાથી મંગળ વાજાંના ધ્વનિથી સ્ત્રી પુરૂષોના સંમિલિતપણાથી ગર્ભિણી સ્ત્રીને ગામમાં વરઘોડારૂપે ફેરવે છે અને ગર્ભિણી તેમ તેના પતિને ગર્ભિણીનાં માતા તરફથી કંઇ રકમ અગર નગદ નાણું ભેટ અપાય છે. આવું આવું થાય છે અને પૈસાનો વ્યય કરે છે પણ નજીવા ખર્ચમાં થતી અને અનહદ ફળ આપનારી એવી શ્રી જિનની પૂજા બીલકુલ થતી નથી તેમજ સત્પાત્રે દાન બિલકુલ અપાતું નથી, જે દેખી કયો શિક્ષિત યુવાન દિલગીર થશે નહીં ? બેશક થશેજ, કારણકે આ ચાલો પડવાનું કારણ–મંદિર–મુનિનો અભાવ અને જ્ઞાન નહી હોવાપણું એજ છે, તો હવે ગામેગામ મંદિરો છે, છાપખાનાને લીધે અનેક પુસ્તકો બહાર પડયાં છે અને પેપરો દ્વારા કેટલુંક જ્ઞાન મળે છે તો જ્યારે તમો જૈનધર્મ વિષે કંઇને કંઇ જાણવા લાગ્યા છો તો કઢંગા મિથ્યાત્વી ચાલને બંધ કરી જૈન વિધિને દાખલ કરો કે જેથી સ્વાર્થ સાથે પરમાર્થ એ કહેવત અનુસાર તમોને બેવડો લાભ થાય કે–એક તો આ જન્મે સુખ અને ધર્મનો પ્રભાવ અને આવતા જન્મે સ્વર્ગાદિ સુખની પ્રાપ્તિ તેમજ આ વિધિના ધર્મકાર્યને લીધે સંતાન પણ સારાં અને ધર્મોત્સુકજ થાય છે તો આવા લાભને દરેક જૈનબંધુ જવા દેશે નહીં એમ તીવ્ર ઇચ્છા છે. છેવટે આ વિધિ કરાવનારને આ પુસ્તક અનુસાર ક્રિયા કરવાની ખાસ ભલામણ છે.

(કાણીઆની મિત્રમંડળી).

मोद क्रिया--संस्कार--५.

આ ક્રિયા ગર્ભથી નવમા મહિનામાં કરવી. તેમાં ઉપરના સંસ્કારોની માફક પંચ પરમેષ્ટિનું પૂજન કરવું અને અભિષેક કરવો તેમજ નીચેના મંત્રોથી ગૃહસ્થાચાર્યે આશીર્વાદ આપવો.

सज्जाति कल्याणभागी भव। सद्गृह्ह कल्याणभागी भव। वैवाह कल्याणभागी भव। मुनींद्र कल्याणभागी भव। सुरेन्द्र कल्याणभागी भव। मंदराभिषेककल्याणभागी भव। यौवराज्य कल्याणभागी भव। महाराज्य कल्याणभागी भव। परमराज्य कल्याणभागी भव। आर्हत्य कल्याणभागी भव।

પછી વિસર્જન કરવું ને પુણ્યાહવાચનથી જળ સીંચવું. પછી નીચેના યંત્રથી ગર્ભિણી સ્ત્રીને તેના પતિએ ગંધોદક પેટપર ચોપડવું.

ॐ कं ठं ह्वः यः अ सि आ उ सा गर्भार्भकं प्रमोदेन परिरक्षत स्वाहा।

પછી ણમોકાર મંત્રથી ગર્ભિણીને હાથે રક્ષિકા બાંધવી. આ દિવસે પણ પહેલાંની માફક દાન કરવું તથા વાજીંત્ર વગાડાવવા. આ વિધિમાં હોમપણ કરી શકાય.

प्रियोद्भव–संस्कार–६ (जातकर्म)

જ્યારે બાળકનો જન્મ થાય ત્યારે આ ક્રિયા કરવાની છે. આ ક્રિયામાં બાળક જન્મે તે વખતેજ મંદિરમાં જઈ શ્રી જિનેંદ્ર ભગવાનનો અભિષેક કરી પૂજન કરવું અને બાળકને ગંધોક લાવીને ચોપડવું અને પિતાએ નીચે પ્રમાણે આશીર્વાદ આપવો.

कुलजातिवयोरूपगुणैः शीलप्रजान्वयैः भाग्या विधवता सौम्यमूर्तित्वैः समधिष्ठिता । सम्यग्दृष्टि स्तवाम्बेयमतस्त्वमपिपुत्रकः सम्प्रीतिमाप्नुहि त्रीणि प्राप्य चक्राण्यनुक्रमात् ।

પછી બાળકને સ્પર્શ કરવો. અને કહેવું કે—

अङ्गादङ्गात्सम्भवसि हृदयादपि जायसे । आत्मा वै पुत्र नामाऽसि स जीव शरदः शतम् ॥

પછી દુધ તથા ઘીથી બનાવેલું અમૃત બાલકની નાભી અર્થાત્ ડુંટીએ ચોપડવું ને નીચેના મંત્રથી નાલ છેદન (નાલ કાપવી તે) કરવી.

घातिंजयो भव श्री देव्यः ते जातक्रिया कुर्वन्तु ।

પછી સુગંધિત ચૂર્ણ બાલકને શરીરે નીચેના મંત્રથી ચોળવું.

हे पुत्र ! श्रीदेव्यः ते जाताक्रियां कुर्वंतु ।

પછી સ્નાન કરાવવું તે વખતે નીચેનો મંત્ર બોલવો—

ॐ ह्री मंद्राभिषेकार्हो भव ।

પછી બાળકના ઉપર તેના પિતાએ નીચેના મંત્રથી અક્ષત નાંખી આશીર્વાદ આપવો.

ॐ ह्रीं चिरं जीयोत्तः ।

પછી ઘી, સાકર, ઇલાયચી આદીનું બનાવેલું અમૃત બાળકના પિતાએ નીચેના મંત્રથી બાળકના નાકમાં તથા મુખમાં સહેજ છોડી દેવું.

ॐ विश्वेश्वरीस्तन्यभागी भूयात् ।

અને બાળકની નાળને કોઇ પવિત્ર જગ્યાએ લઇ જઇ નીચેના મંત્રથી જમીન ખોદી દાટી દેવી.

ॐ सम्यग्दृष्टे सम्यग्दृष्टे सर्वमातः सर्वमातः वसुंधरे वसुंधरे स्वाहाः ।

આ મંત્રથી ખાડો ખોદી જળ તથા અક્ષત ખાડામાં નાખવા, તેની ઉપર નીચેના મંત્રથી નાળ તથા ગર્ભમલ (મેલી) મુકવી.

त्वत्पुत्रा इव मत्पुत्राः भूयात्सु चिरं जीविनः ॥

પછી વડ અથવા પીપળાની ડાળી તે ખાડામાં ઘાલી ખાડો પુરી દેવો. ઘર આગળ બાળકની માતાને ગરમ પાણીથી નીચેના મંત્રથી સ્નાન કરાવવું.

ॐ सम्यग्दृष्टे सम्यग्दृष्टे आसन्न भव्ये आसन्न भव्ये विश्वेश्वरी विश्वेश्वरी ऊर्जितपुण्ये ऊर्जितपुण्ये जिनमातः जिनमातः स्वाहा ॥

પછી બાળકના પિતાએ પણ સ્નાન કરવું. તે દિવસે યથાશક્તિ દાન કરવું અને ઉત્સવ કરવો. આ વિધિમાં ફક્ત પુજનાદિક ક્રિયાઓ ગૃહસ્થાચાર્યે કરવી અને બાકીની બાળકના પિતાએ કરવી.

સુવાવડ કરનારનાં વસ્ત્ર શણગાર વિગેરે દરરોજ સારી રીતે ધો઼ઇ

નાંખવાં. તથા જે ઘરમાં પ્રસુતા હોય તે ઘરમાંથી સવામહીના સુધી મુનિને આહાર આપવો નહિ. તે ઘરના માણુસોથી પંદર દિવસ પછી સ્નાન કરી જિન પૂજન વિગેરે થઇ શકે છે. જન્મના શૌચની સમાપ્તિ વખતે માટીનાં વાસણો (હમેશ ઉપયોગમાં આવતાં)ને ફેંકી દેવાં. અને ધાતુનાં વાસણને અજવાળી સાફ કરી અગ્નિમાં તપાવી કામમાં લેવાં. જન્મના શૌચની સમાપ્તિ વખતે દેવ પૂજા કરીને હોમ કરવો તથા યથાયોગ્ય દાન કરવું અને જિનેંદ્ર ભગવાનનો અભિષેક કરી ગંધોદક સ્ત્રી પુત્રને ચોપડવું અને પુણ્યાહવાચન મંત્રથી ગૃહસ્થાચાર્યે પતિ, પત્ની અને પુત્રપર જળ છાંટવું. અને નીચેના મંત્રથી બાળકના પિતાએ તેનું મુખ જોઇ આશીર્વાદ આપવો અને દાભ અક્ષત નાંખવાં.

ॐ ह्रीं श्रीं क्लीं ह्रौं ह्रः नाना नु जानु जानु प्रजो भव भव अ सि आ उ सा स्वाहा ॥

એવી રીતે બાળકનું જાત કર્મ કરવું. જન્મથી ત્રીજે દિવસે બાળકને તેના પિતાએ રાત્રે હાથમાં લઇ આકાશ દેખાડવું તે વખતે નીચેનો મંત્ર બોલવો.

अनंतज्ञानदर्शी भव ।

ત્યાર પછી પુણ્યાહવાચન પઢવું અને તે દિવસે યથાશક્તિ દાન કરવું.

नाम कर्म—संस्कार—७.

બાલક ઉત્પન્ન થાય તેને બારમે દિવસે અથવા બત્રીસમે દિવસે સંસ્કાર કરવો. તે વખતે બાળકના પિતાએ પોતાના કુટુંબીને બોલા-

વવા અને શ્રીજિનેંદ્ર ભગવાનનો અભિષેક કરી પૂજન કરાવવું, પછી એક કાંસાની થાળીમાં ચોખા પાથરીને તેમાં પુત્રના પિતાએ નીચે મુજબ લખવું.

श्री जिनेंद्रधर्मपरायणः श्री अमुक नाम्ना तस्यात्मजः अमुकः ।

(બાળકનું પાડેલું નામ લખવું) પછી પાડેલું નામ મોટા સ્વરે બોલવું અને નીચેના મંત્રથી બાળકને આશીર્વાદ આપવો.

ॐ ह्रीं श्रीं क्लीं अर्हं बालकस्य नामकरणं करोमि अमुकनाम्ना आयुरारोग्यैश्वर्यवान् भव भव अष्टोत्तरसहस्राभिधानार्हो भव भव झ्रौं झ्रौं अ सि आ उ सा स्वाहा ।

પછી વિસર્જન કરવું અને યથોચિત દાન કરવું. પુત્રી હોય તો પૂજા કરી સારૂં ને રસિક નામ પાડવું. થાળીમાં લખવાની જરૂર નથી.

नाम कर्म करनारने सूचना ।

જો આ સમયે નામ પાડવાનું રહી જાય તો એક વર્ષે પાડવું તે વખતે પતિ પત્નિએ સાથે પૂજન કરવા બેસવું. તેમાં સ્ત્રીએ પતિના જમણા હાથ તરફ બેસવું (નામ કર્મ, અન્ન પ્રાશન, વ્રતગ્રહણ, મુંડન, ગર્ભાધાન, પુંસવન, સીમંત, ઉપનયન, વેધુપ્રવેશ, કુલદેવતાનું પૂજન, કન્યાદાન, આ કર્મોમાં જમણા હાથે બેસવું તથા વિવાહ

---

૧. બાળકના પિતાનું નામ. ૨. બાળકનું પાડેલું નામ.

ક્રિયામાં, મુનિદાન, આશીર્વાદ ગ્રહણ, અભિષેક; બિંબપ્રતિષ્ઠામાં પત્નીએ પતિના ડાબા હાથ તરફ બેસવું.)

પુત્રનું નામ રસિક અને સુંદર પાડવું તેમજ હરકોઇથી બોલી શકાય તેવું પાડવું જેમકે લાલચંદ, જિનચંદ, સુમતિપ્રસાદ, અજિતપ્રસાદ, શુભચંદ્ર, જ્ઞાનચંદ્ર, વિગેરે નામ પાડવાં પરંતુ ચાલુ સમયમાં કેટલીક અજ્ઞાન સ્ત્રીઓ પોતાને મોટી ઉમર થતા સુધી સન્તાન થયાં નહિ, જેથી ગાંડો, કચરો, મેલો, કાળો, તેમજ દાસ છેડે આવે તેવાં નામો પાડે છે, તેવાં નામ પાડવાં નહિ. ખરાબ નામ પાડવાથી છોકરાં જીવતાં નથી પણ એ તો કુદરતી નિયમ છે તેમજ ભવિષ્યમાં હોય તે પ્રમાણે બને છે અને કર્યાં કર્મ ભોગવવાં પડે છે, માટે તેવું ખરાબ નામ પાડવું નહિ.

નામકર્મ વખતે કેટલીક જગ્યાએ કાન વિંધાવવાની ક્રિયા કરવા કહ્યા છે. તેમાં જો નામકર્મ વખતે કાર્તિક, પોષ, ફાગણ, ચૈત્ર, એ માસ હોય તો કાન વિંધવા, નહિ તો પછી ફરી કોઇ શુભ મુહૂર્તમાં વિંધવા. કાન વિંધતી વખતે નીચેનો મંત્ર બોલવો.—

ॐ ह्रीं श्रीं अर्हं बालकस्य ह्रः कर्णनासावेधनं करोमि अ सि आ उ सा स्वाहा ॥

પુત્રી હોય તો ડાબી તરફ નાક પણ વિંધવું. વળી કેટલીક જગ્યાએ બાર માસે કર્ણ વિંધાવે છે. વળી નામ કર્મ વખતે એટલે જન્મથી બારમા દિવસે કેટલીક જગ્યાએ બાળકને પાલણામાં સુવાડે છે (તે અવશ્ય કરવું જોઇએ) તેની વિધિ જન્મથી બારમે દિવસે જિનેંદ્રની પૂજા કરીને બાળકને આશીર્વાદ આપવો (નામ

કર્મ કર્યું હોય અને પૂજન કર્યું હોય તો ફરી કરવાની જરૂર નથી.)
શુભ મુહૂર્તમાં બાળકને નીચેના મંત્રથી પાલણામાં સુવાડવું.–

ॐ ह्रीं श्रीं क्लीं ह्रीं क्ष्वीं आन्दोलं बालकमारोहयति तस्य सर्वरक्षा भवतु झ्रौं झ्रौं स्वाहा ॥

बहिर्यान (बहार लाववानी क्रिया) संस्कार ८.

જન્મથી બીજા ત્રીજા અગર ચોથા મહિનામાં સારા મુહૂર્તમાં બાળકને સ્નાન કરાવવું અને અલંકાર પહેરાવવા. પછી પુત્રને તેના પિતા અગર માતાએ ગોદમાં (ખોળામાં) લેવાને પ્રસુતિ ઘરથી બહાર આવવું. પછી જિનેંદ્ર ભગવાનનું પૂજન અભિષેક સહિત કરવું (અગર હોમ કરવો) પછી બધા કુટુંબીઓએ બાળકને કંઇક દ્રવ્ય આપી તેના મુખનું અવલોકન કરી મન પ્રફુલ્લિત કરવું (તેનો અભિપ્રાય એવો છે કે–ભવિષ્યમાં તે પોતાના પિતાનું ધન મેળવે). ગોરે આશીર્વાદ આપવો કે.

ॐ उपनयन निष्क्रांतिभागी भव ॥ ॐ वैवाहनिष्क्रान्तिभागी भव ॥ ॐ मुनीन्द्र निष्क्रांति भागी भव ॥ ॐ सुरेन्द्र निष्क्रांति भागी भव ॥ ॐ मंद्राभिषेकनिष्क्रांतिभागी भव ॥ ॐ यो वर निष्क्रांति भागी भव ॥ ॐ महाराज्य निष्क्रांतिभागी भव ॥ ॐ परम राज्य निष्क्रांतिभागी भव॥ ॐ आर्हन्त्यनिष्क्रांतिभागी भव ॥

પછી યથાશક્તિ દાન આપવું. તેમ ગૃહસ્થાચાર્યને સંતુષ્ટ કરવા. પછી બાળકને તેના માતાપિતાએ પોતાના કુટુંબી સહિત ધામધુમથી જૈન મંદિરમાં લઇ જવો અને નીચેના મંત્રથી બાળકને જિનેંદ્રનું દર્શન કરાવવું. દર્શન કરી ત્રણ પ્રદક્ષિણા કરાવવી પછી ગૃહસ્થાચાર્યે બાળકના કાનમાં નમોકાર કહેવો.

ॐ नमोऽर्हते भगवते जिनभास्कराय तव मुखं बालकं दर्शयामि दीर्घायुष्यं कुरु कुरु स्वाहा ॥

પછી મિત્રાદિનો ભોજનાદિથી સત્કાર કરવો. આજકાલ એક મહિનો થયા વિના પણ બહાર લાવવાનો ચાલ પડી ગયો છે, પરંતુ તેમ નહિ કરવું જોઇએ કેમકે પ્રસુતા ઘરમાંથી બહાર આવવાથી તેનું ધ્યાન બીજી બાબત ઉપર જતું રહે છે, જેથી પુત્રનું તેમજ પોતાના શરીરનું રક્ષણ બરોબર કરી શકતી નથી. પ્રસુતિ ઘરમાં માતાએ પોતાના પુત્રનું પાલન સારી રીતે કરવું, તેમ પોતાના શરીરને આરામ આપી નિર્બળતા મટાડવી.

निषद्या-संस्कार ९ (बेसतां शीखवानी क्रिया)

જન્મથી પાંચમે મહિને આ ક્રિયા કરવાની છે.-આ ક્રિયામાં પણ પહેલાંની માફક જિનેંદ્રપૂજન અભિષેક સહિત કરવું. પછી એક ગાદી નાંખી તેના પર સફેદ ચાદર પાથરવી. (ગાદી બહુજ પોચી હોવી જોઇએ). પાછળ તકીયો મુકવો અને તેનાપર બાલકને નીચેના મંત્રથી બેસાડવો, તે વખતે બાલકનું, મુખ પૂર્વ દિશા તરફ રાખવું.

ॐ ह्रीं अर्हं अ सि आ उ सा बालकमुपवेशयामि स्वाहा ॥

પછી ગૃહસ્થાચાર્યે નીચેના મંત્રથી બાળકના મસ્તકપર પુષ્પ અક્ષત નાખી આશીર્વાદ આપવો. બીજા કુંટુંબીઓએ પણ આશીર્વાદ આપવો.

ॐ दिव्य सिंहासनभागी भव ॥ ॐ विजय सिंहासनभागी भव ॥ ॐ परम सिंहासनभागी भव ॥

પછી વિસર્જન કરવું. એ દિવસે મંગળ ગીતો ગાવાં જોઇએ.

अन्न प्राशन--संस्कार १०.
(खाता शीखववानी क्रिया ।

જન્મથી સાતમે મહીને બાળકને અન્ન ખાતાં શીખવવું જોઇએ. જ્યાં સુધી આ સંસ્કાર થાય નહિ ત્યાં સુધી અન્ન ખવરાવવું નહિ.

આ ક્રિયા વખતે પોતાને ઘેર શુદ્ધ મિષ્ટાન તૈયાર કરાવવું ,અને પતિ પત્નિએ સાથે બેસીને શ્રી જિનેંદ્રનું પૂજન અભિષેક સહિત કરવું. તેમાં પુત્રને પણ ખોળામાં બેસાડવો. પતિપત્નીએ પૂર્વ તરફ મુખ રાખી બેસવું અને પુત્રને ડાબા પગપર દક્ષિણ તરફ મુખ કરી બેસાડવો અને નીચેના મંત્રથી બાળકને આશીર્વાદ આપવો તે વખતે તેના શરીર ઉપર પુષ્પ અક્ષત નાખવા.

ॐ दिव्यामृतभागी भव ॥ ॐ विजयामृतभागी भव ॥ ॐ अक्षीरामृतभागी भव ॥

પછી નીચેના મંત્રથી બાળકને દુધ, ભાત તથા ઘી સાકર મિશ્ર કરી ખવરાવવું.

ॐ नमोऽर्हते भगवते मुक्तिशक्तिप्रदायकाय बालकं भोजयामि पुष्टि स्तुतिश्चारोग्य भवतु भवतु वीं क्ष्वीं स्वाहा ॥

પછી વિસર્જન કરવું અને બનાવેલા અન્નથી મિત્રાદિનો સત્કાર કરવો.

व्युष्टि क्रिया [वरसगांठ]-संस्कार ११.

જ્યારે બાળક બાર માસનું એટલે ૧ વર્ષનું થાય ત્યારે આ ક્રિયા કરવી. આ ક્રિયા કરતી વખતે પોતાના સગાંવહાલાંને આમંત્રણ કરવું અને પહેલાની માફક જિનેંદ્રદેવનો અભિષેક કરી પૂજન કરવું. પછી બાળકને નીચેના મંત્રથી આશીર્વાદ આપી પુષ્પ અક્ષત નાખવા.

मार्कण्डेय महाभाग ! सप्त कल्पान्तजीवनः ।
आयुरोग्यसिद्ध्यर्थमस्माकंवरदो भव ॥

પછી વિસર્જન કરવું અને યથાશક્તિ દાન દેવું, તેમજ બંધુજનોને આહાર આપી સત્કાર કરી પછી પોતે ખાવું. આ ક્રિયા દર વરસગાંઠે કરવી જોઇએ.

चौलकर्म संस्कार–१२ (मुण्डन क्रिया)

જન્મથી ત્રીજે કે પાંચમે વર્ષે આ ક્રિયા કરવી જોઇએ.

આ ક્રિયા વખતે લગ્નવિધિમાંના હોમ પ્રમાણે હોમ કરવો. પીઠીકાના મંત્રોથી આહુતિ આપવી. હોમ કરવા પતિ પત્નીએ સાથે બેસવું. પુત્ર તથા અન્ય સ્નેહીઓએ નજીકમાં બેસવું. હોમ

થઇ રહ્યા પછી બાળકના શરીર પર ગંધોદક લગાડી વાળ ભીના કરવા પછી નીચેના મંત્રોથી અક્ષત નાખવા.

ॐ उपनयनमुण्डभागी भव, ॐ निर्ग्रंथ मुण्ड-भागी भव ॥ ॐ निष्कान्तिमुण्डभागी भव । ॐ परमनिस्तारक केशभागी भव, ॐ सुरेन्द्र केश-भागी भव ॥ ॐ परमराज्य केशभागी भव ॥ ॐ आर्हन्त्यराज्य केशभागी भव ॥

પુણ્યાહવાચન કરી જળ બાળકના મસ્તકપર છાંટવું, પછી બાલકને નજીકમાં બીજી જગ્યાએ લઇજઇ મુણ્ડન કરાવવું અને અહીં વિસર્જન કરવું. મુણ્ડન કરાયા પછી બાળકને સુગંધિત જળથી સ્નાન કરાવવું અને મસ્તક પર સુગંધિત દ્રવ્ય ચોપડવું. અને વસ્ત્રાલંકાર ધારણ કરાવવાં. પછી વાજતે ગાજતે અષ્ટ દ્રવ્ય લઇ જિન મંદિરમાં જવું ત્યાં જઇ ભગવાનનો અભિષેક કરી પૂજન કરવું અને ગૃહસ્થાચાર્યે બાળકને માથે ચોટલીની જગ્યાએ ચંદનથી સાથીયો કાઢવો તેનું કારણ એજ કે આને હવે ચોટલી રાખવી પડશે.

પછી યથાશક્તિ દાન કરવું અને ઘેર આવી બંધુજનોનો ભોજનાદિથી સત્કાર કરવો અને પોતે પણ ભોજન કરવું.

વિશેષ વિધિ—આ ક્રિયામાં કેટલીક જગાએ પુત્રના પિતા પાસે મુણ્ડન કરાવે છે, તેમ હજામના યંત્રોની પૂજા કરે છે. તથા કોડીયાં મુકી સમોધા મુકાવી વાળને પણ થકે થકે કાતરે છે. વગેરે ચાલ છે પણ તે અયોગ્ય લાગવાથી લીધો નથી.

વળી કેટલીક જગ્યાએ કુળ દેવતાના મંદિરે મુણ્ડન કરાવવાનો ચાલ છે.

પહેલાં કર્ણવેધ ન કર્યો હોય તો આ વખતે પાછળના મંત્રથી કર્ણવેધ કરાવવો. આભૂષણ પહેરાવવાની ક્રિયા પણ આ ક્રિયા વખતે થાય છે. તો બાળકને કષ્ટ ન થાય એવાં સુશોભિત ઘરેણાં પહેરાવવાં.

लीपि संख्या संस्कार--१२ (विद्याभ्यास)

બાળક પાંચ વર્ષનું થાય એટલે આ ક્રિયા કરાવવી.

શુભ દિવસે બાળકને વસ્ત્રાભૂષણોથી શણગારી વાજતે ગાજતે નિશાળમાં જવું. (જૈન શાળા હોય તો સારૂં) ત્યાં જઇ સરસ્વતિ પૂજન કરવું તથા જિનેંદ્ર ભગવાનનું પૂજન કરવું પછી ક્ષેત્રપાળને અર્ઘ આપવો, અને ગુરૂએ મંગલાષ્ટક ભણવો, પછી એક પાટી ઉપર ચોખા પાથરી કલમથી ૐ લખવો અને તેની પાસે તેવોજ ૐ કઢાવવો, પછી ૐ नमः सिद्धेभ्यः લખાવવું અને વંચાવવું, પછી અકારાદિ સ્વર તથા વ્યંજન પણ શીખવી શકાય. ગુરૂએ બાળકને અક્ષરોની ચોપડી આપવી અને તેને રાખવાની તથા વાંચવાની રીત બતાવવી. પછી ગુરૂને દ્રવ્ય, વસ્ત્ર વગેરે ભેટ કરવું અને બાળકે ગુરૂને પ્રણામ કરવા અને વિનયથી બેસવું. ગુરૂએ નીચેનો આશીર્વાદ આપી તિલક કરી પુષ્પ અક્ષત નાખવા.

ॐ नमोऽर्हते, नमः सर्वज्ञाय-सर्वभाषाभाषित-सकलपदार्थाय बालकमक्षराभ्यासं कारयामि, द्वादशांगश्रुतं भवतु भवतु ऐं श्रीं ह्रीं क्लीं स्वाहा॥

પછી ઘેર આવવું ત્યાં બાળકના પિતાએ અન્ય શિષ્યોને તથા ઇષ્ટમિત્રોને ભોજન કરાવવું તથા શિષ્યોને વિદ્યાભ્યાસમાં ઉપયોગમાં આવે એવી ચીજો ભેટ કરવી (વેંચવી)

આજથી બાળકે અંક તથા અક્ષરનો અભ્યાસ ચાલુ કરવો, તે જનોઇના સંસ્કારની પહેલાં વાંચતાં લખતાં તથા બીજું વ્યવહારિક જ્ઞાન મેળવવું. સાધારણ ધર્મ વિદ્યા પણ શીખવી કે જેથી દર્શન પૂજન વિગેરે સારી રીતે કરી શકાય. જનોઇના સંસ્કારની પહેલાં વ્યવહારિક જ્ઞાન પૂર્ણ કરવું અને ચતુર તથા શુદ્ધ બનતા જવું. આ સંસ્કાર કર્યા પછી જ્યારે પુસ્તક વાંચે એવું બાળકને જ્ઞાન થાય એટલે શુભ મુહૂર્તમાં સરસ્વતિ પૂજા કરી પુસ્તક વંચાવવું.

ऊपनयन (यज्ञोपवित) संस्कार—१४.
(जनोई पहेरवानी विधि)

જનોઇ સંસ્કાર એ દ્વિજનો બીજો જન્મ ગણાય છે. જનોઇ પહેરવાનો સમય બ્રાહ્મણને ૮મે વર્ષે, ક્ષત્રિયને ૧૧મે વર્ષે અને વૈસ્ય એટલે શ્રાવકને ૧૨મેં વર્ષે નિયત કરેલો છે, પરંતુ દ્રવ્ય મેળવવાની ઇચ્છાવાળા શ્રાવકના પુત્રને ૮મે વર્ષે પણ જનોઇ પહેરાવી શકાય, પરંતુ જો તે મુદતે આ સંસ્કાર આપવાનો રહી જાય તો પછી છેવટે ૨૪ વર્ષની ઉમરના શ્રાવકના પુત્રને પણ જનોઇ પહેરાવી શકાય (આટલી મુદત સુધી જો આ સંસ્કાર આપે નહીં તો તે ભ્રષ્ટ ગણાય છે, માટે તઓની ધર્મકાર્યમાં યોજના કરવી નહિ) (ત્રિવર્ણાચાર). મોટી ઉમરના પુરૂષને જનોઇ પહેરાવવી હોય તો લઘુ હોમ કરી પ્રાયશ્ચિત લઇ પહેરી શકાય (ત્રિ૦)

જે પુત્રને મંગલ સંસ્કારો કરાવવાના હોય અને તે વખતે પુત્રની માતા રજસ્વલા થાય તો તે વખતે તે કામ બંધ રાખવું (ત્રિવર્ણાચાર)

જનોઇની ક્રિયા મંદિરમાં અગર ઘર આગળ ખાસ મંડપ બાંધી કરવી જોઇએ. અને તે વખતે પોતાના ઇષ્ટ મિત્રો સગાંસ્નેહી વગેરેને આમંત્રણ કરી તેડાવવાં જોઇએ.

પહેલાં હોમ કરવા માટે વેદી બનાવવી, તેની મધ્યે એક ચોરસ કુંડ એક હાથના માપથી કરવો તે વેદી ૬ પગલાં લાંબી અને પાંચ પગલાં પહોળી બનાવવી તેમાં પણ પૂર્વ પશ્ચિમ લાંબી રાખવી અથવા સાથેના ચિત્ર માફક કરવી. પછી લગ્નક્રિયાની વેદીની માફક તેને પણ સુશોભિત કરવી. અને શ્રીજિનેંદ્રનું સ્થાપન કરી હોમ પૂજા વગેરે કરવું. હોમ થઇ રહ્યા પછી જેને યજ્ઞોપવિત પહેરવાનું છે તે બટુકને માથે ચોટલી રાખી બાકીનું માથું મુંડી નંખાવવું અને સ્નાન કરાવી ગૃહસ્થાચાર્ય પાસે લાવવો. તે વખતે ગૃહસ્થાચાર્યે નીચેના મંત્રથી તેના ઉપર પુષ્પ અક્ષત નાંખવા. તે વખત ઉત્તર તરફ મુખ રાખી બાળકને ઉભો રાખવો.

ॐ परम निस्तारकलिंगभागी भव ॥ ॐ परमर्षिलिंगभागी भव ॥ ॐ परमेंद्रलिंगभागी भव ॥ ॐ परम राज्य लिंगभागी भव ॥ ॐ परमार्हन्त्यलिंगभागी भव ॥ ॐ परम निर्वाण लिंगभागी भव ॥

પછી તે બાળકને તેના પિતાએ નીચેના મંત્રથી તિલક કરવું.

मंगलं भगवान्वीरो, मंगलं गौतम गणी।
मंगलं कुंदकुंदाद्यो, जैन धर्मोस्तु मंगलम् ॥

પછી કટિસૂત્રને માટે લાલ સુતરની દોરીને (મુંજની પણ લેવાય છે) ત્રણ સળી કરવી અને તેને ત્રણ ગાંડ વાળવી. ગાંડ વાળતી વખતે સમ્યગ્દર્શના દિ૰ ત્રણુ રત્નનો ઉચ્ચાર કરવો. તે કટિસૂત્રને રત્નત્રયની નિશાની સમજવી.

કટિસૂત્રને હાથમાં રાખી નીચેના મંત્રથી બટુકની કેડપર અક્ષત નાંખવા.

ॐ कटिप्रदेशे मौंजीबन्धनं प्रकल्पयामि स्वाहा

પછી સફેદ કપડાની કોપીન .(લંગોટી) લેવી અને તેને નીચેના મંત્રથી પુષ્પ અક્ષત નાંખી કટિસૂત્ર બાંધીને પછી બાંધવી એટલે ધારણુ કરવી. (આ ક્રિયા પણ તેના બાપે કરવી.)

ॐ नमोऽर्हते भगवते तीर्थंकरपरमेश्वराय कटि सूत्रं कौपीनसहितं मौंजीबन्धनं करोमि पुण्यबन्धो भवतु अ सि आ उ सा स्वाहा ॥

પછી સુતરની બનાવેલી ત્રણુ સેળની જનોઇ લઈ તેને ચંદન લગાડી પીળી કરવી.

જનોઇ બનાવવા માટે ૪૦ હાથ લાંબુ સુતર લઇ તેને ભાગી તેની ત્રણુ સેળની જનોઇ બનાવવી. (ત્રિવર્ણાચાર)

વળી બીજી રીત એવી છે કે જનોઇ પોતાના વાળવાના છિદ્રથી ડુંટી સુધી લાંબી લટકતી હોવી જોઇએ, તેનાથી નાની નહી તેમ મોટી પણ નહિ.

તે પીળી કરેલી જનોઇને નીચેના મંત્રથી બાળકના ગળામાં તેના પિતાએ પહેરાવવી. જો બાપ ન હોય તો તેનો પિત્રાઇ અગર તેના ગોત્રમાંનો કોઇપણ પુરૂષ પણ જનોઇ પહેરાવી શકશે તે વખતે વાજાંનો ઘોષ થવો જોઇએ, તેમજ સૌભાગ્યવતી સ્ત્રીઓનાં ગીતની ધ્વનિ થવી જોઇએ.

ॐ नमः परमशांताय शांतिकराय पवित्रीकृतार्हं रत्नत्रयस्वरूपं यज्ञोपवितं दधामि मम गात्रं पवित्रं भवतु अर्हं नमः स्वाहा ॥

પછી ચોટલીને ગાંઠ વાળવી અને નીચેના મંત્રથી માથા ઉપર પુષ્પમાળા પહેરાવી પુષ્પ નાખવા અને માથા ઉપર ચંદનથી સાથીયો કરવો.

ॐ नमोऽर्हते भगवते तीर्थंकरपरमेश्वराय कटिसूत्रपरमेष्ठिने ललाटे शेखरशिखायां पुष्पमालां च दधामि मां परमेष्ठिनः समुद्धरन्तु ॐ ह्रीं अर्हं नमः स्वाहा ॥

પછી એક સફેદ ધોતીયું તથા સફેદ ખેસ તે બટુકને આપવાં (તે આપવાનું કારણ એજ કે તે બાળક અરહંતના પવિત્ર કુળમાં ઉત્પન્ન થયેલો છે, અને હવેથી તે પોતાના કુળનો ઉદ્યોત કરશે.)

પછી બાળકને રત્નત્રયથી આચમન કરાવવું અને શ્રી જિનેંદ્ર ભગવાનને અર્ઘ અપાવવો. પછી પુત્રે પુષ્પ અક્ષત હાથમાં રાખી હાથ જોડી ગુરૂ (ગૃહસ્થાચાર્ય) પાસે વ્રત માગવું, અને કહેવું કે હમારે મોક્ષ મેળવવાની ઇચ્છા છે તો રસ્તો બતાવો. એવું કહે એટલે ગોરે નીચેનો મંત્ર ત્રણ વખત બોલી પુત્ર ઉપર પુષ્પ અક્ષત નાખવા અને નમોકાર મંત્રનો ઉચ્ચાર કરી તે પ્રમાણે બાળક પાસે બોલાવવું.

ॐ ह्रीं श्रीं कुमारस्योपनयनं करोमि अयं विप्रोत्तमो भवतु अ सि आ उ सा स्वाहा ॥ ३ ॥

णमो अरहंताणं । णमो सिद्धाणं । णमो आइरियाणं । णमो उवज्झायाणं । णमोलोए सव्व साहूणं ॥

પછી પાંચ સ્થુલ પાપનો ત્યાગ કરવાનો ઉપદેશ આપવો અને હિંસા કરવી નહિ, ચોરી કરવી નહિ, જુઠું બોલવું નહિ, બ્રહ્મચર્ય પાળવું, લોભ કરવો નહિ, એ પાંચ અણુવ્રતને સારી રીતે સમજાવીને તેમને તે પાળવાનો નિયમ આપવો. વિદ્યાભ્યાસ કરતા સુધી પુરૂં બ્રહ્મચર્ય પાળવાનો નિયમ આપવો. પછી આચાર્યે ત્રણ વર્ણમાંનો તેરા ધર્મ તેને સમજાવવો. અને નીચેની બાબતોની પ્રતિજ્ઞા આપવી (બ્રહ્મચારી રહે ત્યાં સુધી).

લીલું દાતણ કરવું નહિ, તાંબુલ (પાન) ખાવું નહિ, સુરમો આંખમાં આંજવો નહિ, ખાટલામાં સુવું નહિ, એકલાએજ સુવું. અને તે પણ જમીનપરજ. બીજાના અંગથી પોતાનું અંગ અડકવા દેવું નહિં.

જો બ્રહ્મચર્ય પળાવવાનું હોય તો ગૃહસ્થાર્યે ૧ ઉમરડાનો દંડ લેવો. તે પુત્રની અડધી ઉંચાઇનો લેવો. અને તેનો ચોથો ભાગ પીળા લુગડાથી બાંધવો. પછી તે બટુકને બ્રહ્મચારીની મુદત સુધી રાખવા માટે આપવો. અને પુષ્પ અક્ષત નાખવા. પછી તેને અગ્નિની ઉત્તર બાજુએ પૂર્વ મૂખે ઉભો કરવો અને પુષ્પ અક્ષતની ત્રણ અંજલી અગ્નિમાં નંખાવવી. પછી પૂજા વિસર્જન કરી શાંતિ કરવી. તે વખતે બાળકપર જળ છાંટવું.

કાળદોષને લીધે કેટલીક જગ્યાએ દંડ આપતા નથી, તેનું કારણ એજ માલમ પડે છે કે આ સમયમાં પોતાને ઘેર રહીનેજ વિદ્યાધ્યયન કરવાનું હોય છે, જેથી દંડ આપતા નથી તેમ પાછળથી બ્રહ્મચારીની કેટલીક કિયા પણ પળાવતા નથી, પણ જ્યાં ગુરૂ ગૃહ જઇને વિદ્યાધ્યયન કરવાનું હોય ત્યાં દંડ અવસ્ય આપવો. જો ઘર આગળ રહી અભ્યાસ કરવાનો હોય તો દંડ આપવાની જરૂર નથી. પછી પુત્રે તે અગ્નિકુંડની ત્રણ પદક્ષિણા કરી નમસ્કાર કરવો. અને બ્રહ્મચારીએ ગુરૂની આજ્ઞા લઇ ભિક્ષા માગવા જવું. ભિક્ષા પોતાના માત પિતા પાસેથી લઇ ગુરૂના આશ્રમમાં આવવું. આજ કાલ ભિક્ષા લેવાનો ચાલ નીકલી ગયો છે, સબબ કે ગુરૂ ગૃહ ભણવાનું નથી, જેથી તે પુત્રે પોતાને ઘેરજ જમી લેવું. ગુરૂના આશ્રમમાં રહી પહેલાં શ્રાવકની ક્રિયાનો ગ્રંથ ઉપાસકાધ્યયનથી ભણવો પછી વ્યાકરણ જ્યોતિષ ગણિત વગેરે પોતાને લાયક વિદ્યા ભણવી, ભિક્ષા લાવીને ગુજરાન ચલાવવું અને દ્રઢ બ્રહ્મચર્ય પાળવું (ગુરૂને ઘેર જવાનું થતું નથી તોપણ બ્રહ્મચર્ય અવસ્ય પળાવવું.) નાની ઉમરમાં લગ્ન કરી દેવું નહિ તેમ જેમ બને તેમ તે બાળક પાસે સંસારિક બાબતની વાત ઓછી

કરવી. બ્રહ્મચર્ય એ શરીરનો મજબુત પાયો છે. અને તેને લીધે ભીમ હનુમાન વીગેરે યોદ્ધાઓ અથાગ બળ ધરાવતા હતા, જેથી શીલનું ખંડન થવા દેવું નહિ.

यज्ञोपवित् पहेरनारने सूचना.

જનોઇ ઉપર બનાવેલા માપથી રાખવી. ગૃહસ્થે જનોઇ માટે સુતર પોતાની સ્ત્રીપાસે કંતાવવું અને તેની પોતાને હાથે જનોઇ બનાવવી.

પેશાબ કરતી વખત જનોઇને જમણા કાને અગર બંન્તે કાને લપેટવી.

મલનો ત્યાગ કરતી વખતે બંન્ને કાને વીંટવી અગર માથે વીંટવી કારણકે અશુદ્ધ થાય નહિ તેમ તે વખતે જોવામાં આવે નહિ. ગૃહસ્થાશ્રમ કરતી વખતે જનોઇ માથે વીંટી દેવી.

સુતક ઉતારવી વખતે જનોઇને ધોઇ સાફ કરી પહેરવી.

મેલી થાય તોપણ ધોઈ સાફ કરી પહેરવી.

જનોઇ તથા કટિસૂત્ર તુટી જાય તો નવાં મંત્રપૂર્વક ધારણ કરવી અને જુનીને વહેતા પાણીમાં નાખવી. ગૃહસ્થે ૧ જનોઈ તૂટી જાય તોપણ બંન્નેને બદલવી.

ગૃહસ્થે જનોઇ ૨ રાખવી અને બ્રહ્મચારીની મુદત સુધી ૧ રાખવી.

ગૃહસ્થે સ્ત્રીસંગ કર્યાપછી સ્નાન કર્યા સિવાય સામાયક કરવું નહિ. તેમ નમસ્કાર મંત્ર ઉચ્ચારવા નહિ. તથા જનોઇને પણ હાથ લગાડવો નહિ. જનોઇ દર શ્રાવણીએ બદલવી તે વખતે પણ જિન પૂજા અભિષેક વિગેરે કરી ઓચ્છવ કરવો. વળી પર્યુષણમાં રત્નત્રયના

દિવસોમાં પણ જનોઇ બદલી શકાય. સબબ તે પણ રત્નત્રયનીજ નિશાની છે

वृतचर्या संस्कार १५.

जनोइ पहेरनारने पाळवाना नियमो.

આ ક્રિયાનો કોઈ દિન કે સમય નક્કી નથી. આ ક્રિયા કરવાનો અભિપ્રાય એ છે કે બ્રહ્મચારી પોતાની ક્રિયા પાળવામાં દૃઢ થાય માટે નીચેનાં વ્રતોનો તે બટુકને ઉપદેશ કરવો.

જનોઇના સાત તારને સાત તત્વ સમજવાં જેમકે—જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ.

ત્રણ સેળને ત્રણ રત્ન સમજવાં, જેમકે—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર. યથાશક્તિ વ્રત કરવું. પાંચ મિથ્યાત્વનો ત્યાગ કરવો. જેમકે—એકાંત મિથ્યાત્વ, વિપરીત મિથ્યાત્વ, સંશય મિથ્યાત્વ, વિનય મિથ્યાત્વ અને અજ્ઞાન મિથ્યાત્વ.

ચાર લિંગ (ચિન્હ) ધારણ કરવાં. જેમકે—શીરોલિંગ, હૃદયલિંગ કટિલિંગ અને ઉરૂલિંગ.

શિરોલિંગ=બ્રહ્મચારીની મુદત સુધી માથું મુંડેલું અને ચોટલી સહિત રાખવું. કહ્યું છે કે-

विशिखो व्युपवितश्च यत्करोति न तत्कृतम्.

અર્થ—ચોટલી તથા જનોઇ વગર જે પુરૂષ જે કંઇ ધર્મકાર્ય કરે છે, તે નિષ્ફળ થાય છે, માટે શિખા હમેશ કાયમ રાખવી. અને જિન પૂજનાદિક સામાયકાદિકમાં ગાંઠ પાડવી, સ્વાધ્યાય કરવો, સંધ્યા કરવી, ભણવું અને ઉપદેશ આપવો.

हृदयलिंग=સાત તારની ત્રણ સેળની જનોઈ કાયમ રાખવી.

कटिलिंग=કેડે ત્રણ તારની ત્રણ ગાંઠ દીધેલી મૌજી કાયમ રાખવી.

उरुलिंग=કૌપીન (લંગોટી) કાયમ રાખવી. બ્રહ્મચારીએ શીશ ઉઘાડું રાખવું.

દશ અધિકાર પાળવા જેવા કે-બ્રહ્મચર્ય, કુલાવધિ, વર્ણોત્તમ, પાત્રત્વ, સૃષ્ટિઅધિકારિતા-વિવાહરીસ્તા, અવધ્યત્વ, અદંડતા, માનીત્વ પ્રજાસંવન્ધાન્તર.

ब्रह्मचर्य=વિદ્યાભ્યાસ કરતા સુધી દ્રઢ બ્રહ્મચર્ય પાળવું, વીર્યની રક્ષા કરવી, ભુખથી ઓછું ખાવું, નાટક તમાસા જાવા નહી. સ્ત્રી સંબંધી વાર્તાલાપ કરવો નાહે, અને ધાર્મિક તથા લૌકિક વિદ્યા ઓછામાં ઓછાં ૮ વર્ષ પણ ભણવાને તેટલી મુદત બ્રહ્મચર્ય પાળવું.

कुलावधि:—ઉચ્ચ શ્રેણીના શ્રાવક બનવા ચિંતા કરવી અને ત્રણ ગુણુવ્રત;[1] ચાર શિક્ષાવ્રત;[2] પાંચ અણુવ્રત;[3] સાત વ્યસન[4] અભક્ષવસ્તુ[5] ભોજન; ગાળ્યા વગરનું પાણી, એટલાનો સર્વથા ત્યાગ કરવો.

वर्णोत्तम:—જૈન ધર્મનો ફેલાવો કરવો.

---

(૧) દિગ્વ્રત, દેશાવ્રત, અનર્થદંડત્યાગ. (૨) સામાયક, પ્રોષધોપવાસ, અતિથિસંવિભાગ, ભોગોપભોગપરિમાણ. (૩) અહિંસા, સત્ય, ચોરીત્યાગ, પરસ્ત્રીત્યાગ, પરિગ્રહપ્રમાણ. (૪) જુગાર. માંસ, મદિરા, ગણિકાસેવન, શિકાર, ચોરી, પરસ્ત્રીસેવન. (૫) ગુલર ફળ. કઠુમ્બર, વડફળ, પીપળ ફલ, પાકર ફલ, માંસ, મધ, દારૂ, ઓળા (પોંક), વિદલ, રાત્રિભોજન, બહુબીજાં ફળ, રીંગડાં, આચાર (અથાણાં), અજાણ્યું ફુલ, કંદમૂલ, માટી, વિષ (ઝેર), નાનું ફુલ, બરફ, બગડેલો રસ (ઘી-તેલ-દુધ વીગેરે), માખણ (છાસમાંથી કાઢયા પછી).

पात्रत्व:—સત્પાત્રે દાન દેવું. જૈન જાતિની સેવા કરવી. જ્ઞાતિ બંધુને હરપ્રકારની સહાય કરવી.

स्रष्टिअधिकारिता:—રત્નત્રય ધારણ કરવાં.

विवाहरीस्ता:—પુરાણ-શાસ્ત્રોનો અભ્યાસ કરવો અને પોતે શુદ્ધ રહી બીજાને પ્રાયશ્ચિત આપી શુદ્ધ કરવા.

अवध्यत्व:—ઉત્કૃષ્ટ આચાર પાળવા.

अदंडता:—સંસારથી વિરક્ત થવા તરફ ધ્યાન રાખવું.

मानीत्व=સદ્‌ગુણવડે દરેક જગ્યાએ માન મેળવવું.

प्रजासंबन्धान्तर=જૈનધર્મનો ફેલાવો કરવો.

व्रतावतरण-संस्कार-१६.

વિદ્યાભ્યાસ થઇ રહ્યા પછી તે પુત્રે ગુરૂની આજ્ઞા લઇને માતા પિતા પાસે આવવું. (જો વિદ્યાભ્યાસ કરવા ન ગયો હોય અને ઘેર રહ્યો હોય તેમ તેનું લગ્ન કરવાનો વખત થયો હોય તો તેજ સાલના શ્રાવણ માસમાં ક્રિયા કરવી) તે વખતે જો તેના મનમાં એમ આવે કે-હું બ્રહ્મચારીજ રહું અગર મુનિનાં વ્રત પાળું, એવો વિચાર થાય તો માતપિતાને સંસારની અનિત્યતા સમજાવી રજા લઈ ગુરૂ પાસે જવું અને વ્રત પાળવામાં તલ્લીન રહેવું. જો આવો વિચાર ન હોય તો વિવાહની ઇચ્છા કરી ઘરમાં રહેવું. તે વખતે જિનેંદ્ર પૂજા અભિષેક સહિત કરવી. તે વખતે જનોઇ આપનાર ગુરૂની આજ્ઞાથી પહેલાંનાં વ્રતો ઉતારવાં. વસ્ત્રાભૂષણ ધારણ કરવાં, તેમજ આઠ મૂલગુણ તથા પાંચ અણુવ્રતાદિ શ્રાવકોનાં વ્રતો સદાકાળ પાળવાં અને પુષ્પમાલા ધારણ કરવી, તાંબુલ ભક્ષણ કરવું, પોતાના

કુળને લાયક વ્યાપારાદિમાં પ્રવૃત્ત થવું, દંડ ત્યાગ કરવો, દેવપૂજા દાનાદિમાં પ્રવૃત્ત થવું, ત્યારપછી તેના માતપિતાએ તેના યોગ્ય કન્યાની તપાસ કરવી. અને તેણે પ્રસન્ન મનથી વિવાહ સંસ્કાર કરવો, શ્રાવકોનો આચાર પાળવો, મંતાતરણને દિવસે ઘરમાંના મિથ્યાત્વી દેવોને લઇ જઇ કુવામાં પધરાવવા અને કહેવું કે હવે માફ કરો. મેં તમારી બહુ દિવસ પૂજા સુશ્રુતા કરી, હવે મેં સત્ય ધર્મ અંગિકાર કર્યો છે.

विवाह संस्कार-१७-(जैन लग्न विधि)

યોગ્ય કન્યાની સાથે લાયક વરનો વિવાહ કરવો એ પણ એક ધર્મ છે અને તે સંતાન ઉત્પન્ન કરવા માટેજ ગૃહસ્થીઓના ધર્મ માનેલો છે. અને તેનેજ લગ્ન ક્રિયા કહે છે.

उत्तम कन्यानां लक्षण.

જે કન્યા બીજા ગોત્રમાં ઉત્પન્ન થયેલી, રોગ વિનાની, સારા સ્વભાવની; ગુણવાળી, ધર્માત્મા, સ્ત્રીઓના ગુણોથી પ્રકાશવંત, મનોહર, સીવણશાસ્ત્ર, પાકશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર વિગેરે વિદ્યામાં નિપુણ હોય તથા સ્વરૂપવાન હોય તે કન્યા ઉત્તમ ગણાય છે,

उत्तम वरनां लक्षण.

જે વર ગુણવાન, કન્યાથી મોટો, દીર્ઘાયુ, રોગ વગરનો, સારા કુળમાં ઉત્પન્ન થયેલો, સદાચારી, સ્વરૂપવાન, વિદ્વાન, કુટુંબપ્રિય, ધર્મિષ્ટ, બળવાન વિગેરે ગુણવાળો હોય તે વર ઉત્તમ ગણાય છે.

संबंध नहि करवा योग्य कन्यानां लक्षण.

જે કન્યા કોઢવાળી, રોગવાળી, પાપીણી, શીલવગરની, નિર્લજ્જ,

ધર્મ વગરની, અભણ, તથા મૂર્ખ હોય તે કન્યાનો દૂરથી ત્યાગ કરવો, એટલે ઉત્તમ પુરૂષે તેની સાથે લગ્ન કરવું નહિ.

વિવાહ કરવા યોગ્ય ઉમર.

કન્યાને બારમે વર્ષે પરણાવવી જોઇએ. જો રજસ્વળા થવાનો સંભવ ન હોય તો તેરમા અગર ચૌદમા વર્ષે લગ્ન કરવું. કન્યાની ઉમરથી વરની ઉમર ૪ વર્ષ વધારે હોવી જોઇએ. એટલે ચૌદ વર્ષની કન્યાને ૧૮ વર્ષના વર સાથે પરણાવવી. છેવટે બાવીસ વર્ષના વર સાથે પરણાવી શકાય, પણ એથી વધારે અંતરવાળા સાથે કદિ સંબંધ કરવો નહિ. તેમજ કન્યા કરતાં વરની ઉમર નાની હોય એવો વિવાહ તો કદી પણ કરવો નહિ. એવું લગ્ન કરનાર તથા કરાવનાર મહા પાપના ભાગી થાય છે.

લગ્ન સંબંધ જોડતી વખતે યાદ રાખવા યોગ્ય.

પુત્ર તથા પુત્રીનાં વિવાહનાં અધિકારી તેમનાં માત પિતા છે. તથાપિ વર તથા કન્યાને તેમના ભવિષ્યના સંબંધની ખબર પુરેપુરી પાડવી જોઇએ. અને તેમાં જો બન્નેને પ્રીતિ હોય તોજ સંબંધ જોડવો. કારણકે વિવાહ થઇ ગયા પછી બંન્નેમાં સામા સામી પ્રેમ નહીં હોય તો ગૃહસ્થાશ્રમ સુખી થશે નહિ. અને અનેક કુછંદ કરતાં શીખશે માટે જે કન્યા તથા વરમાં સામા સામી પ્રીતિ ન થાય તેવો સંબંધ નહિ કરતાં કોઇ બીજી જગ્યાએ શોધ કરવી. તેમજ બંન્નેનો ધર્મ એકજ હોવો જોઇએ.

વિવાહનાં પાંચ અંગ.

वाग्दानं च प्रदानं च वरणं पाणिपीड़नम् ।
सप्तपदीति पञ्चाङ्गी विवाहः परिकीर्त्तितः ॥

વાગ્દાન (સગાઇ), પ્રદાન, વરણ, પ્રાણી ગ્રહણ, અને સપ્તપદી એ પાંચ વિવાહનાં અંગ જાણવાં.

विवाह संबंध तोडवानो वखत.

સગાઇ થયા પછી વર દેશાંતર જાય અને ત્રણ વરસ સુધી ખબર મોકલે નહિ તેમ ત્યાંથી પાછો આવે નહિ, પાપી થઇ જાય, નપુંસક થાય, અપંગ થાય, અને મરણ પામે તો પંચને શાક્ષી રાખી બીજા વરની સાથે સગાઇ કરી લગ્ન કરવું.

वाग्दान क्रिया.

જ્યારે સગાઈ કરવાનો પાકો ઠરાવ થઇ જાય ત્યાર પછી લગ્ન દિવસ પહેલા શુભ દિવસે વર તથા કન્યાના પિતાએ પોતપોતાના સંબંધીઓને તેડાવવા, પછી કન્યાના પિતાને ઘેર અગર કોઇ બીજે સ્થળે બધાએ એકત્રિત થવું, ગૃહસ્થાચાર્યને બોલાવવા અને અર્હંત પૂજા કરવી તથા સિદ્ધ પૂજા કરવી, પછી કન્યાના પિતાએ સંકલ્પ કરવો કે—

ॐ अस्मिन् जंबुद्विप भरतक्षेत्रे अमुक देशे अमुक ग्राम्यवासी अमुक गोत्रे उत्पन्नः अमुक नाम्ना कन्या विवाहाङ्गभूत वाग्दानमहं करिष्ये ।

પછો કહેવું કે–હમારી કન્યાને સદ્ધર્મની વૃદ્ધિને માટે તમારા પુત્રને આપવાની ઇચ્છા કરું છું. તે વખતે વરના પિતાને શ્રીફળ તથા અક્ષત આપવા અને તાંબુલ પણ આપવું. પછી વરના પિતાએ કહેવું કે—

ॐ अस्मिन् जंबुद्वीपे भरतक्षेत्रे अमुक देशे

જ્યાં 'અમુક' લખ્યું છે ત્યાં તે બાબતનો ઉચ્ચાર કરવો.

अमुक ग्रामवासी अमुक गोत्रोत्पन्नः अमुक नाम्ना करिष्यमाणपुत्रविवाहाङ्गभूतकन्यानिरीक्षणं करिष्ये ।

પછી કહેવું કે–હું આપની કન્યાને મારા પુત્રને માટે વંશ વૃદ્ધિના હેતુથી સ્વીકાર કરૂં છુ. પછી તેણે પણ શ્રીફળ અક્ષત વિગેરે આપવું. પછી વરના બાપે કન્યાને નિરીક્ષણ કરી મીઠાઇ વસ્ત્ર વીગેરે આપવું. પછી બન્ને વેવાઇએ સામસામી તિલક કરવું, અને ભેટવું. ગોરે આશીર્વાદ દેવો અને સંબંધીઓને સોપારી આપી વિદાય કરવા.

ગોદ લેવાની વિધિ (વસંત)

કોઇ શુભ દિવસે કન્યાના પિતાએ વરને પોતાને ઘેર બોલાવી ભોજન કરાવી વસ્ત્ર વીગેરે આપવાં અને વિદાય કરવો. એવીજ રીતે વરના પિતાએ પણ કન્યાને બોલાવી ભોજન કરાવી વસ્ત્રાભૂષણ આપી વિદાય કરવી. (હાલમાં કોઇ વૃદ્ધને ખોળે બેસાડી વસ્ત્ર વગેરે આપવામાં આવે છે.)

મુહૂર્ત નિશ્ચય.

કોઈ શુભ દિવસે કન્યાના પિતાએ પોતાના કુટુંબીને બોલાવવા અને કોઇ જ્યોતિષીને બોલાવી સર્વની સન્મુખ લગ્ન દિવસ નક્કી કરાવવો અને તેને એક કાગળમાં શુભ અક્ષરે લખી તેને પોતાના સેવક દ્વારા વરના પિતાને ઘેર મોકલવો. વરના બાપે સર્વ કુટુંબીઓની સન્મુખ તે કુંકુંમ પત્રિકા વાંચવી અને દરેકને સંભળાવવી. પછી આ-

---

૧ જ્યાં 'અમુક' લખ્યું છે ત્યાં તે બાબતનો ઉચ્ચાર કરવો.

વેલા સેવકને વસ્ત્રાદિથી સંતુષ્ટ કરી વિદાય કરવાં અને ઉત્સવ કરવો. આ વિધિ થઇ ગયા પછી પોતાના રિવાજ મુજબ વડી, પાપડ, વગેરે કરવા.

વિનાયક સ્થાપન (સિદ્ધ યંત્ર સ્થાપન) તથા ગોત્રદેવ્યાસ્થાપન.

સિદ્ધ યંત્ર દરેક શ્રાવકને ઘેર હોય છે, તેમ છતાં જો પોતાના ઘરમાં તે યંત્ર ન હોય તો વર તથા કન્યાએ વિવાહથી ત્રણ દિન પહેલાં ઉત્સવ સહિત જિન મંદિરમાં જવું અને ત્યાંથી સિદ્ધ યંત્ર ધામધુમથી લાવી એકાંત જગ્યાએ સ્થાપન કરવું અને અભિષેક કરી અર્હંત પૂજા કરીને નીચે મુજબ પૂજન કરવું.

विनायक पूजा (सिद्ध पूजा.)

ॐ जय जय जय नमोस्तु नमोस्तु नमोस्तु। ॐ णमो अरहंताणं। णमो सिद्धाणं। णमो आइरियाणं। णमो उवज्झायाणं। णमो लोएसव्वसाहूणं। ॐ अनादि मूलमंत्रेभ्यो नमः अत्र अवतर अवतर संवौषट्। अत्र तिष्ठ तिष्ठ ठः ठः स्थापनम्॥ अत्र मम सन्निहितो भव भव वषट्।

अष्टक.

पंकेरुहायातपरागपुंजे सौगंध्यमद्भिः सलिलैः पवित्रैः॥ अर्हत्पदाभाषितमंगलादीन प्रत्यूहनाशा-

र्थमहं यजामि। ॐ ह्रीं मंगलोत्तमशरणभूतेभ्यः पंचपरमेष्ठिभ्यो जलं निर्वपामि ॥ १ ॥

काश्मीरकर्पूरकृतद्रवेण संसारतापहृतौ युतेन॥ अर्ह०॥ ॐ ह्रीं चंदनं निर्वपामि ॥ २ ॥

शाल्यक्षतैरक्षतमूर्तिमद्भिरब्जादिवासेन सुगंधवद्भिः ॥ अर्ह० ॥ ॐ ह्रीं० अक्षतं० ॥३॥

कदंबजात्यादिभवैः सुरद्रुमैर्जातैर्मनोजातविपाशदक्षैः ॥अर्ह०॥ ॐ ह्रीं० पुष्पं० ॥४॥

पीयूषपिंडैश्च शशांककांतिस्पर्द्धद्भिरिष्टैर्नयनप्रियैश्च ॥अर्ह०॥ ॐ ह्रीं० नैवेद्यं० ॥५॥

ध्वस्तांधकारप्रसरैः सुदीपैर्घृतोद्भवैरत्नविनिर्मितैर्वा ॥अर्ह०॥ ॐ ह्रीं० दीपं० ॥६॥

स्वकीयधूमेन नभोऽवकाशव्यापद्भिरिद्धैश्च सुगंधधूपैः ॥अर्ह०॥ ॐ ह्रीं० धूपं० ॥७॥

नारंगपूंगादिफलैरनर्घ्यैर्हृन्मानसादिप्रियतर्पकैश्च अर्ह० ॥ ॐ ह्रीं० फलं० ॥ ८ ॥

अम्भश्चंदननंदनाक्षततरूद्भूतैर्निवेद्यैर्वरै ।
दीपैर्धूपफलोत्तमैः समुदितैरोभिः सुवर्णस्थितैः ॥
अर्हत्सिद्धसुसूरिपाठकमुनीन् लोकोत्तमान्मंगलान्।

प्रत्यूहौघनिवृत्तये शुभकृतः सेवे शरण्यानहम् ॥
ॐ ह्रीं मंगलोत्तमशरणभूतेभ्यः पंचपरमेष्ठिभ्यो अर्घ्यं निर्वपामि ॥९॥

ॐ अ सि आ उ साय नमः એ મંત્રથી ૧૦૮ જાપ્ય દેવા.

जयमाला ।

(वसंततिलकावृत्त)

विघ्नप्रणाशनविधौ सुरमर्त्यनाथा
अग्रेसरं जिन वदंति भवंतमिष्टं ।
आनाद्यनंतयुगवर्तिनमत्र कार्ये
गार्हस्थ्यधर्मविहितेऽहमपि स्मरामि ॥१॥
विनायकः सकलधर्मिजनेषु धर्मं
द्वेधा नयत्यविरतं दृढसप्तभंग्या ॥
यद्ध्यानतो नयनभावसमुज्झनेन ।
बुद्धः स्वयं सकलमायक इत्यवाप्तेः ॥२॥

भुजंगी छंद ।

गणानां मुनीनामधीशत्वतस्ते
गणेशाख्यया ये भवंतं स्तुवंति ॥
सदा विघ्नसंदोहशान्तिर्जनानां

करे संलुठत्यायतश्रेयसानाम् ॥३॥
कलेः प्रभावात्कलुषाशयस्य
जनेषु मिथ्यामदवासितेषु ॥
प्रवर्त्तितोऽन्यो गणराजनाम्ना
लंबोदरो दंतमुखो ववास ॥४॥
रुद्रेण कामज्वलितेन गौर्या
विनोदभारान्मलमुत्क्षिपित्वा ॥
कृतं पुराणेष्विति वाचयित्वा
तन्मंगलं तं कथमुद्गिरंति ॥ ५ ॥
यतस्त्वमेवासि विनायको मे
दृष्टेष्टयोगानवरुद्धभावः ॥
त्वन्नाममात्रेण परा भवंति
विघ्नारयस्तर्हि किमत्र चित्रम् ॥६॥

घत्ता ।

जय जय जिनराज त्वद्गुणान्को व्यनक्ति,
यदि सुरगुरुरिंद्रः कोटिवर्षप्रमाणम् ॥
वदितुमभिलषेद्वा पारमाप्नोति नो चे-
त्कतिय इह मनुष्यः स्वल्पबुद्ध्या समेतः ॥७॥
ॐ ह्रीं अर्हदादिसप्तदशमंत्रेभ्यो अर्घ्यं ॥

अनुष्टुप छंद ।

श्रियं बुद्धिमनाकुल्यं धर्मप्रीतिविवर्द्धनम ।
गृहिधर्मे स्थिरीभूत्वा श्रेयसं मे दिश त्वरा ॥

इत्याशीर्वादः

જો યંત્ર ન મળે તો જિન બિંબ સ્થાપન કરી દેવશાસ્ત્ર ગુરૂની પૂજા કરવી. તેમજ જો બિંબ પણ ન મળે તો એક રકાબીમાં આ સાથે બતાવેલું **સિદ્ધ યંત્ર** ચીતરીને તેની મંત્ર પૂર્વક સ્થાપન કરી ઉપરની પૂજા કરવી. પૂજા હમેશાં વર તથા કન્યાએ પોતપોતાને ઘેર લગ્ન પૂર્ણાહુતિ થાય ત્યાં સુધી અથવા યંત્ર વિસર્જન થાય ત્યાં સુધી હમેશાં વિધિ સહિત કરવી.

ઉપર પ્રમાણે વિધિ થઈ ગયા પછી તે મંત્રની પાસેજ બીજા આસન ઉપર અગર ગોખમાં પોતપોતાનાં કુળ દેવતાનું સ્થાપન કરી પૂજન કરવું. દેવી પૂજનમાં પદ્માવતી પૂજા કરવી શ્રેષ્ઠ છે. (કુળ દેવી દરેકની જુદી હોય છે જેથી પૂજા આપી નથી) ઉપર પ્રમાણે વિધિ કર્યા પછી લગ્નારંભની નિશાની તરિકે સ્તંભારોપણ કરવું. (આ વિધિ મંડપ મુહૂર્તના રૂપમાં ફરી ગઇ હોય એમ લાગે છે માટે સુધારવાની જરૂર છે.)

लग्नारंभ स्तंभारोपण.

વિવાહથી ત્રણ અથવા પાંચ દિન પહેલાં અગર વિનાયક સ્થાપનને દિવસે શ્રી જિનેંદ્ર ભગવાનનો અભિષેક કરી પૂજન કરવું. પછી નવ ગ્રહ દશ દિકપાલાદિને નીચેના અર્ધ આપવા.

इत्येवं लोकपालाये समाहूता मयाधुना नि-

जासनेषु ते सर्वे सम्यक् तिष्ठन्तु सादरम्, विघ्नानि घ्नन्तु निशेषान्सहाया सन्तु ते मम, सप्तधान्यैस्तथै तेषां जलं दध्यात्सभाक्तुनीम, इति दशदिक्पालानां पूर्णार्घ्यं ।

श्री चंदनाढ्याक्षततोयामिश्र विकाशपुष्पांजलिना सुभक्त्या-मंगलकार्ये समये समेतान् नवग्रहान् शांतिकरान्यजामि ॥ ॐ आदित्य, सोम, मंगल, बुध, गुरु, शुक्र, शनि राहु केतु नवग्रहदेवताभ्योऽर्घ्यं ।

પછી દિગ્પાલના મંત્રથી એક ધ્વજા બાંધેલો થંભ રોપવો ત્યાર પછી લગ્ન ક્રિયા પુરી થતા સુધી હમેશ મંગલ ગીત અને વાજાંનો ધ્વનિ ચાલુ રાખવો. આ વિધિ પછીજ મંડપ બાંધવો.

कंकण बांधवानी विधि (मींढल दोरा कहे छे ते)

ઉપર પ્રમાણે પૂજા કર્યા પછી શ્રી સિદ્ધ યંત્રની સન્મુખ વર કન્યાને પોતપોતાને ઘેર કંકણ બાંધવા. કંકણ લાલ સુતરનું લઇ (તેમાં મીઢળ પણ પરોવાય છે.) તેને નીચેના મંત્રથી ગૃહસ્થાચાર્યે બાંધવું. પ્રથમ નીચેના મંત્રથી તિલક કરી કહેવું કે–તમે તમારા કુળનું પાલન સારી રીતે કરો.

मंगलं भगवान्वीरो मंगलं गौतमो गणिः
मंगलं कुंदकुंदाद्यो जैनधर्मोस्तु मंगलम् ।

એમ કહીને તિલક કરવું.

कंकण बांधवानो मंत्र.

जिनेन्द्रगुरुपूजनं श्रुतवचः सदा धारणं ।
स्वशीलयमरक्षणं ददनसत्तपो बृंहणम् ॥
इतिप्रथितषट्क्रियानिरतिचारमास्तांतवेत्यथ-
प्रथनकर्मणे विहितरक्षिकाबंधनम् ।

ઉપર પ્રમાણે કહી કંકણુ બાંધવું. ત્યારપછી વર તથા કન્યાને સુગંધિત દ્રવ્ય લગાવી સ્નાન કરાવવું (આ ચાલ પીઠી રૂપે ફરી ગયો છે) અને ઉત્તમ વસ્ત્રાલંકાર પહેરાવી પોતપોતાનાં સગાંવહાલાંને લઇને ગાજતે ગાજતે જિન મંદિરમાં જવું અને ભગવાનનો અભિષેક કરી પૂજન ઘણી ધામધુમથી કરવું અને વિસર્જન કરી પોતપોતાને ઘેર આવવું.

લગ્ન ક્રિયા કરાવનારને સુચના—કેટલીક જગ્યાએ કંકણુ બાંધ્યા પછી અને હાલના રીવાજની પીઠી ચોળ્યા પછી વર તથા કન્યાને બહાર નીકળવા દેતા નથી, સ્નાન કરાવતા નથી, ભગવાનના દર્શન કરાવતા નથી તેમજ તેને જે વસ્ત્ર પહેલે દિવસે પહેરાવે છે; તે વસ્ત્ર પણુ બદલાવતા નથી વગેરે **કઢંગા રિવાજ** પડી ગયા છે, તો તેને બદલે હવેથી પોતાના પુત્ર અગર પુત્રીને સ્નાન અવસ્ય કરાવવું તેમજ દર્શન પૂજનની બીલકુલ બંધી કરવીજ નહિ કારણકે કેટલીક વખત કેટલાક નિયમ ધારીઓને એ ત્રણે દિવસ અપવાસ કરવા પડે છે અને તેથી આ રિવાજ ઉપર અત્યંત કંટાળો બતાવે છે તેમજ તે રિવાજ રાખી રહેનાર આપણા વડીલોને પણુ તુચ્છ નજરથી જુએ છે, માટે એ ખરાબ બંધીઓ તુરત દૂર કરીને જૈન વિધિનો પ્રચાર કરવો જોઇએ.

કન્યાને ઘેર મંડપને માટે વાસણો લાવવાની વિધિ.

જે દિવસે ધ્વજારોપણ કરે તે દિવસે કન્યાને ઘેરથી સૌભાગ્યવંતી સ્ત્રીઓએ ગીત ગાતાં ગાતાં કુંભારને ઘેર જવું. ત્યાં જઇ કુંભારને ચાંલ્લો કરી નાલિયેર તથા કંઇક રોકડ નાણું આપવું પછી તેને ત્યાંથી ઉતરચઢ નાના મોટી દરેક જાતનાં પાંચ પાંચ ઘડા (માટીના વાસણ)લેવાં એટલે કુલ ૨૦ ઘરા લેવા. અને એક કળશ (મોટો ઘડો) લઇ તેની ઉપર શ્રીફળ મુકી ફુલમાળા નાંખવી. અને તેને પણ લેવો. પછી ઘેર આવવું અને તે વાસણો મંડપને ચારે ખુણે બાંધવાં. તેની ઉપર શ્રીફળ મુકી સુશોભિત કરવો. માંડવા ઉપર પણ ચંદરવો વીગેરે બાંધવું. રંગબેરંગી ઉપદેશ પૂર્ણ ચિત્રો બાંધવા, હાંડી ઝુમર વગેરે ફરનીચર પણ બાંધવું, તેમજ ફુલ ઝાડના રોપાનાં કુંડાઓ ગોઠવી. જેમ શોભા વધારે લાગે તેમ કરવું. વરને ઘેર પણ સાધારણ માંડવો બાંધી સુશોભિત કરવું.

અંકુરારોપણ.

લગ્નદિવસને આગલે દિવસે અંકુરારોપણ કરવુ. તેમાં સૌભાગ્યવંતી સ્ત્રીઓએ ગીત ગાતાં ગાતાં માટી તથા એક કળશમાં પાણી લઇ આવવું. અને એક કલશ ખાલી લાવવો. પછી ઘેર આવી મંડપમાં (એકાંત સ્થળે) પેલી માટી પાથરી પુણ્યાવાહચનથી પેલું પાણી રેડવું. અને પછી જવ, ડાંગર, ઘઉં નાખવા. અને તેની પાસે પેલો ખાલી ઘડો અંદર અક્ષત નાંખી ઉપર શ્રીફળ મુકી ગોઠવવો. (આ વિધિ કુળ દેવતાના સ્થાપનાા પાસે પણ કરી શકાય.)

આ વિધિ વર તથા કન્યા બંન્નેને ત્યાં કરવી. (આ વિધિ હાલમાં કોડીયાંમાં માટી નાખી પાણી રેડે છે તેજ છે. માટે હવેથી સુધારીને કરવી. અને આ અંકુર કોઇનાથી ઓળંગાય નહિ તેની તપાસ રાખવી.)

તોરણ વિધાન (સામોવઈણો)

લગ્ન મુહૂર્તના આગલા દિવસે વરના બાપે પોતાના સગાં સંબંધી તથા જાનમાં આવનારને બોલાવીને જમાડી સંતુષ્ટ કરવા અને કહેવું કે —'આજ તોરણ વિધાનમાં પધારશોજી.' તેવીજ રીતે કન્યાના બાપે પણ પોતનાં સગાંવહાલાંને જમાડી સંતુષ્ટ કરીને વાજતે ગાજતે વર તથા તેના પિતા પાસે જવું, અને ત્યાં જઇને કહેવું કે 'વર તથા જાન શણગારી લગ્નકાર્યમાં વેળાસર પધારશોજી.' ત્યાર પછી પોતાને ઘેર જવું. અને વરના બાપે પણ પોતાના તરફથી વસ્ત્ર, શણગાર, મીઠાઇ કન્યાને ઘેર મોકલવું.

કન્યાને ઘેર મંડપ તથા વેદી બનાવવાની રીત.

લગ્નને દિવસે ઉપર કહેલા માંડવાની વચ્ચોવચ ચાર હાથ ચોરસ જગ્યામાં લીંપીને સાફ કરવું. અને તે સાફ કરેલી જગ્યા ઉપર ત્રણ બાજઠ પૂર્વ તરફ મુકવા. અને તે ચાર હાથ જગ્યા એટલે વેદીના ચારે ખુણે શેરડીના સાંઠા અને કેળના સ્થંભ રોપવા, અને ધ્વજાપતાકા તોરણ આદિથી સુશોભિત કરવી.

લગ્ને દિવસ વરને ઘેર કરવાની વિધિ.

લગ્નને દિવસે વરને ઘેર બપોરે અર્હંત પૂજા કરવી તેમજ અભિષેક કરવો અને પુણ્યાહવાચન મંત્રોથી શાંતિ કરવી. જો મોસાળ તરફથી વરને વસ્ત્રાભૂષણો આવવાના હોય તો તે વખતેજ તેના મામાએ લાવી વરને આપવાં. પછી વિસર્જન કરવું.

લગ્ન મુહૂર્ત પહેલાં વરે સિદ્ધ યંત્રનું પૂજન કરવું. પછી સુગંધિત દ્રવ્ય ચોળી સ્નાન કરવું. પછી ગૌતમ સ્વામીને નમસ્કાર કરીને વસ્ત્રાલંકાર ધારણ કરવા અને ઘોડા આદીની સ્વારીપર આરોહણ

કરી જાન સહિત પોતાના કુટુંબીઓને સાથે રાખી રસ્તામાંના જૈન મંદિરમાં નમસ્કાર કરતા કરતા ગાજતે વાજતે સૌભાગ્યવંતી સ્ત્રીઓનાં ગીત સહિત શકિત મુજબ ધામધુમથી શ્વસુરના ઘર તરફ પ્રયાણ કરવું.

લગ્નને દિવસે કન્યાને ઘેર કરવાની વિધિ.

બપોરે શ્રી જિનેંદ્ર ભગવાનનો અભિષેક કરી પૂજન કરવું અને પુણ્યાહવાચન મંત્રોથી શાંતિ કરવી. અને મોસાળ તરફથી વસ્ત્રાલંકાર આવવાના હોય તો તે વખતે તેઓએ લાવવા અને કન્યાને આપવાં પછી વિસર્જન કરવું.

લગ્ન સમયે હાજર રાખવાની ચીજો.

લગ્ન મુહૂર્ત પહેલાં નીચેની વસ્તુઓ હાજર રાખવી.

જળ; ચંદન; અક્ષત; પુષ્પ, નૈવેદ્ય; દીપ; ધુપ અને ફળ.

દુધ, દ્રાક્ષ, એલાયચી, કપુર, સુખડ, બદામ, પીસ્તાં, કોપરાં, ખારેક, રક્તચંદન, કેશર, કાળાચંદન, ગુગળ, અક્ષત, એ બધું મળી શે. ૧ા લાવવું, અને તેને સાફ કરવું તથા જે ચીજો મોટી હોય તેને સમારી નાના બનાવવી.

પીપળ, ખાખરો, સમી, આંકડો, ખેર, દર્ભ વગેરેના સમીધાઓ ૧૨ આંગળની નંગ ૨૭.

ઘઉં, ચણા, અડદ, મગ, ડાંગર, જવ, જાર વગેરે સાત પ્રકારના ધાન્ય શેર ૧ા

જવ, ડાંગર તલ, વગેરે ત્રણ ધાન્ય શેર ૦ા

દાભ, દોરો, પીપળાનો સરવો (ઘી હોમવા), તાંબાનો કલશ, વર કન્યાને બેસવાના બાજઠ ૨, શ્રીફળ નં. ૨, ગૃહસ્થાચાર્યને બેસવા પાટલો નં. ૧; કાંસાની થાળી ૨, શુદ્ધ ઘી શેર ૧ા, ડાંગર (ભાત) શે. ૧ા, ઇત્યાદી અનુમાનથી બતાવ્યું છે.

લગ્ન પ્રારંભ ।

લગ્નમુહૂર્ત પહેલાં એટલે વરના માંડવે આવતા પહેલાં ગૃહસ્થાચાર્યે ન્હાઇ પવિત્ર થઇ મંડપમાં આવવું અને નીચેના મંત્રથી વચ્ચેના બાજઠ પર સિદ્ધ યંત્ર સ્થાપન કરવું. (જે એકાંત સ્થાનમાં સ્થાપન કર્યું છે તે)

मंगलं भगवान्वीरो मंगलं गौतमो गणिः
मंगलं कुंदकुंदाद्यो जैन धर्मोस्तु मंगलम् ॥
ॐ ह्रीं वेदिकापीठे सिद्धयंत्र स्थापनम् ।

પછી જમણા બાજઠ ઉપર શાસ્ત્રજી સ્થાપન કરવું, તે નીચેના મંત્રથી સ્થાપવું.

શાર્દુલવિક્રિડીતમ્.

शुक्लां ब्रह्मविचारसारपरमामाद्यां जगद्व्यापिनीं ।
वीणापुस्तकधारिणीमभयदां जाड्यान्धकारापहाम् ।
हस्ते स्फाटिकमालिकां विदधतीं पद्मासने संस्थितां ।
वन्दे त्वां परमेश्वरीं भगवतीं बुद्धिप्रदां शारदाम् ॥
ॐ ह्रीं श्री वेदिकापीठे द्वादशांगश्रुतस्थापनम् ।

જો શાસ્ત્ર ન હોય તો લવિંગથી સ્થાપના કરવી. પછી ડાબા બાજઠ ઉપર આઠ મંગલ દ્રવ્યો નીચે મુજબ નીચેના મંત્રથી સ્થાપવાં. ઝારી, પંખો, કલશ, ધ્વજા, ચમર, ઠોણા, છત્ર, દર્પણ, તથા નીચેનો મંત્ર કાગળ પર લખવો.

बुद्धिचारणविक्रियातपः बलौषधिरसाक्षीणचतुः

षष्ठि ऋद्धिधारकेभ्योः गुरुभ्यो नमः ।

એવી રીતે લખીને તે કાગળ મંગળ દ્રવ્યોની પાસે મુકવો. મંગલ દ્રવ્યો ન હોય તો તેનાં નામ કાગળ પર લખી નીચેના મંત્રથી સ્થાપના કરવી.

ॐ ह्रीं श्रीं वेदिकापीठे मंगलद्रव्यस्थापनम् ॥

સિદ્ધ યંત્ર ઉપર, ઉપર નીચે ત્રણ છત્ર બાંધવાં અને ધર્મ ચક્ર સ્થાપન કરવું (ન હોય તો કાગળમાં ચીતરવું) ઉપર બતાવેલાં હોમ દ્રવ્યોના ચૂર્ણને અડધા ઘીમાં કાલવવું અને આહુતિ દ્રવ્ય તૈયાર કરવું.

લગ્ન વખતે વર કન્યા બન્નેના માતપિતા, બંન્નેના મામા અને ગૃહસ્થાચાર્ય એમ નવ જણે અવશ્ય હાજર રહેવું, બીજા કુટુંબી સગાં ઇત્યાદિકને પણ રાખવા.

मंगल कलश–स्थापन.

ગૃહસ્થાચાર્યે પાણી મંગાવેલા અને કુંભારને ઘેરથી આણેલો કળશ લઇ તેમાં શુદ્ધ પ્રાસુક જળ ભરવું. અંદર લવેંગ ચંદન નાખવું અને નીચેના મંત્રથી જળ શુદ્ધ કરવું.

ॐ ह्रीं समस्ततीर्थनदीजलं भवतु स्वाहा ॥

પછી ઉપર પુષ્પ નાળીએર નાખવો આ સિદ્ધ સ્થાપન પર ડાબી બાજુએ નીચેના મંત્રથી સ્થાપન કરવો.

ॐ अद्य भगवतो महापुरुषस्य श्री मदादिब्रह्मणो मतेऽस्मिन् जंबूद्वीपे भरतक्षेत्रे गुर्जरदेशे अमुकनगरे अमुकवर्षे अमुकमासे अमुकपक्षे अमुकस्य

तिथौ अमुकवारयुक्तायां यागमंडपभूमिशुद्ध्यर्थं मंत्रशुद्ध्यर्थं महावैवाहिककर्मसिद्धिसाध्यसाधन-यंत्रमंत्रतंत्रविद्याप्रभावसंसिद्धिनिमित्तक्रियमाणस्य पाणिग्रहणादिमहाशान्तिककर्मणः प्रारंभे पुण्याहवाचनार्थं नवरत्नगंधपुष्पाक्षतादिबीजपूर-शोभितशुद्धप्रासुकतीर्थजलपूरितं मंगलकलशसं-स्थापनं करोम्यहं ह्रीं क्ष्वीं ह्रूं नमः स्वाहा ॥

वर पोंखवानी विधि.

હવે વરે વાજતે ગાજતે કન્યાના મંડપ આગળ આવવું અને દરવાજે બાંધેલા તોરણને સ્પર્શ કરવા. કન્યાની માતાએ સ્ત્રીઓના ટોળાં સહિત ત્યાં આવવું અને વરના મુખનું અવલોકન કરી તીલક કરવું અને પુષ્પ અક્ષતથી વધાવવો એટલે વરના મસ્તક પર પુષ્પ અક્ષત નાંખવા. પછી સરસવ, પુષ્પ, મોતી ખરા, અક્ષત, અને દીવો વગેરે થાળીમાં મુકી વરની આરતી કરવી અને વીંટી આદિક કોઈ પણ દાગીનો ભેટ કરવો અને બે કોડીયાં લાલ સુતરથી બાંધી (વચ્ચે ચોખા અને સોપારી મુકવું) સંપુટ બનાવી વરના પગ આગળ મુકવું. વરે આગળ ચાલી જમણા પગથી તેને ખંડન કરવું. અને કન્યાના માતાએ તે ગુપ્ત જગ્યાએ નાખવું.

વરના બાપે પોતાને ઘેરથી કન્યાને માટે આણેલાં વસ્ત્રો કન્યાની માતાને આપવાં તે લઈ તેણે ઘરમાં જવું અને કન્યાને સુગંધિત દ્રવ્યથી સ્નાન કરાવી તે વસ્ત્રો પહેરાવવા અને સજ્જ કરવી.

કન્યાના મામાએ વરનો પ્રેમ પૂર્વક હાથ ઝાલી મંડપમાં આવી કુંડની દક્ષિણ બાજુએ પૂર્વાભિમુખે બેસાડવો. અને આચાર્યે મંગલાષ્ટક બોલવાનો આરંભ કરવો.

[મંગલાષ્ટક દરેક મંગલ કાર્યમાં પ્રારંભે બોલવામાં આવે છે.]

मंगलाष्टकम् (शार्दूलविक्रीडित वृत्त)

श्रीमन्नम्रसुरासुरेंद्रमुकुटप्रद्योतरत्नप्रभा ।
भास्वत्पादनखेंदवः प्रवचनांभोधींदवः स्थायिनः ॥
ये सर्वे जिनसिद्धसूर्यनुगतास्ते पाठकाः साधवः ।
स्तुत्या योगिजनैश्च पंचगुरवः कुर्वंतु ते मंगलम् ॥१॥
सम्यग्दर्शनबोधवृत्तममलं रत्नत्रयं पावनं । मुक्ति
श्री नगराधिनाथ जिनपत्युक्तोपवर्गप्रदः ॥ धर्मः
सूक्तिसुधा च चैत्यमखिलं चैत्यालयाश्रालयाः ॥
प्रोक्तास्ते त्रिविधाश्चतुर्विधममी कुर्वंतु ते मंगलम् ॥२॥
नाभेयादिजिनाधिपास्त्रिभुवनख्याताश्चतुर्विंशतिः ।
श्रीमंतो भरतेश्वरप्रभृतयो ये चक्रिणो द्वादश ॥
ये विष्णु प्रतिविष्णु लांगलधराः सप्तोत्तरा विंशति-
स्त्रैकाल्ये प्रथितास्त्रिषष्ठिपुरुषाः कुर्वंतु ते मंग-
लम् ॥ ३ ॥ देव्योऽष्टौ च जयादिका द्विगुणिता
विद्यादिका देवताः । श्रीतीर्थंकरमातृकाश्च
जनका यक्षाश्च यक्ष्यस्तथा ॥ द्वात्रिंशात्त्रिदशाप्रहा-

त्यपिसुरा दिक्कन्यकाश्चाष्टधा । दिक्पाला दशचे-
त्यमी सुरगणाः कुर्वंतु ते मंगलम् ॥४॥ ये सर्वौषध-
ऋद्धयः सुतपसो ऋद्धिं गताः पंचये । ये चाष्टांग-
महानिमित्तकुशला येऽष्टौविधाश्चारणाः ॥ पंच-
ज्ञानधरास्त्रयोऽपि बलिनो ये बुद्धिऋद्धीश्वराः ॥
सप्तै ते सकलार्चिता गणभृतः कुर्वंतु ते मंगलम् ॥५॥
कैलाशो वृषभस्य निर्वृतिमही वीरस्य पावापुरिः ।
चंपायां वसुपूज्यसज्जिनपतेः संमेदशैलोऽर्हताम् ॥
शेषाणामपि चार्जयंत शिखरे नेमीश्वरस्यार्हतो ।
निर्वाणावनयः प्रसिद्धविभवाः कुर्वंतु ते मंगलम् ॥६॥
ज्योतिर्व्यंतरभावनामरगृहे मेरौ कुलाद्रौ स्थिताः ।
जंबूशाल्मलिचैत्यशाखिषु तथा वक्षाररूप्याद्रिषु ॥
इष्वाकारगिरौ च कुंडलनगे द्वीपे च नंदीश्वरे ॥
शैलेये मनुजोत्तरे जिनगृहाः कुर्वंतु ते मंगलम् ॥७॥
यो गर्भावतरोत्सवो भगवतां जन्माभिषेकोत्सवे ।
यो जातः परिनिष्क्रमेण विभवो यः केवलज्ञानभाक् ॥
यः कैवल्यपुरप्रवेशमहिमा संभावितः स्वर्गिभिः ।
कल्याणानि च तानि पंच सततं कुर्वंतु ते मंगलम् ॥८॥

સુમુહૂર્ત સાવધાન, સુલગ્ન સાવધાન, શુભલગ્ન સાવધાન, આ-

ચાર્ય સાવધાન, કાલીગંઠી સાવધાન, વસ્ત્ર ગ્રંથી સાવધાન, વન્હી સ્થાપન સાવધાન, વાજીંત્ર સાવધાન, હસ્તમેલાપક સાવધાન, કન્યા દાન દાતા સાવધાન, અક્ષર પચાસનો અંતર, સમય વરતે સમય. (ગોરને સુચના)—અક્ષર પચાસનો અંતર પછી ફરી મંગલાષ્ટક ભણવો અને પચીસનો અંતર બોલવો. ફરી દશનો, પાંચનો એમ બોલી છેવટે એકનો અંતર ભણવો અને કન્યા પધરાવવી.

कन्या पधरावबानी विधि.

કન્યાના મામાએ ઘરમાં જઇ કન્યાને લાવી વરની સામે બેસાડવી. પછી કન્યાએ સુગંધિત ફુલોની માળા વરને પહેરાવવી. અને ગૃહસ્થાચાર્યે વરને આચમન કરાવવું તેનો મંત્ર—

ॐ सम्मग्दर्शनाय नमः। ॐ सम्यग्ज्ञानाय नमः। ॐ सम्यक्चारित्राय नमः ॥ ३ ॥

कन्यादान.

પછી કન્યાના મામાએ કહેવું કે-તમારા ચરણોની સેવાને માટે આ કન્યા આપીયે છીએ. પછી એમ બધા કુટુંબીઓએ પણ કહેવું. પછી કન્યાના બાપે કેહવું કે-(ગોરે બોલવું)

ॐ एकेन प्रकाश्येन पूर्वेण पुरुषेण श्रीवत्सेन ऋषिणा प्रतीते श्रीवत्सगोत्रे प्रजाताय तस्य प्रपौत्राय तस्य पौत्राय तस्य पुत्राय अमुकनामधेयाय अस्मै

---

૧. વરના ગોત્ર સ્થાપનારનું નામ. ૨. વરનું ગોત્ર
૩. વરના વડવાનું નામ ૪. વરના દાદાનું નામ.
૫. વરના બાપનું નામ. ૬. વરનું નામ;

कुमाराय भवन. कन्यां वृणीमहे ॥

ॐ एकेन प्रकाश्येन पूर्वेण पुरुषेण काश्यपऋषिणा प्रनीते काश्यपगोत्रे प्रजाता तस्य प्रपौत्रीं तस्य पौत्रीं तस्य पुत्रीं अमुकनामधेयां इमां कन्यां वृणीध्वं ॥

વરે સિદ્ધ ચક્રને નમસ્કાર કરી કહેવું કે–વૃણોઽહમ્ ॥ હું ધર્મ અર્થ અને કામથી આનું પાલન કરીશ.

हस्त मेलाप.

હવે કન્યાનો જમણો હાથ વરના જમણા હાથમાં આપવો. અને નીચેનો મંત્ર બોલી કન્યાના બાપે તેની ઉપર જળ ।। ધાર પાડવી.

ॐ अस्मिन् जंबूद्वीपे भरतक्षेत्रे गुर्जरदेशे अमुकनग्रे अमुकवर्षे अमुकमासे अमुकपक्षे अमुकतीथौ अमुकवासरे अमुकगोत्रोत्पन्नः अमुकनाम्ना श्रीबलायुरारोग्यसंतानाभिवर्द्धनं भवतु इमां कन्यामस्मै कुमाराय ददामि ह्रीं क्ष्वीं हूं सः स्वाहा ॥

એમ કહી વર તથા કન્યાના હાથમા ઝારીમાથી જળની ધાર પાડી કન્યા અર્પણ કરવી. જળની ધાર પાડતી વખતે ગોરે બોલવું કે–

---

૭. કન્યાના બાપના ગોત્ર સ્થાપનારનું નામ. ૮. કન્યાના બાપનું ગોત્ર

૯. કન્યાના વડવાનું નામ ૧૦. કન્યાના દાદાનું નામ.

૧૧. કન્યાના બાપનું નામ. ૧૨. કન્યાનું નામ.

कन्या तारयतु । पुण्यं वर्द्धताम् ॥

પછી દરેક જણે વર કન્યાના મસ્તકપર અક્ષત નાંખવા. પછી

નીચે મુજબ બોલી વરના ઉપર દાભ અક્ષત નાખવા.

कन्यां कनकसंपन्नां कनकाभरणैर्युताम् । दा-

स्यामि अर्हते तुभ्यं ब्रह्मलोकजिगीषया ॥

विश्वंभरः सर्वभूताः शाक्षिण्यसर्वदेवताः, इमां

कन्यां प्रदास्यामि पितृणां तारणाय च ॥

કન્યાદાન સંકલ્પ વખતે કન્યાની માતાએ પણ પોતાના પતિ
સાથે બેસવું. અને જળની ધાર છોડતી વખતે ઝારીને હાથ અડકાડી
રાખવો. સંકલ્પની ધાર પાછળ બતાવેલી થાળીમાં પાડવી.

પછી ગોરે ૨૪ તારની લાલ સુતરની વરમાળા ૪ હાથ લાંબી
બનાવી તેને બંન્નેના ગળામાં પહેરાવવી.

(આ ચાલ લોકોક્ત છે જેથી જ્યાં દરકાર ન હોય ત્યાંથી
કાઢી નાખવો.)

कंकणबंधन विधि.

હવે ગોરે ચોવીસ તીર્થંકરનું સ્વસ્તિ વાચન નીચે મુજબ બ-
ણતા જવું. અને વર તથા કન્યા બંન્નેની નાભી સુધી લાલ સુતર
પાંચવાર વીંટી પાછું કાઢવું.

श्री वृषभः स्वस्ति स्वस्ति श्री अजितः । श्री
संभवः स्वस्ति स्वस्ति श्री अभिनंदनः ॥ श्री सुमति
स्वस्ति स्वस्ति श्री पद्मप्रभः । श्री सुपार्श्वः स्वस्ति

स्वस्ति श्री चंद्रप्रभः ॥ श्री पुष्पदंतः स्वस्ति स्वस्ति श्री शीतलः । श्रीश्रेयांसः स्वस्ति स्वस्ति श्री वासुपूज्यः ॥ श्री विमलः स्वस्ति स्वस्ति श्री अनंतः । श्रीधर्मःस्वस्ति स्वस्ति श्री शांतिः ॥ श्रीकुंथुः स्वस्ति स्वस्ति श्री अरनाथः । श्री मल्लिः स्वस्तिः स्वस्ति श्री मुनिसुव्रतः॥ श्री नमि स्वस्ति स्वस्ति श्री नेमिनाथः । श्री पार्श्व स्वस्तिः स्वस्ति श्री वर्द्धमानः ॥

પછી નીચેના મંત્રથી કંકણુ વરે કન્યાને બાંધવું અને કન્યાએ વરને બાંધવું.

ॐ जायापत्योरेतयोर्गृहीतपाण्योरेतस्मात्पर-माच्चतुर्थदिवसादाहोस्विदासप्तमादिज्या परमस्य पुरुषस्य गुरूणामुपास्तिर्दैवतानामर्थनाऽग्निहोत्रं सत्कारोऽभ्यागतानां विश्राणनं वनिपकानामित्येवं विधातुं प्रतिज्ञायाः सूत्रकंकणं सूत्रव्यपदेशभाक् रजनीसूत्रं मिथो मणिबन्धे प्रणह्यते ॥

એવી રીતે કંકણુ બાંધવું અને કન્યાને તેની માતાએ આભૂષણુ વિગેરે જે કંઈ દાન કરવું હોય તે ઉપરનો કન્યાદાનનો સંકલ્પ બોલીને પછી આપવું. સંકલ્પની ધાર પહેલાં બતાવેલી કાંસાની થાળીમાં પાડવી.

सुवर्णाभिषेक.

પછી તે સંકલ્પના પાણીમાં બીજું શુદ્ધ પાણી ઉમેરી કન્યાના માતા પિતાએ વરના પગ ધોવા અને ચંદન કંકુ ચોપડવું ને અક્ષત નાખવા.

छेडागांठण विधि.

પછી ગોરે કન્યાને વરના ડાબા હાથ તરફ બાજઠ મુકી બેસાડવી અને અકેક વધારાનું વસ્ત્ર આપવું અને સૌભાગ્યવંતી સ્ત્રીએ છેડા ગાંઠણુ કરવું. તે વખતે વર કન્યાએ સામસામી તીલક કરવું અને અક્ષત ચોંટાડવા. (વરની બ્હેન પણ બાંધી શકે)

मंगलसूत्र बंधन विधि.

હવે વરે પોતાના તરફથી આણેલું મંગલસૂત્ર નીચેના મંત્રથી બાંધવું. (મંગલસૂત્ર કીડીયાં પરોવી બનાવવું; વચમાં સોનાની અગાસી રાખવી. અગર રેશમનું બનાવરાવવું.

ॐ ह्रीं वैवाहिकमांगल्यकर्मणे कन्यायां कंठे मंगलसूत्रबंधनं करोमि अ सि आ उ सा स्वाहा ॥

पूजन प्रारंभ.

પહેલાં નિત્ય નિયમની સિદ્ધ પૂજા કરી પછી સ્થાપનવાર પૂજા કરવી.

सिद्ध पूजा प्रारंभ. (पहेला बाजठनी.)

પ્રથમ ॐ नीरजसे नमः એમ બોલી પૂજા કરવાની જગ્યાએ પ્રાશુક જળ છાંટવું.

પછી ॐ दर्पमथनाय नमः એમ બોલી પોતાને બેસવા માટે

દાભનું આસન મુકવું અગર પાટલો મુકવો.

ॐ शीलगंधाय नमः એમ બોલી આસનપર બેસીને પાસેની જમીનપર ગંધ ચંદન નાંખવું.

ॐ विमलाय नमः એમ બોલી જમીનપર પુષ્પ નાખવાં.

ॐ अक्षताय नमः એમ બોલી અક્ષત ચઢાવવા.

ॐ परमसिद्धाय नमः એમ બોલી નૈવેધ ચઢાવવું.

ॐ ज्ञानोद्योताय नमः એમ બોલી દીપ ચઢાવવો.

ॐ श्रुत धूपाय नम એમ બોલી ધૂપ ચઢાવવો.

પછી નીચેના મંત્રથી સિદ્ધને અર્ઘ આપવો.

अष्टकर्मगणनष्टकारकान् । कष्टकुंडलीसुप्रष्टगारुडान् ॥ स्पष्टज्ञानपरिमिनविष्टपान् । अर्घतोऽघनशनाय-पूजये ॥ ॐ वसुकर्मरहितासिद्धेभ्योऽर्घं ॥

પછી બીજે બાજઠે શાસ્ત્રને નીચેના મંત્રથી અર્ઘ આપવો.

द्वादशांगमखिलं श्रुतं मया स्थाप्य पाणिपारिपीडनो-त्सवे । पूज्यते यदधिधर्मसंभवो ध्येयैषजगतां प्रसीदति ॥ ॐ ह्रीं द्वादशांगश्रुतायार्घं निर्वपामि ।

પછી ત્રીજે બાજઠે ગુરૂને નીચેના મંત્રથી અર્ઘ આપવો.

रुद्धयो बलरसादिविक्रियौ,
षध्यसंक्षय महानसादिकाः ।
यस्कमांबुरुहवासमासते
तान्गुरुनभिमहामिवामुखैः ॥

ॐ ह्रीं महर्द्धिधारकपरमर्षिभ्योऽर्घ्यं निर्वपामि ।

પછી ધર્મચક્ર તથા મંગલ દ્રવ્યને નીચેના મંત્રથી અર્ઘ આપવો.

अष्टमंगलमिदं पदांबुजे भासते शान्तुमंगलौघदम् ।
धर्मचक्रमभिपूजये वरं धर्मचक्रपरिमाहात्म्यतम् ॥

ॐ ह्रीं धर्मचक्रायार्घ्यं निर्वपामि ॥

જો ઉપરની પૂજા ન કરવી હોય તો દેવશાસ્ત્ર ગુરૂ પૂજા કરવી.

(ગૃહસ્થધર્મ.)

होमविधानम् ॥

હવે ગૃહસ્થાચાર્યે કુંડને અબીલ ગલાલથી રંગવો. અને કુંડમાં ૐ લખવો અને સાથીયો 卐 બનાવવો. પછી કુંડની બાજુમાં નીચેના મંત્રથી ઘીનું વાસણ સ્થાપન કરવું.

ॐ ह्रीं आज्यपात्रमुपस्थापयामि स्वाहा ।

પછી દશદિક્પાલને અર્ઘ આપવો. (મોટો હોમ હોય તો દશદિક્પાલનું જુદું પૂજન કરવું અને દશ દિશામાં દશ અર્ઘ આપવા. (દિક્પાલના અર્ઘમાં સાત ધાન્ય લેવું.) દશદિક્પાલનો અર્ઘ પાછળ ધ્વજારોપણમાં છે તે આપવો. પછી નીચેના મંત્રથી સમીધીઓમાંથી થોડીક કુંડમાં સ્થાપન કરવી.

ॐ ह्रीं तीर्थंकरकुंडे सभिधी स्थापयामि स्वाहा ।

પછી નીચેના મંત્રથી ગોરે વર કન્યાને સંકલ્પ કરાવવો.

ॐ अद्यभगवतो महापुरुषस्य पुरुषवर पुण्डरीकस्य परमेण तेजसा व्याप्त लोकालोकोत्तममङ्गलस्य

रूपस्य गर्भाधानाद्युपनयनपर्यन्तक्रियासंस्कृतस्यास्य अमुकनाम्नः कुमारस्योरनितीव्रतसमाप्तौ शास्त्र समभ्यसन सद्दाप्तौ समावर्त्तनान्ते ब्रह्मचर्याश्रमे तरे ग्रहस्थाश्रमस्वीकारार्थे अग्निशाक्षिकं देवताशाक्षिकं बन्धुशाक्षिकं ब्राह्मणशाक्षिकं पाणिग्रहण पुरःसरं कलत्रं गृहीते सति अनयोर्दम्पत्योःसर्व पुष्टि सम्पादनार्थं विधीयमानस्य होमकर्मणो नान्दीमुखे अग्निस्थापनं करिष्यते होम करिष्यते ॥

પછી કુંડમાં દાભ મુકવો. અને કન્યાની માતા પાસે ઘરમાંથી અગ્ની મંગાવવો. અને નીચેના મંત્રથી આહ્વાહન કરવું.

ॐ ॐ ॐ ॐ रं रं रं रं अग्निकुमार देव आगच्छागच्छ स्वाहा ॥

પછી થાળીમાં દેવતા લાવે એટલે નીચેનાં મંત્રથી સ્થાપન કરવું.

ॐ ॐ ॐ ॐ रं रं रं रं अग्निं स्थापयामि स्वाहा ।

પછી ઉપર દાભની પુળી મુકી ઘીની ધાર પાડી અગ્નિ પ્રજવલિત કરવો. પીપળાનાં લાકડાં સારી રીતે અગ્નિ સળગે એટલાં ગોઠવવાં અને બાકીની સમીધાઓ મુકવી. પછી નીચેનો અર્ઘ વર કન્યા પાસે કુંડમાં અપાવવો.

श्री तीर्थनाथपरिनिर्वृत्तिपूज्यकाले आगत्य वह्निसुरपामुकुटोल्लसद्भिः ॥ वह्निव्रजैर्जिनपदेहमुदारभक्त्या । देहुस्तदग्निमहमर्चयितुं दधामि ॥

ॐ ह्रीं तीर्थंकरकुंडे गार्हपत्याग्नयेऽर्घ्यं निर्वपामि ॥

પછી ગોરે હોમનો સર્વ સામાન તૈયાર રાખી મૌન ધારણ કરવું એટલે બોલવુ વાતચીત કરવી નહિ. આહુતી વરકન્યા પાસે અપાવવી અગર ગોરે પોતે આપવી. ઘી સરવાથી નાખવું. ને બીજી વસ્તુઓ હાથથી નાખવી.

હવે નીચેના મંત્રથી પંદર વખત તર્પણ કરવું. અને આચમન કરવી પ્રાણાયામ કરવો.

प्राणायाम मंत्र-

ॐ भूर्भुवः स्वः स्वाहा अ सि आ उ सा अर्हं प्राणायामं करोमि स्वाहा ॥

तर्पणमंत्र.

ॐ ह्रां अर्हद्भ्यः स्वाहा ॥ ॐ ह्रीं सिद्धेभ्यः स्वाहा ॥ ॐ ह्रूं सूरिभ्यः स्वाहा ॥ ॐ ह्रौं पाठकेभ्यः स्वाहा ॥ ॐ ह्रः सर्व साधुभ्यः स्वाहा ॥ ॐ ह्रीं जिनधर्मेभ्यः स्वाहा ॥ ॐ ह्रीं जिनागमेभ्यः स्वाहा ॥ ॐ ह्रीं जिनचैत्येभ्यः स्वाहा ॥ ॐ ह्रीं जिनचैत्यालयेभ्यः स्वाहा ॥ ॐ ह्रीं सम्यग्दर्शनेभ्यः स्वाहा ॥ ॐ ह्रीं सम्यग्ज्ञानेभ्यः स्वाहा ॥ ॐ ह्रीं सम्यक्चारित्रेभ्यः स्वाहा ॥ ॐ ह्रीं सम्यक्तपोभ्यः स्वाहा ॥ ॐ ह्रीं

अस्मद्गुरुभ्यः स्वाहा ॥ ॐ ह्रीं अस्मद्विद्यागुरुभ्यः स्वाहा ॥

એ મંત્રોથી પુષ્પ ને જળની અંજલી આપવી. પછી દશ દિક્પાલ ને સાત ધાન્યથી આહુતી આપવી અને ત્રણ ધાન્યથી નવ ગ્રહને આહુતી ૯ આપવી. પછી નીચેના મંત્રથી ૧૧૨ આહુતી આપવી. વચ્ચે કામ્ય મંત્રથી ઘીની આહુતી આપવી અને દરેક મંત્રથી હોમ દ્રવ્ય તથા ઘીની આહુતી આપવી.

पीठिकामंत्र.

ॐ सत्यजाताय नमः ॥ ॐ अर्हज्जाताय नमः ॥ ॐ परमजाताय नमः ॥ ॐ अनुपमजाताय नमः ॥ ॐ स्वप्रधानाय नमः ॥ ॐ अचलाय नमः ॐ अक्षयाय नमः ॥ ॐ अव्याबाधाय नमः ॥ ॐ अनंतज्ञानाय नमः ॥ ॐ अनंतदर्शनाय नमः ॥ ॐ अनंतवीर्याय नमः ॥ ॐ अनंतसुखाय नमः ॥ ॐ नीरजसे नमः ॥ ॐ निर्मलाय नमः ॥ ॐ अच्छेद्याय नमः ॥ ॐ अभेद्याय नमः ॥ ॐ अजराय नमः ॥ ॐ अमराय नमः ॥ ॐ अप्रमेयाय नमः ॥ ॐ अगर्भवासाय नमः ॥ ॐ अक्षोभ्याय नमः ॥ ॐ अविलीनाय नमः ॥ ॐ परमघनाय नमः ॥ ॐ परमकाष्ठायोगरूपाय नमः ॥ ॐ लोकाग्रवासिने नमो नमः ॥ ॐ परम-

सिद्धेभ्यो नमो नमः ॥ ॐ अर्हत्सिद्धेभ्यो नमो नमः ॥ ॐ केवलिसिद्धेभ्यो नमो नमः ॥ ॐ अंतः कृत्सिद्धेभ्यो नमो नमः ॥ ॐ परंपरासिद्धेभ्यो नमो नमः ॥ ॐ अनादि परंपराभ्यो नमो नमः ॥ ॐ अनाद्यनुपम सिद्धेभ्यो नमो नमः ॥ ॐ हे सम्यग्दृष्टे हे सम्यग्दृष्टे हे आसनभव्य हे निर्वाणपूजार्ह हे निर्वाणपूजार्ह अर्घ्यं स्वाहा ॥

એ... તે ૩૩ આહુતી આપી કામ્યમંત્રથી ધીની આહુતી આપવી અને પુષ્પ લઇ સભાના માણસો ઉપર ફેંકવા.

कामयमंत्र—

सेवाफलं षट् परमस्थानं भवतु ॥ अपमृत्युविनाशनं भवतु ॥ समाधिमरणं भवतु ॥

ज्ञानमंत्र.

ॐ सत्यजन्मनः शरणं प्रपद्यामि ॥ ॐ अर्हन्मातुः शरणं प्रपद्यामि ॥ ॐ अर्हत्सुतस्य शरण प्रपद्यामि । ॐ अनादिगमनस्य शरणं प्रपद्यामि ॥ ॐ अनुपम जन्मनः शरणं प्रपद्यामि ॥

ॐ रत्नत्रयस्य शरणं प्रपद्यामि ॥ ॐ हे सम्यग्दृष्टे हे सम्यग्दृष्टे हे ज्ञानमूर्ते हे ज्ञानमूर्ते हे सरस्वति हे सरस्वति स्वाहा ॥

એવી રીતે ૮ આહુતી આપી કામ્યમંત્રથી ૨ આહુતી આપવી. અને પુષ્પ ફેંકવાં (ઉપરનો સેવાફ૦ ઇત્યાદી મંત્ર બોલવો)

निस्तारक मंत्र.

ॐ सत्य जाताय स्वाहा ॥ ॐ अर्हज्जाताय स्वाहा ॥ ॐ षट्कर्मणे स्वाहा ॥ ॐ ग्रामपतये स्वाहा ॥ ॐ अनादिश्रोत्रियाय स्वाहा ॥ ॐ स्नातकाय स्वाहा ॥ ॐ श्रावकाय स्वाहा ॥ ॐ देवब्राह्मणाय स्वाहा ॥ ॐ सुब्राह्मणाय स्वाहा ॥ ॐ अनुपमाय स्वाहा ॥ ॐ सम्यग्दृष्टे सम्यग्दृष्टे निधिपते निधिपते वैश्रवण वैश्रवण स्वाहा ॥

એવી રીતે ૧૧ આહુતી આપી કામ્યમંત્ર ઉપરનો ઉચ્ચારી ૨ આહુતી આપી પુષ્પ ફેંકવા.

ऋषि मंत्र.

ॐ सत्यजाताय नमः ॥ ॐ अर्हज्जाताय नमः ॥ ॐ निर्ग्रन्थाय नमः ॥ ॐ वीतरागाय नमः ॥ ॐ महाव्रताय नमः ॥ ॐ त्रिगुप्ताय नमः ॥ ॐ महायोगाय नमः। ॐ विविधयोगाय नमः ॥ ॐ विविधर्द्धये नमः ॥ ॐ अंगधराय नमः ॥ ॐ पूर्वधराय नमः ॥ ॐ गणधराय नमः ॥ ॐ परमर्षिभ्यो नमो नमः ॥ ॐ अनुपमजाताय नमो नमः ॥ ॐ सम्यग्दृष्टे सम्यग्दृ-

ष्टे भूपते भूपते नगरपते नगरपते कालश्रमण काल-
श्रमण स्वाहा ॥

એવી રીતે ૧૫ આહુતી આપી ઉપરના કામ્ય મંત્રથી ઘીની આહુતી ૨ આપવી અને પુષ્પ ફેંકવા.

सुरेंद्र मंत्र.

ॐ सत्यजाताय स्वाहा ॥ ॐ अर्हज्जाताय स्वाहा ॥ ॐ दिव्यजाताय स्वाहा ॥ ॐ दिव्यार्चिर्जाताय स्वाहा ॥ ॐ नेमिनाथाय स्वाहा ॥ ॐ सौधर्माय स्वाहा ॥ ॐ कल्पाधिपतये स्वाहा ॥ ॐ अनुचराय स्वाहा ॥ ॐ परं परेन्द्राय स्वाहा ॥ ॐ अहमिंद्राय स्वाहा ॥ ॐ परमार्हताय स्वाहा ॥ ॐ अनुपमाय स्वाहा ॥ ॐ सम्यग्दृष्टे सम्यग्दृष्टे कल्पपते कल्पपते दिव्यमूर्ते दिव्यमूर्ते वज्रनामन् वज्रनामन् स्वाहा ॥

એવી રીતે ૧૩ આહુતી આપવી. પછી ઉપરના કામ્ય મંત્રથી એક આહુતી આપવી. અને પુષ્પ નાંખવાં.

परमराजादि मंत्र.

ॐ सत्यजाताय स्वाहा ॥ ॐ अर्हज्जाताय स्वाहा ॥ ॐ अनुपमेन्द्राय स्वाहा ॥ ॐ विजयार्च्यजाताय स्वाहा ॥ ॐ नेमिनाथाय स्वाहा ॥ ॐ परम-

जाताय स्वाहा ॥ ॐ परमार्हताय स्वाहा ॥ ॐ अनुपमाय स्वाहा ॥ ॐ सम्यग्दृष्टे सम्यग्दृष्टे उग्रतेजः उग्रतेजः दिशांजन दिशांजन नेमिविजय नेमिविजय स्वाहा ॥

એવી રીતે ૯ આહુતિ આપવી અને પછી ઉપરના કામ્ય મંત્રથી ઘીની આહુતી ૨ આપવી અને પુષ્પ ફેંકવા.

परमेष्ठि मंत्र.

ॐ सत्यजाताय नमः॥ ॐ अर्हज्जाताय नमः॥ ॐ परमजाताय नमः॥ ॐ परमार्हताय नमः॥ ॐ परमरूपाय नमः॥ ॐ परमतेजसे नमः॥ ॐ परमगुणाय नमः॥ ॐ परमस्थानाय नमः॥ ॐ परमयोगिने नमः॥ ॐ परमभाग्याय नमः॥ ॐ परमर्द्धये नमः॥ ॐ परमप्रसादाय नमः॥ ॐ परमकांक्षिताय नमः॥ ॐ परमविजयाय नमः ॥ ॐ परमविज्ञानाय नमः ॥ ॐ परमदर्शनाय नमः ॥ ॐ परमवीर्याय नमः ॥ ॐ परमसुखाय नमः॥ ॐ परम सर्वज्ञाय नमः॥ ॐ अर्हते नमः॥ ॐ परमेष्ठिने नमो नमः ॥ ॐ परमनेत्रे नमो नमः ॥ ॐ सम्यग्दृष्टे सम्यग्दृष्टे त्रैलोक्यविजय त्रैलोक्यविजय धर्ममूर्त्ते धर्ममूर्त्ते धर्मनेमे धर्मनेमे स्वाहा॥

એવી રીતે ૨૩ આહુતિ આપવી અને પછી ૨ આહુતિ કામ્ય મંત્રથી ઘીની આપવી. અને ફરી ૧ આહુતિ કામ્ય મંત્રની આપવી. (એવી રીતે ૩૩+૮+૧૧+૧૫+૧૩+૫+૨૩=૧૧૨ આહુતિ અને કામ્ય મંત્રની આહુતિ ૧૫ મળીને ૧૨૭ આહુતિ આપી હોમ પૂર્ણ કરવો. આ સિવાય વધુ આહુતિ આપી હોમ મોટો કરવો હોય તો કરી શકાય. તે વખતે લવંગથી ૧૦૮ આપવી.

लाजा होम (मंगलफेरा)

હવે વર કન્યાને ઉભાં કરવાં અને કન્યાના ભાઇએ કન્યાના જમણા હાથમાં પાન મુકી અક્ષત, દાભ, ડાંગર મુકવા અને તે હાથ વરના જમણા હાથમાં આપવો. તે વખતે ગૃહસ્થાચાર્યે નીચેનો મંત્ર બોલવો. કન્યાનો હાથ નીચે ને વરનો હાથ ઉપર રાખવો ને કપડું વીંટવું.

भगोर्यमसवितृभ्यो नमः। वित्तसौम्यगुणैर्युक्ता वीरसूर्जीवसुर्भव ॥ कुले मदीये सम्राज्ञि चित्तानुगता सदा ॥

પાછળના મંગલાષ્ટકથી કુંડની પ્રદક્ષિણા ફેરવવી તેમાં કન્યાને આગળ અને વરને પાછળ રાખવો. પ્રદક્ષિણા પુરી થયે નીચેના મંત્રથી દાભ. ડાંગર, કુંડમાં હોમવાં.

ॐ अर्यमणं देवं कन्यामाग्निमयक्षत । सनोअर्यमादेवः प्रेतोमुश्चतुमापते स्वाहा ॥

ભાવાર્થ—મારે પતિથી કોઇ દિવસ વિયોગ ન થાય એવા હેતુથી અગ્નિ સ્વરૂપ સૂર્યને હું પુજું છું. પછી ફરી ઉપરની માફક પ્રદક્ષિણા ફેરવી નીચેના મંત્રથી દાભ, ડાંગર કુંડમાં હોમવાં.

इयं नार्युप ब्रूयते लाजानावपन्तिका: । आयुष्मानस्तमे पतिरे धत्तां ज्ञातयो मम स्वाहा ॥

ભાવાર્થ—હું લાજને ફેંકતી બોલું છું કે મારો પતિ આયુષ્માન થાઓ અને મારી જ્ઞાતિ વૃદ્ધિ આપો. પછી ફરી ઉપરની માફક પ્રદક્ષિણા ફેરવી નિચેના મંત્રથી દાભ, ડાંગર કુંડમાં હોમવાં.

इमांल्लाजानावपाम्यग्नौ समृद्धिकरणं तव । मम तुभ्यं च संवद्नं तदग्निरनुमन्य तामिय स्वाहा ।

ભાવાર્થ=હે પતિ ! તારી સમૃદ્ધિને અર્થે હું અગ્નિમાં લાજીને ફેંકું છું. અને હું તારા હૃદયમાં સ્થાન પામું એમાં અગ્નિ મને અનુમોદન આપો.

ત્રીજા મંગળ પછી કન્યાને ચોથા મંગલની કાપડી (કાંચળી) કે જે વર તરફથી આવેલી છે તે વર તરફની સ્ત્રીએ પહેરાવવી. પછી ફરીથી કન્યાના ભાઇ દ્વારા દાભ ડાંગર મુકાવી હસ્ત જોડીને પ્રદક્ષિણા ફેરવવી. તેમાં વરને આગળ કરવો અને કન્યાને પાછળ રાખવી. પછી

ॐ ह्रां ह्रीं ह्रूं ह्रौं ह्र: अ सि आ उ सा स्वाहा ॥

એ મંત્રથી દાભ ડાંગર કુંડમાં નાખવાં. અને કન્યાને વરના જમણા હાથ તરફ બેસાડવી. કારણ કે—ચોથું મંગલ થયા પછીજ તેને જમણે હાથ બેસવાનું મળે છે.

ઉપરના મંગલ ફેરામાં મંગલાષ્ટકનો ઉચ્ચાર ગૃહસ્થાચાર્યે કરવો.

હવે વરે કહેવું કે.

ॐ भगवने हस्तमग्रभीत् । सविता हस्तमग्रभीत् । पत्नीत्वमसिधर्मणाहं गृहपतिस्तव ॥

ભાવાર્થ-હે પ્રિયે! ઐશ્વર્ય યુક્ત હું તારા હાથને ગ્રહણ કરૂં છું. તેમજ હું તારો હાથ ગ્રહણ કરી ચુકયો છું. તું ધર્મે કરી મારી પત્ની છે અને હું ધર્મે કરી તારો ગૃહપતિ છું.

ममेयमस्तु पोषामह्यं त्वादाद्‌बृहस्पतिः मया पत्या प्रजावतिशंर्जीवशरदः शतम् ॥

ભાવાર્થ=હે સ્ત્રી! તને મારૂં જે અર્પણ કર્યું છે, એવી તું આખા જગતભરમાં મારી પોષણ કરવા યોગ્ય સ્ત્રી છે. હે પ્રજાવતી! તું હું પતિની સાથે સો શરદ ઋતુ પર્યંત સુખપૂર્વક જીવન ગાળ.

જે દેશમાં સાત મંગલનો ચાલ હોય ત્યાં તેમ કરવું, પણ ચાર ઉત્તમ કહેવાય છે.

सप्तपदी।

હવે ગૃહસ્થાચાર્યે કુંડની પાસે ડાંગરની સાત ઢગલી કરી તેને સાત પરમસ્થાન ધારવાં. અને નીચેના મંત્રથી સંકલ્પ કરી પૂજન કરવું.

ॐ अस्मिन् जंबूद्वीपे भरतक्षेत्रे गुर्जरदेशे अमुकनग्रे अमुकवर्षे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ प्रतिगृहीतस्वदारत्वसिद्ध्यर्थं सप्तपरमस्थानपूजनं करिष्ये ।

એમ કહી સંકલ્પ કરાવવો. પછી

ॐ सप्तपरमस्थानेभ्यो नमः ॥

એ મંત્રથી અષ્ટક આપી અર્ઘ આપવો.

પછી કન્યાએ વરનો જમણો અંગુઠો (પગનો) ઝાલી તે ઢગલી ભાગી નાખવી. તે વખતે નીચેનો મંત્ર બોલવો.

ॐ सज्ज्ञातये स्वाहा ॥१॥

ॐ सद्गृहस्थाय स्वाहा ॥२॥

ॐ परमसाम्राज्याय स्वाहा ॥३॥

ॐ परमपारिव्राज्याय स्वाहा ॥४॥

ॐ परमसुरेंद्राय स्वाहा ॥५॥

ॐ परमार्हन्त्याय स्वाहा ॥६॥

ॐ परमनिर्वाणाय स्वाहा ॥७॥

એવી રીતે સાત મંત્રોથી સાત સ્થાન ઓળંગવાં. પછી નીચેની પ્રતિજ્ઞાઓ ગોરે બોલવી અગર કન્યાને આવડે તો કન્યાએ બોલવી. (આ પ્રતિજ્ઞા કેટલીક જગ્યાએ લેવરાવતા નથી પણ લેવરાવવી જોઇએ કારણકે તેનાથી ગૃહસ્થનાં બંધારણ મજબુત બંધાય છે અને વર વધુ પોતાના ધર્મ સમજે છે.)

सुखदुःखानि सर्वाणि त्वया सह विभज्ये। यत्र त्वं तदहं तत्र प्रथमे साब्रवीदिदम् ॥

ભાવાર્થ—મારા સુખ દુઃખનો સંબંધ તારી સાથે કરવામાં આવે છે, જેથી જ્યાં તું ત્યાં હું એવી હું પ્રથમ પગલે પ્રતિજ્ઞા કરૂં છું.

कुटुम्बं रक्षयिष्यामि आवृद्धबालकादिकम् ।
अस्ति नास्तीतिपश्यामि द्वितीये साब्रवीदिदम् ॥

ભાવાર્થ—હું તારા કુટુંબમાં બાળકથી વૃદ્ધ સુધીનું રક્ષણ કરીશ. અને આગળ પાછળની તપાસ રાખીશ. એવી હું બીજે પગલે પ્રતિજ્ઞા કરૂં છું

भर्तृभक्तिरता नित्यं सदैवप्रियभाषिणी।
भविष्यामि पदे चैव तृतीये साब्रवीदिदम् ॥

ભાવાર્થ-ભરથાર કહેતાં તમે તે તમારી ભક્તિ કરવામાં નિત્ય પ્રીતિ રાખીશ અને પ્રિય બોલનારી થઇશ એવી હું ત્રીજે પગલે પ્રતિજ્ઞા લઉં છું.

आर्ते आर्त्ता भविष्यामि सुखदुःखविभागिनी।
तवाज्ञां पालयिष्यामि कन्या तूर्यपदे ब्रवीत् ॥

ભાવાર્થ-તારા દુઃખે દુઃખી અને તારી દુઃખ અને સુખ બંનેમાં હું ભાગીદાર થઇશ. અને સદા એ તારી આજ્ઞાનું પાલન કરીશ, એવી હું ચોથે પગલે પ્રતિજ્ઞા કરું છું.

ऋतुकाले शुचिःस्नात्वा क्रीडिष्यामि त्वया सह।
नाहं परतरं गच्छे कन्यापंचपदे ब्रवीत् ॥

ભાવાર્થ-ૠતુકાળે (રજોદર્શન સમયે) સ્નાન કરી શુદ્ધ થઇ ગૃહસ્થાશ્રમના નિયમ પ્રમાણે હું તારી સાથે ક્રીડા કરીશ અને બીજા પુરૂષની પાસે કદી પણ જઇશ નહિ. (બીજા પુરૂષને ભાઇ બાપ સમાન ગણીશ.) એવી હું પાંચમે પગલે પ્રતિજ્ઞા કરું છું.

इहाथशाक्षिणो सिद्धस्त्वयाहं नैव वञ्चिता।
उभयोः प्रीतिरत्यन्ता कन्याषष्टपदे ब्रवीत् ॥

ભાવાર્થ-આ જગ્યાએ આપના બંન્ને શાક્ષી પરમાત્મા છે. અને તેં મને છેતરી નથી એમ મને ખાત્રી છે. (એટલેકે-તેં મનમાં દગો રાખી આ સંબંધ જોડયો નથી એમ મને ખાત્રી છે.) અને આપણી પ્રીતિ દ્રઢ છે, એવી હું છઠ્ઠા પગલે પ્રતિજ્ઞા કરું છું.

होमयज्ञादिकार्येषु भवामि च सहायिनी ।
धर्मार्थकामकार्येषु कन्यासप्तपदे ब्रवीत् ॥

ભાવાર્થ-જિન પૂજા, હોમ વગેરે કાર્યોમાં તને સહાયતા કરીશ. તેમજ ધર્મ અર્થ કામ વગેરેમાં પણ સહાય કરીશ એવો હું સાતમે પગલે પ્રતિજ્ઞા કરૂં છું.

પછી વરે નીચે મુજબ બોલવું.

કરૂં પ્રતિજ્ઞા એટલી, જાણ તું સાચો સ્નેહ;
હસ્ત ગ્રહ્યો મેં તાહરો, પાળું જીવ લગી એહ.
કરૂં કદિ ન કુદ્રષ્ટિને, ધર્મ સાક્ષિ આચાર;
અવર નાર ઇચ્છું નહિ, સત્ય કહું નિરધાર;
લેઉં સાથ જિન યજ્ઞમાં, વર્તું ધર્મ ગૃહસ્થ;
અળગી કદી કરૂં નહીં. રહીયે વહુ વર સાથ.

ઉપરનાં વાક્યો શાસ્ત્રોક્ત નથી પણ આ જગ્યાએ યોગ્ય લાગવાથી ગોઠવ્યાં છે. જેને ન બોલાવવાં હોય તેને કંઇ હરકત નથી.

પછી વરવધુ ઉભાં રહે એટલે ગૃહસ્થાચાર્યે નીચેના પુણ્યાહવાચન મંત્રો દ્વારા નાગરવેલના પાનથી જળ છાંટવું. અને શાંતિ કરવી. (પુણ્યાહવાચનમાં પહેલાં જે મંગલ કલશ સ્થાપેલો છે તે લેવો) વેદી ઉપર જળ છાંટવું પણ સિદ્ધ વિગેરેના સ્થાપનમાં પડવા દેવું નહિ. આ વિધિને હાલમાં તાંબુલ છાંટણાં કહે છે, પણ તે બહુજ કઢંગી રીતે કરે છે, જેથી સુધારવો જોઇએ.

પુણ્યાહવાચન.

પ્રથમ નીચેના મંત્રથી વર કન્યા ઉપર જળ છાંટવું. (આ વિધિને અભિષેક પણ કહે છે.)

यत्ते केशेषु दौर्भाग्यं सीमंतेयच्चमूर्धनि-
ललाटेकर्णयोरक्ष्णोरापोनिघ्नन्तु तेसदा।

પછી નીચેનું પુણ્યાહવાચન ભણવું.

ॐ पुण्याहं पुण्याहं। लोकोद्योतनकरा अतीत-
कालसंजाता निर्वाणसागरमहासाधु विमलप्रभ
शुद्धाभ श्रीधर सुदत्तामलप्रभोद्धराग्नि सन्मति-
शिवकुसुमांजलिशिवगणोत्साहज्ञानेश्वर परमेश्वर
विमलेश्वर यशोधर कृष्ण ज्ञानमति शुद्धमति श्री
भद्रशांताश्चेति चतुर्विंशतिभूतपरमदेवाश्च वः प्री-
यंतां प्रीयंतां ॥ धारा ॥१॥

ॐ संप्रतिकालश्रेयस्करस्वर्गावरणजन्माभि-
षेकपरिनिष्क्रमणकेवलज्ञाननिर्वाणकल्याणविभूति
विभूषितमहाभ्युदयाः श्रीवृषभाजितसंभवाभिनं-
दन सुमति पद्मप्रभ सुपार्श्व चंद्रप्रभ पुष्पदंत
शीतलश्रेयो वासुपूज्य विमलानंतधर्म शांति
कुंथ्वरमल्लि मुनिसुव्रत नमिनेमि पार्श्व वर्द्धमाना-
श्चेति चतुर्विंशति वर्त्तमानपरम देवाश्च वः। प्रीयंतां।
प्रीयंतां धारा ॥ २ ॥ ॐ भविष्यत्कालाभ्युदयप्रभवाः
महापद्म देव सुप्रभ स्वयंप्रभ सर्वायुध जयदेवोदय

देवप्रभादेवोदंकदेव प्रश्नकीर्ति जयकीर्ति पूर्णबुद्ध निष्कषाय विमलप्रभ बहल निर्मल चित्रगुप्त समाधिगुप्त स्वयंभू कंदर्प, जयनाथ, विमलनाथ दिव्यवागनंतवीर्याश्चेति चतुर्विंशतिभविष्यत्परमदेवाश्च वः प्रीयंतां प्रीयंतां धारा ॥३॥ ॐ त्रिकालवर्त्ति परमधर्माभ्युदयाः सीमंधर युग्मंधर बाहु सुबाहु संजातक स्वयंप्रभ ऋषभेश्वर अनंतवीर्य विशालप्रभ वज्रधर चंद्रानन चंद्रबाहु भुजंगेश्वर नेमप्रभु वीरसेन महाभद्र यशोभद्र जयदेवाजितवीर्याश्चेति पंच विदेहक्षेत्रविहरमाणाविंशति परमदेवाश्च वः प्रीयंतां। प्रीयंतां धारा ॥ ४ ॥

ॐ वृषभसेनादिगणधरदेवा वः प्रीयंतां। प्रीयंतां। धारा ॥ ५ ॥

ॐ कोष्ठबीजपादानुसारिबुद्धिसंभिन्नश्रोत्रप्रज्ञाश्रवणाश्च वः प्रीयंतां प्रीयंतां धारा ॥६॥

ॐ आमर्षक्ष्वेऽजल्लविड्डुत्सर्गासर्वौषधयश्च वः प्रीयंतां। प्रीयंतां धारा ॥ ७ ॥

ॐ जलफलजंघातंतुपुष्पश्रेणिपत्राग्निशिखाकाशचारणाश्च वः प्रीयंतां। प्रीयंतां। धारा ॥ ९ ॥

ॐ आहाररसवद्क्षीणमहानसालयाश्च वः प्रीयंतां प्रीयंतां धारा ॥ ९ ॥

ॐ उग्रदीप्ततप्तमहाघोरानुपमतपश्च वः प्रीयंतां॥ प्रीयंतां । धारा ॥ १० ॥

ॐ मनोवाक्कायबलिनश्च वः प्रीयंतां प्रीयंतां। धारा ॥ ११ ॥

ॐ क्रियाविक्रियाधारिणश्च वः प्रीयंतां। प्रीयंतां। धारा ॥ १२ ॥

ॐ मतिश्रुतावधिमनःपर्ययकेवलज्ञानिनश्च वः प्रीयंतां प्रीयंतां धारा ॥ १३ ॥

ॐ अंगांगबाह्यज्ञानदिवाकराः कुंदकुंदाद्यनेक-दिगंबरदेवाश्च वः प्रीयंतां प्रीयंतां धारा ॥ १४ ॥

ॐ जयाविजयाअजिताअपराजिताजम्भामोहास्तम्भिन्यश्चेति अष्टमहादेवताश्च वः प्रीयंतां प्रीयंतां । धारा ॥ १५ ॥

ॐ श्री ह्री धृति कीर्त्ति बुद्धि लक्ष्मी शान्ति पुष्टयश्चेति अष्टदिक्कन्यकाश्च वः प्रीयंतां प्रीयंतां। धारा ॥ १६ ॥

ॐ इंद्रअग्नियमनैऋत्यवरुणवायुकुबेरईशानध-रणेंद्रसोमाश्चेति दशदिक्पालकाश्च वः प्रीयंतां। प्रीयंतां धारा ॥ १७ ॥

ॐ इह वान्यनगरग्रामदेवतामनुजाः सर्वे गुरु-भक्ताः जिनधर्मपरायणः भवंतु॥ धारा १८ ॥

दानतपोवीर्यानुष्ठानं नित्यमेवास्तु ॥ धारा ॥ १९॥

નીચેના મંત્રથી વર કન્યા ઉપર જળ છાંટવું.

मातृपितृभ्रातृपुत्रपौत्रकलत्रसुहृत्स्वजनसंबंधि-बंधुसहितस्यामुकस्यैते धनधान्यैश्वर्यबलद्युतियशाः प्रमोदोत्सवाः प्रवर्द्धंतां ॥ धारा ॥ २० ॥

शान्ति धारा (ચાલુ રાખવી.)

तुष्टिरस्तु। पुष्टिरस्तु। वृद्धिरस्तु। कल्याणमस्तु। अविघ्नमस्तु। आयुष्यमस्तु। आरोग्यमस्तु। कर्म-सिद्धिरस्तु। इष्टसंपत्तिरस्तु। काममांगल्योत्स-वाः सन्तु। पापानि शाम्यंतु। घोराणि शाम्यंतु। पुण्यं वर्द्धताम्। धर्मो वर्द्धताम्। श्रीर्वर्द्धताम्। कुलं गोत्रं चाभि वर्द्धताम्। स्वस्ति भद्रं चास्तु। क्ष्वीं क्ष्वीं

---

१. (વરનું નામ બોલવું.)

हूं सः स्वाहा ॥ श्रीमज्जिनेंद्रचरणारविन्देष्वानंदभक्ति सदाऽस्तु धारा ॥

એવી રીતે બોલી મંગલ કલશમાંથી ધારા છોડવી.

(આ સિવાય જેને મોટું 'પુણ્યાહવાચન કરવું' હોય તેણે અમારા તરફથી બાહાર પડનારા શ્રી જૈન મહાપુજન વિધાનના ગ્રાહક થવું, જે થોડા વખતમાં બહાર પડશે.) પછી વર કન્યાએ સિદ્ધ ભગવાનને અષ્ટાંગ નમસ્કાર કરવાં. પછી નીચે મુજબ કંસાર જમાડવો.

चतुर्थकर्म. (कंसार जमाडवो.)

હવે કન્યાની માએ ૧ હાથમાં કંસારનું પાસણુ અને બીજા હાથમાં ઘીની વાટી લઇ કંસાર પીરસવા આવવું તે વખતે ગોરે બોલવું કે--"કન્યાની માડી કંસારની થાલી; માથે મોડ હાથમાં વાટી, કંસાર પીરસવા આવે કન્યાની માડી" એ પ્રમાણે બોલવું. બીજી ખાલી થાળીમાં કંકુના છાંટા નંખાવી ચાર વાર છતે હાથે કંસાર પીરસાવવો. અને પછી ચાર વાર ઘી પીરસાવવું. પીરસાવતી વખતે ગોરે નીચેનો મંત્ર બોલવો.

सुमुहूर्तं क्षेमं कल्याणं आरोग्यं ऐश्वर्यं निर्विघ्नेन शुभं भवतु ॥

પછી અગ્નિમાં નીચેના મંત્રથી કંસારની એક આહુતી આપવી.

ॐ प्रजापतये नमः । इदं प्रजापतये नमः ॥

પછી વરે વધુને ચાર વખત કંસાર ખવરાવવો. અને કન્યાએ વરને પણ તેટલાજ વખત ખવરાવવો. પછી કન્યાની માતાએ હાથ ધોવરાવવા, અને ચાર સૌભાગ્યવંતી સ્ત્રીઓએ બંન્નેને ચોખાથી

વધાવવાં, અને કન્યાને સૌભાગ્યવંતીનો આશીર્વાદ આપવો. પછી નીચે મુજબ શાંતિ કરવી. તે વખતે વર કન્યાએ પુષ્પની વૃષ્ટિ કરવી.

શાંતિ પાઠ.

चिद्रूपभावमनवद्यमिमं त्वदीयं ।
ध्यायंति यं सदुपधिव्यतिहारमुक्तं ॥
नित्यं निरंजनमनादिमनंतरूपं ।
तेषां महांसि भुवनत्रितये लसंति ॥
ध्येयस्त्वमेव भवपंचतयप्रकार- ।
निर्नाशकारणविधौ निपुणत्वयोगात् ॥
आत्मप्रकाशकृतलोकतदन्यभाव- ।
पर्यायविस्फुरणकृत्परमोऽसि योगी ॥२॥
त्वन्नाममंत्रधनमुद्धतजन्मजान- ।
दुष्कर्मदावमभिशम्य शुभांकुराणि ॥
व्यापादयत्यतुलभक्तिसमृद्धिभांजि ।
स्वामिन्यतोऽसि शुभदः शुभकृत्त्वमेव ॥३॥
त्वत्पादतामरसकोषनिवासमास्ते ।
चित्तद्विरेफसुकृती मम यावदीश ॥
तावच्च संसृतिजकिल्विषतापशापः ।
स्थानं मयि क्षणमपि प्रतियाति कश्चित् ॥४॥

त्वन्नाममंत्रमनिशं रसनाग्रवर्ति ।
यस्यास्ति मोहमदघूर्णननाशहेतु ॥
प्रत्यूहराजिलगणोद्भवकालकूट- ।
भीतर्हि तस्य किमु संनिधिमेति देव ॥५॥
तस्मात्त्वमेव शरणं तरणं भवाब्धौ ।
शांतिप्रदः सकलदोषनिवारणेन ॥
जागर्त्ति शुद्धमनसा स्मरतां यतो मे ।
शांतिः स्वयं करतले रभसाभ्युपैति ॥६॥

એવી રીતે પુષ્પાંજલી આપીને પછી વિનાયક પૂજનો અર્થ વર વધુ પાસે ચડાવરાવવો. પછી નીચેના મંત્રથી ગોર ઉપર પુષ્પ નાંખવાં.

जगति शांतिविवर्धनमर्हतां ।
प्रलयमस्तु जिनस्तवनेनप्र मे ॥
सुकृतबुद्धिरलंक्षमया युता ।
जिनवृषो हृदये मम वर्त्ततां ॥

એવી રીતે પુષ્પાંજલી અર્પણ કરી નીચેના મંત્રથી પૂજા વિસર્જન કરવાં અને જળ ધારા પાડવી.

ॐ ह्रीं अस्मिन् विवाहमांगल्यकर्मणि आहूयमानदेवगणाः स्वस्थानं गच्छंतु अपराधक्षमापनं भवतु ॥ धारा ॥ इत्याशीर्वादः

પછી સાસુ તથા સૌભાગ્યવંતી સ્ત્રીએ વર કન્યાની આરતી કરવી. આરતી થાળીમાં અક્ષત મુકી કપુર સળગાવી કરવી. પછી ગોરે નીચેના મંત્રથી વરને પુષ્પમાળા પહેરાવવી.

आरोग्यमस्तु चिरमायुरथो शचीव
शक्रस्य शीतकिरणस्य च रोहिणीव ॥
मेघेश्वरस्य च सुलोचनका यथैषा ।
भूयात्त्वमीप्सितसुखानुभवौघधात्री ॥१॥

પછી વરના પિતાએ ગોરને દ્રવ્યાદિક આપી સંતુષ્ટ કરવો. અને અન્ય જાચકને પણ દાન આપવું. વરવધુએ વડીલોને પ્રણામ કરવા. પછી વરના બાપે જાન સહિત પોતાના મુકામ પર જવું. વર કન્યાએ સાત દિવસ બ્રહ્મચર્ય પાળવું, પણ અવલોકન તથા પ્રેમની વાતચીતમાં કંઇ દોષ નથી.

कन्या ग्रहण [मायरुं]

લગ્ન દિવસને ચોથે દિવસે અગર શુભ મુહુર્તમાં વરે પોતાના સગાંવહાલાં સહિત કન્યાના પિતાને ઘેર જવું. ત્યાં કન્યાના પિતાએ વર તથા કન્યા બંન્નેને સ્નાન કરાવવું અને જિનેંદ્ર ભગવાનનો અભિષેક કરી પૂજન કરાવવું. પછી કન્યાના બાપે વરને જે પહેરામણી આપવાની હોય તે આપવી. તેમ બીજાં સગાં વહાલાંને આપવાની જે રીત હોય તે કરવી. પછી પૂજા વિસર્જન કરી કન્યાને વિદાય કરવી. એટલે વરના બાપે વર કન્યા સહિત પોતાના મુકામપર જવું. વચ્ચેના દિવસોમાં કન્યાના બાપે જાન જમણુ કરાવવું અને આ દિવસે વર-વાળાએ જાન તેમજ કન્યાના પિતાનાં સગાંવહાલાંને જમણુ કરાવવું.

વર કન્યા ઘેર આવે એટલે વરની માતાએ બંન્નેને તિલક કરી ચોખાથી વધાવી ઘરમાં લેવાં. અને વિનાયક યંત્રના સ્થાપન પાસે લઇ જઇ પૂજન કરાવવું. પછી કુલ દેવતાની સામે કંકણુ દોરા, છેડા ગાંઠણુ વીગેરે છોડાવવું. અને વિનાયક મંત્રનું વિસર્જન કરી વિધિ સહિત મંદિરમાં પધરાવી આવવું. તે દિવસે ગામમાંનાં દરેક જૈન મંદિરોમાં વર વહુએ દર્શન કરવાં. અને યથાશક્તિ દાન કરવું. પછી શુભ મૂહુર્તમાં કન્યાના પિતાએ કન્યાને પોતાને ઘેર તેડી જવી. તે વખતે કન્યાએ પણ પોતાને ત્યાંથી વિનાયક યંત્રને મંદિરમાં પધરાવી આવવું.

વધુ પ્રવેશ.

વિવાહથી સોળ દિવસ પછી અગર ત્યાર પછીના બેકીના દિવસે કોઇ શુભ મૂહુર્તમાં વરના પિતાએ પોતાનાં સગાં સહિત કન્યાના પિતાને ઘેર જવું. અને ત્યાં કન્યાના પિતાએ તેમનો યથોચિત સત્કાર કરવો. અને અર્હંત પૂજા કરવી અને અભિષેક કરવો. પછી યોગ્ય વસ્ત્રાભૂષણો આપી કન્યાને યોગ્ય સલાહ આપી વિદાય કરવી. કન્યા આવે એટલે વરની માતાએ તિલક કરી વધાવી લેવી. અને પછી ગૃહસ્થાચાર્યને બોલાવી અભિષેક સહિત જિનેંદ્ર દેવની પૂજા કરવી. તે દિવસ રાત્રિના બીજા કે ત્રીજા પહોરમાં ફક્ત સંતાન પ્રાપ્તિને માટેજ કામ સેવન કરવું. ત્યાર પછી રૂતુ કાળેજ સમાગમ કરવો અને આનંદમાં દિવસો વ્યતીત કરવા.

वर्णलाभ (गृहस्थधर्म प्रवेश) संस्कार १८.

લગ્ન થઈ ગયા પછી વર વધુને પિતાના ઘરમાં રહેવું પડે છે અને પરતંત્ર રહેવું પડે છે, જેથી તેમના ગૃહસ્થાશ્રમની સિદ્ધતા થતી નથી, જેથી શાસ્ત્રકારોએ વર્ણલાભ નામની ક્રિયા બનાવી છે. વિવાહ પછી શુભ મૂહુર્તમાં તેના પિતાએ ગામમાંથી પાંચ આબરૂદાર માણસોને બોલાવવા અને ગૃહસ્થાચાર્યને બોલાવી શ્રી જિનેંદ્ર ભગવાનનો અભિષેક કરી પૂજન કરવું. અને પુત્રને પોતાની મિલ્કત-માંથી યોગ્ય હીસ્સો કાઢી આપવો. અને કહેવું કે–હે પુત્ર! આ દ્રવ્ય લઇને તું તારા જુદા ઘરમાં સ્વતંત્ર પણે રહી આ લોકના સુખની પ્રાપ્તિને માટે ધર્મપૂર્વક ધન સંચય કર અને પારલૌકિક સુખની પ્રાપ્તિને માટે દાન પુજા વિગેરે ધાર્મિક કાર્યો કર અને ગૃહસ્થધર્મ શુદ્ધ રીતે ચલાવજે અને જે પ્રમાણે હમે હમારા પિતાએ આપેલા દ્રવ્યથી અને ઓખથી જેમ કીર્તિ અને પૈસા સંપાદન કર્યાં છે, તેજ પ્રમાણે તું પણ ધર્મ અને કીર્તિની સાથે ધન સંપાદન કર. પછી પુત્રે નમસ્કાર કરી કહેવું કે–હું આપની આજ્ઞા પ્રમાણે વર્તીશ. પછી પંચને યથોચિત સત્કાર કરી વિદાય કરવા, પરણેલા જોડાએ શ્રાવકના આચારમાં તત્પર રહેવું અને શ્રાવકનાં ષટ્ કર્મ કરવાં. સ્ત્રી પર પ્રેમ રાખવો. શાસ્ત્રના નિયમથી સમાગમ કરવો. આઠમ ચૌદશ પર્વના દિવસોમાં પવિત્રતા પાળવી. દિવસે મૈથુન કરવું નહિ. ધર્મભ્રષ્ટ થવું નહિ, એવી રીતે ગૃહસ્થ ધર્મમાં પ્રવેશ કરવો.

संस्कारविधान प्रथम भाग संपूर्ण ।

વા૦ ક૦–જેને આગળના ગૃહસ્થના ધર્મ, વૃદ્ધાવસ્થાનું કર્તવ્ય, શ્રાવકના આચાર, સુતક નિર્ણય, મૃત ક્રિયા વિગેરે જોવું હોય તો બીજા ભાગના ગ્રાહક થવા વિનંતી છે. પ્રકાશક.

આ ગ્રંથમાં અજ્ઞાનતાથી અગર સરત ચુકથી તેમ પ્રુફ સંશોધન વિગેરેમાં જે કંઇ ભુલ રહી ગઇ હોય તે માટે વિદ્વાન વાંચક ક્ષમા કરશે એમ આશા રાખું છું. વળી આ પુસ્તકમાં કહેલાં–અર્હંત પૂજા, સરસ્વતી પૂજા, અભિષેક જપાદિ દેવતા અર્ઘ વીગેરે આપ્યાં નથી તેનું કારણ ફક્ત એજ કે તે બધાં પુસ્તકો છપાઇ ગયા છે. અને ગ્રંથનું કદ વધી જાય જેથી આપ્યાં નથી. તે બાબતો તે પ્રકારના ગ્રંથોમાંથી જોઇ લેવા વિદ્વાનોને વિનંતી છે.

લી૦ જૈન જાતિ સેવક,

મોહનલાલ મથુરદાસ જૈન.

કાણીસા (ખંભાત)

સમાપ્ત

અગાઉથી ગ્રાહક થનારનાં મુબારક નામ.

પ્રત.	કાણીસા.
૫	શ્રીયુત્ શેઠ. હરગોવનદાસ જીવાભાઇ
૪	,, જેસંગભાઇ નાથાભાઇ
૩	,, નાગરદાસ જીવાભાઇ
૨	,, નારણદાસ નાથાભાઈ
૧૫	,, મથુરાદાસ કીલાભાઇ
૪	,, કીલાભાઇ તળસીદાસ
૨	,, વસ્તાભાઇ ઇશ્વરભાઇ
૨	,, ફુલચંદ કહાનચંદ
૨	,, બાબરભાઇ કીલાભાઇ
૨	,, ભીખાભાઇ બાપુજી
૧	,, કેશવલાલ ત્રિભોવનદાસ જૈન
૫	રા. રા. છોટાલાલ કસનદાસ પટેલ
૧	,, વહેરીભાઇ ફુલાભાઇ પટેલ
૧	જાની મુળશંકર જગજીવનદાસ
૧	શ્રીમદ્ પંડીત જેઠારામ લલ્લુભાઇ
	સાયમા
૪	શ્રીમાન્ શેઠ દેવચંદ જીવાભાઇ
૨	,, અંબાઇદાસ જીવાભાઇ
૨	,, લલ્લુભાઇ તળસીદાસ
૧	,, ફુલચંદ ભાઇજીભાઇ
૧	,, ત્રીભોવનદાસ જગજીવનદાસ કરમસદવાળા

માલાબાડા.

૧ શ્રીયુત. શેઠ પુંજાભાઇ દુલભદાસ

૧ ,, કેશવલાલ સોમચંદ

દેથળી.

૧ ,, બેચાભાઇ પરમાણંદદાસ

૧ ,, ભોગીલાલ મથુરદાસ

દાવોળ.

૫ ,, દામોદર ઇશ્વરદાસ

૧ ,, કેશવલાલ નારણદાસ

૧ ,, મોતીલાલ રાયચંદ

સોજીત્રા

૨૫ શ્રીમાન્ ગુરૂવર્ય શ્રી ૧૦૮ શ્રી આચાર્ય શ્રી રત્નકીર્તિ સ્વામી વક્ત મલખેડ

૨ શ્રીમાન્ આચાર્ય શ્રી સુરેંન્દ્રકીર્તિ સ્વામી ગાદી સુરત

૧ શ્રીયુત શેઠ. ઇશ્વરલાલ હ્લોચંદ

૧ ,, નાથાલાલ ચુનીલાલ

૧ ,, ભાઇલાલ કલ્યાણદાસ

માંજલપુર

૧ ,, મોતીલાલ ચીકાભાઇ

વડોદરા

૧ ,, જેસંગસા ગંગાદાસ

૧ ,, મથુરદાસ લાલચંદ

પ્રત.

પાટણ.

૨ જેઠાલાલ મયાસંકર પંડયા

જોળ.

૧ શ્રીમાન્ શેઠ. ત્રીભોવન ભીખાભાઇ

કરમસદ.

૧ ,, બાપરદાસ વલવદાસ
૧ ,, શીવલાલ જેસંગભાઇ
૧ ,, ખીમચંદ કીલાભાઇ
૧ ,, વસ્તાભાઇ ફુલચંદ

મહુવા.

૧ શ્રીમાન્ શેઠ. હરખચંદ ઝવેરચંદ
૧ શ્રીયુત પંડીત. માણેકલાલ મોહનલાલજી

મગરોળ.

૧ શ્રીમાન્ શેઠ. છગનલાલ બેચરદાસ

લીંબાસી.

૧ શ્રીયુત શેઠ. મોતીલાલ મથુરાદાસ

ડેસર.

૧ રા૦ રા૦ મગનભાઇ લલ્લુભાઇ પટેલ

અગોળ.

૧ ગીરજાસંકર દેવસંકર
૧ અંબાલાલ જગજીવન જાની

પ્રત.

બોમ્બાસા (આફ્રીકા)

૧ રા૦ રા૦ કીસોરભાઇ રણછોડભાઇ પટેલ

વડુ

૨ શ્રીમાન્ શેઠ. દેવચંદસા લાલચંદસા

વસો.

૧ ,, ચુનીલાલ રણછોડદાસ
૧ ,, મગનલાલ હલોચંદ
૧ ,, કેશવલાલ ચુનીલાલ
૧ ,, મગનલાલ ડાહ્યાભાઇ

નાર.

૧ ડૉ. ભાઇલાલ કપુરચંદ શાહ

ડભાકા.

૧ રા૦ રા૦ ચતુરભાઇ જેઠાભાઇ પટેલ

આમોદ.

૧ મોતીલાલ

પાવાગઢ.

૧૦ છગનલાલ હરીલાલ